ઓમ તુરરી.

સુબોધ વીચાર ભંડાર.

ભાગ પહેલો.

હીંદી ગુજરાતી તથા કચ્છી ભાષાંલો.

લેખક તથા પ્રકાશક

શા "ભગવાનદાસ ઇશ્વરદાસ" તુરરીવાલા.

તથા વૈદ્યરાજ અંબાલાલ વીરજીભાઇ.

પ્રત.

ભવ સીંધુથી નાવ, અરે મન તું તારીલે
ગતી અંતની મતી, રતી હરધ્યે ધારીલે
વાગે કાલની ચોટ, વાર થતો વારીલે
નકર વીલમ આખડી, મનથી સારીલે
ઇચ્છા ફળ નાધાર, આ બાજી સુધારીલે
સમ દ્રષ્ટી ધારીઆ, વીશ્વ નીહારીલે
વરત સમો ધર્મનો, વેલ વીસ્તારીલે
રસના પર "ભગવાન" ઓમ ઉચ્ચારીલે

ધી "મધુકર" પ્રીન્ટીંગ પ્રેસમાં છપાવ્યું

ઠેકાણું:—૧ લો ભોઇવાડો, ભુલેશ્વર મુંબઇ નંબર ૨.

આવૃતી પહેલી નકલ (૧૦૦૦).

કીંમત રૂા. (૧॥)

गूजरात विद्यापीठ ग्रंथालय
[गूजराती कॉपीराअिट विभाग]
अनुक्रमांक १४०२५ वर्गांक
पुस्तकनुं नाम ओोम तुररF
विषय ६-:१

ઓમ તુર્રા.

સુબોધ વીચાર ભંડાર.

ભાગ પહેલો

હીંદી ગુજરાતી તથા કચ્છી મરાઠી ખ્યાલો.

લેખક તથા પ્રકાશક,

રાણા "ભગવાનદાસ ઇશ્વરદાસ" તુર્રાવાલા.

તથા ભોઇરાજ અંબાલાલ વીરજીભાઇ.

બેત.

ભવ સીંધુથી નાવ, અરે મન તું તારીલે
ગતી અંતના મતી, રતી હરખ્ય ધારીલે
વાર કાલની ચોટ, વાર વળતો વારીલે
નકર વીલમ આઘડી, મનથી સારીલે
ઇચ્છા ફળ નાધાર, આ બાજી સુધારીલે
સમ દ્રષ્ટી ધારીઆ, વીશ્વ નીહારીલે
વરત સમો ધર્મની, વેલ વીસ્તારીલે
રસના પર "ભગવાન" ઓમ ઉચ્ચારીલે

ધી "મધુકર" પ્રીન્ટીંગ પ્રેસમાં છપાવ્યું.

ઠેકાણું:–૧ લો ભોઇવાડો, ભુલેશ્વર, મુંબઇ, નંબર (૨).

આવૃતિ પહેલી નકલ (૧૦૦૦).


ઇ. સ. ૧૯૨૮. સંવત ૧૯૮૪.

કીંમત રૂ. (૧॥)



ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૧૪૦૨૭૫
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ માં આકટ પ્રમાણે રજીષ્ટર કરાવ્યું છે,
તથા સર્વે હક લેખક તથા પ્રકાશક માલેકે પોતાને
સ્વાધીન રાખેલો છે માટે જે કોઇપણ આ પુસ્તક
માહેલો: ખ્યાલ અથવા તેનો કોઇપણ ભાગ છાપશે
તથા છપાવશે તેને સરકારી કાયદા પ્રમાણે
શીક્ષા કરવામાં આવશે.



ધી "મધુકર" પ્રીન્ટીંગ પ્રેસમાં છપાવ્યું છે.
ઠેકાણું:—૧ લો ભોઇવાડો, ભુલેશ્વર, મુંબઈ નંબર (૨)

પ્રાર્થના

ૐ

શ્રી ગણેશાય નમઃ

આધ્ય બ્રહ્મ સત્ય ગુરુ પ્રત્યે સ્તુતી.

સત્ય ઇચ્છા પુર્ણ કરો, હે પ્રભો તમ બાળકની, હે પ્રભો હું આપના ચર્ણોની રજ એક પામર, રંક, ગરીબ, નીરાધાર પ્રાણી, આપ માહાન અધાટઃ અગમ, અમર, અજર, સચરાચર પાસે એક નમ્ર પ્રાર્થના કરૂં છું. તે આપ આપના બાળની પ્રાર્થનાને સ્વીકાર કરશોજી. હું અજ્ઞાની છું, હું કામી છું; હું ક્રોધી છું, હું લોભી છું, હું ખલ છું, હું ગુન્હેગાર છું હે પ્રભો આપ મારા દુરગુણો પ્રત્યે ન જોશો. આપ મને સદબુદ્ધિ આપો, જ્ઞાન આપો; ભકતી આપો, નીર્મળતા આપો, ઉજ્વળતા આપો, હું આપનો બાળ આપ પ્રભો પાસે ભકતી. સત્ય, ધર્મ, નીતી; વીવેક, વીચાર, ધ્યાન, જ્ઞાન સ્મરણ; સુક્ષ્મતા લેવા ઇચ્છા રાખુ છું, માટે હે પ્રભો આપ મને કૃપા કરીને વીધ્યાનુ દાન આપો, બુદ્ધિરૂપી ધન આપો. મમ મનને સત્ય. દયા, નીતી, જ્ઞાનને રસ્તે ચડાવો. આપ સમર્થ છો, આપ સબળ છો; આપ પ્રબળ છો. આપ અચળ છો, આપ અખંડ છો, આપ પ્રગટ છો, આપ વઇરાટય છો, આપ કર્તા તથા હર્તા છો, આપમાં સકળ વીશ્વ સમાઇ જાય છે, આપ સ્થાપક તથા ઉથાપક છો, આપ મારણ તથા તારણ છો; આપ સર્વમાં છો, આપ સર્વે છો, આપ સર્વસ્થ છો, હે પ્રભો હું બાળક આપ જગત પીતા પાસે મારા કરેલા આજ દીન શુધીના અપરાધોની માફી ચાહું છું, માફી માગું છું, આપ માફ કરવાને સમર્થ છો. હે પ્રભો, દયા કરો, કૃપા કરો, હસ્ત ધરો, આ સંસાર સ્વરૂપી દુઃખના દરીયામાંથી સાગરથી :મારી આ કાયા નાવને પેલે પાર ઉતારો. હવેથી આપનું ભજન કરીશ ઓહંમ નમઃ પરબ્રહ્મ પરમાત્મને નમ; અસ્તું.

લી. આપનો દાસ
રાણા ભગવાનદાસ ઇશ્વરદાસ.

દીબાચો.

ઓમતુરરાં નામના મ્હારા આ રચેલા પુસ્તકમાં સમયને લાગુ પડતા સંગીન કીસ્સા કાંહાણીઓના ઘણાજ ઉત્તમ ભેદી બોધ કારક આપણા દીલ તથા મનને શાંતી પમાડે તેવા ખીયાલો લેવામાં આવ્યા છે. હું હવે થોડા સમયમાં શાંતી લઇ બીજો ભાગ છપાવી પ્રસીદ્ધ કરનાર છું. માટે પ્રીય પ્રેમીજનો વાંચકો સોખીનોને ભલામણ કરવામાં આવે છે કે જે કોઇ આ પુસ્તકો લેવા માટે લાગણી ધરાવે તો અગાઉથી નામ નોંધાવનારાઓ પાસેથી વ્યાજબી કીંમત લેવામાં આવશે. પાછળથી છપાઇ ગયા બાદ પુરતી કીંમત લેવામાં આવશે.

બે બોલ.

તુરરાંનો પંથ હમારા પરમ ગુરૂ તુકનગીરજી માહારાજે પ્રગટ કર્યો છે. અને તુરરાંનો અર્થ કોઇ જાણી શકતા નથી. પણ હું મ્હારી બુદ્ધી અનુસાર નીચે મુજબ હાલ સાર લખી પ્રગટ કરૂં છું કે તુરરાં એટલે તુ=તુજગતકર્તા, ર=હરધ્યમાં. રાં=રામ. અર્ધ રેફ=એની શકિત. સર્વ વ્યાપક છે. હમો એવા પ્રબળ શકિતવાળા પ્રભુંનું નામ સ્મરણ ખરા અંતઃહકરણથી કરીયે છીયે. તે છંદ ગાનારાઓ જગત કર્તાની નીંદા કરી મુખથી અપશબ્દો ખ્યાલોમાં ગાઇ સંભલાવે છે. હસે, પ્રભું તેઓનું કલ્યાણ કરો. મ્હારે તેની વીષેશ સુચના આપવી અગર લખી જણાવવાની જરૂર લાગતી નથી. કરશે તેવું ભરસે અને વાવશે તેવું લણશે.

હમારો બીજો ભાગ બે મહીનામાં છપાઇને બાહાર પડનાર છે તેમાં છંદ ગાનારા કવીયોના જવાબો તથા હમોએ પુછેલા સવાલોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સખી ઘોસા ટેકો સાથે. નામ નોંધાવા માટે આ પુસ્તકના પાછળના પુઠા પર ઠેકાણું લખી જણાવવામાં આવ્યું છે.

લી૦ રાણા ભગવાનદાસ ઇશ્વરદાસ તુરરાવાલા,
મુંબઇ.

સાભાર સ્વીકાર.

હમારા પરમ પ્રીય સ્નેહી મીત્ર મંડળમાંથી પ્રથમ હમોને ઉત્તેજન તથા આસરો આપનાર હમારા હીતેશ્વરી ભાઇરાજ **અંબાલાલ વીરજી** દલાલ, નંબર (૮૯) પ્રીન્સેસ ડોક ઘડીયાલ સામે કસ્ટમના છાપરામાં એમની બેઠક છે. આ પુસ્તક છપાવવાના કામમાં મુરબ્બી ભાઇશ્રી પાંચ **અંબાલાલ** ભાઇએ આ પુસ્તક પ્રગટ કરાવવામાં મને જે કાંઈ મદદ કરી છે તેને માટે એ માનવંતા ભાઇનો હું રૂણી છું

વી૦ વી૦ આપ વાંચકો સહ્યસ્થો પ્રત્યે હું જાહેર સુચીપત્રમાં સુચના કરૂં છું કે હાલના કટાકટીના સમયમાં કોઇ પણ કામ કરવું યોગ્ય નથી પણ હમારા હીતેશ્વરી ભાઇ અંબાલાલ વીરજી તથા હમારા મીત્રમંડળ તરફથી અતીષય આગ્રહ હોવાને લીધે હમો હમારી મનપ્રકૃતિ તથા શરીરની તનદોરસ્તી નહી હોવાથી પણ ઘણી મુસીબતો ઉઠાવી રાત્રી તથા દીવસ અમુલ્ય ટાઇમ રોકી આ પુસ્તક પ્રગટ કરવા માટે કામ કર્યું છે. વીશેષ અત્રે લખવાની જરૂર નથી બસ એજ વીનંતી આશ્રયદાતાનો આભાર માનું છું તથા જગતકર્તાનો ઉપકાર માનું છું.

બે બોલ.

પ્રીય વાંચકો મ્હારા આ અદના ગ્રંથમાં કોઇ ખ્યાલમાં ભુલચુક પડી હોય તો તે તમોએ સુધારીને ગાવું અથવા ન સમજ પડે તો હમારા લખેલા ઠેકાણા પર લખવું અથવા પુછવું અથવા મળવું. તો તેનો ખુલાસો કરી આપવામાં આવશે તથા ખ્યાલો ગાવાની રીત તથા રચવાની રીત તથા ચંગ વગાડવાનુ પણ શીખાવવામાં આવશે તેમાં હમારો ટાઇમ તમો જેટલો રોકશો તેટલો હમારા કાયદા પ્રમાણે હક ચાર્જ લેવામાં આવશે કારણ હમો બીજો ભાગ બાહાર પાડવા માટે કોપી લખી તૈયાર કરીએ છીએ.

લી॰ રાણા ભગવાનદાસ ઇશ્વરદાસ તુરરાવાલા મુંબઇ.

પ્રીય વાંચકો

જરા જાગીને જુવો તો ખરા પાયધુની પર ગાંધી **ચુનીલાલ ગોપાલજી** કરીયાણાવાળાની દુકાનનો મરી મસાલો તથા મુરબ્બા. સરબતો તથા પેટન્ટ દવાઓ વનસ્પતીઓ તમામ ગાંધીઓ કરતાં કીફાયતે ખાત્રી પુરવક સ્વચ્છ કરેલો સંતોષ પમાડે તેરીજ રીતે ધણી પોતે ઘરાકોના મન સંતોષે છે. માટે એક વખત દુકાને પધારી ખાત્રી કરશોજી.

ઠેકાણું પાયધુની **ગાંધી ચુનીલાલ ગોપાલજી,**
શાંતીનાથના મંદીર સામે.

મુકાદમ કરસનદાસ ડુંગરસી (૧૧) બેંક સ્ટ્રીટ કોટ મુંબઈ.—અમારે ત્યાં સ્ટીમર મારગેથી આવક તથા નીકાસનું કામકાજ ઘણુંજ કીફાયત ભાવે કરી આપવામાં આવે છે. ખાત્રી માટે પધારીને એકવાર ટ્રાયલ ઓર્ડર આજેજ આપી ખાત્રી કરો.

લી॰ **મુકાદમ માલેક કરશનદાસ ડુંગરશીની કું૦**
મળો યા લખો ઉપરના ઠેકાણે.

લુહાર હરજી વેલજી. ઠેકાણું ચીંચ બંદર લાકડી જુના પુલની પાસે એમની દુકાન છે આજ (૪૦) વરસના જુના અનુભવી કામદાર તેમની દુકાનેથી સગડીઓ લોઢીઓ સાણસીઓ તાવીથાઓ બકડીઆઓ વીગેરે વીગેરે સામાન બનાવવામાં આવે છે અથવા તૈયાર પણ વરધી આપવાથી મન પસંદ કીફાયત ભાવે કરી આપવામાં આવે છે. એક વખત પધારી ખાત્રી કરવા મહેરબાની કરશોજી. ઠેકાણું ઉપર મુજબ.

સખી જગતકર્તાની કૃપા વિષે.

ભોગ જોગ શ્રી પ્રભુ નીવાજયા અમ પર આજે
યાદ પ્રથમ કરૂ દેવ, ગણપતી ગુરૂમહારાજે
રાખું ચરણોમાં ધ્યાન, કંઠ સરસ્વતી બીરાજે
જપુનીજ અંતર માળ; ખ્યાલ ગાઉ સત અવાજે
અંતરપટમાં મન વહેલ, રેલ રંગમાં નીત રાજે
બાધી પાંચ મસ્તોને; કરૂં શુરૂ ગમથી પ્રાજે
લાભ હાનીનો ધણી: ધોરીનધર ગરીબ નીવાજે
લક્ષમાં લઈ સતસાર, બાંધુ ધર્મોની પાજે
વીમળ વાણી શુભ વદુ. રીઝાવું સકળ સમાજે
રહે વીશ્વમાં નામ, કરૂં નેકીના .... કાજે
જી તું જમની ફાળ, કાળને કરૂં મવતાજે
તરી જાઉં સાગરથી; બેશી સત્યની જહાજે
રઘુકુલ ભુષણ રામ. પ્રતાપે સુધરે સકાજે
ફળદાયક ગુણ લાયક, ગુરૂ ઘટપટમાં ગાજે
થીર રહે ન કોઈ જગમાં, ક્ષણ ભંગુર કુલ સાજે
પુણું બાબ પુરૂસોતમ, સ્વામી દુખડા ભાંજે
રમો રમી રગો રગમાં; ઘડી ઘડીયાલની વાજે
તીરગુણ સ્વરૂપી સોહે, રાખે ભકતોની લાજે
મનનો મેલ ત્યાગીને, જોતમાં જોત સમાજે
દીલ દરીયામાં હરી તરી, કરી નીત્ય નહાજે
દરશન દ્વાદશ સીખર, ઉપર ચડીને સાહાજે
મણીરામ હરી કહે, પુન્યમાં પહેલો ધાજે
લીન થઇ અંબાલાલ ગુણો નીત ગુરૂના ગાજે
હે પ્રાણ અમર "ભગવાન". ભોજન ગમના નીત ખાજે.

ધાસો.

આવો સદબુદ્ધિ દીન દયાલ
પુરોહીત હું છઉં તમારો બાલ
સકળ ગુણ ખાણી વીશ્વના પાલ
તમોને ભજીયે આદ અંતકાલ
ક્રુપાધર કેશવ પરમક્રુપાલ
છબીલા છોગાળા નંદલાલ
પાળ્ય ધર્મોની રચ્યા વીશાલ
વીજય કર્તા છો આપ ત્રીકાલ
આપ છો મુલ અમે ફુલ ડાલ
પરીક્ષા લેવા રચ્યો સુકાલ
વાઘ બકરીના તમો રક્ષપાલ
ઉગારો નીજ જનને દઈ ઢાલ
પડ્યો છે પાછળ સૌના કાલ
કાલનાં તોડ્યા પ્રભુ માહાજાલ
રટે ભક્તોજન વગાડી ગાલ
કીધા અમર નામોને નીહાલ.
ધાસો આ સખી તણો છે રસાલ,
છે જેની રીધી સરખી ચાલ.
શબ્દમાં સુરતા થઈ રંગ લાલ.
તરત મન ચેતન રહ્યો દઈ તાલ,
વળગો રસ બસ રમ મન પ્રેમાલ,
ચડ્યો દાદશ ઘર દીઠા લાલ
નમ્ર કંચનનો ભરીને થાલ.
સમાપ આવી લઈ પુષ્પની માલ.
હીતેશ્વરી અંબાલાલ તાહારો.
છે સદા સત્ય ખ્યાલ નાહારોજી.

અનુક્રમણીકા.

ભુલચુક સુધારીને વાંચવું ન સમજ પડે તો અમારા સરનામે મળો, સમજણ પાડીશું. તસ્દી માફ.

લેખક તથા છંદ પ્રકાસક.

રાણા. ભગવાનદાસ ઇશ્વરદાસ તુરરાવાલા.

મુંબઇ.

શ્રી લાભ.

ગણેશજીની સ્તુતિ.

સખી.

રજ ચરણની લઇ શ્રી ગનની પુજાપર મનને વારીએ.
જન્મો મરણથી છુટવા કરી ભકતી તનને તારીએ.
પુર પ્રેમથી નીત્ય નેમથી સુમરનથી પાપ નીવારીએ.
શરણુ તારણુ શ્રી ગજાનન નામ નહીં વીસારીએ.
હરસે હરકત હર ગુરૂ મણીરામ નામ વધારીએ.
રીખી મુનીગોના ચરણુ ગ્રહી હીંમત હરી નવ હારીએ.

દોસો.

દાન દીઓ મને જ્ઞાનનું આજ, સકલ સૃષ્ટિના તાજ ગનરાજ
મહેર કરી રાખો રંકની લાજ, કરો દીન સેવકના સીધ કાજ.
નથી મમ ઘટમાં જ્ઞાન સરતાજ, જીવત દાનનું દીયો શુભ સાજ.
ગુણો "ભગવાન" શ્રી ગનના ગા, ગાઇ ગુણો સરણે ગનનાજ

આધ્ય. ગન. રંગત. પરભાતી, ખ્યાલ ક. જ. ગનપતીની સ્તુતિ.

છો આધ્ય ગુરૂ ગનપતી, દીયો શુભ મતી, કૃપા કરો રતી.
દાસ દુખીયારો= રક્ષરાતા કરો સુખ સકાતા ધ્યા ઉર ધારો ટેક.

તમ દાસોનો છઉં દાસ, પ્રેમથી ખાસ, ચર્ણોની આસ.
નો રાખણહારો= દુરમતી હરો, સુખ કરો, નહી વીસારો.
તમે છો જગના પ્રતિપાલ, શ્રી દીન દયાલ, કાલોના કાલ.
પલમા પ્રહારો=છે ગતી પ્રબલ, તમ સબળ હાથ ભંડારો.

ઝુલ.

છો માહાન જ્ઞાન વીજ્ઞાન તણા દેનારા જીરે.
છો ભાન સમાન ગુણવાન ઘણા ગન પ્યારા જીરે.
છો માન પાન સનમાન સદા કરનારા. જીરે. મીલાન.
સંકટ સઘળા કરો દુર, ભરો ભરપુર, કંઠમાં સુર.
અમીથી ઠારો= રસ રાતા કરો સુખ સાહાતા દયા ઉર ધારો (૧)

તમ નામની પ્રસરી વેલ, સૃષ્ટીમાં પહેલ. પુષ્પને બેલ
પત્ર ફળ ચારો= લઇ કંચન થાળ વિસાળ ભરીને સારો
ધરો ઘરથી લઇ તતકાલ, નીકળે વીરબાળ, ધરી મન વાહાલ
રાખી સધીયારો= ઘૃત પંચામૃતના સાધન સહીત નરનારો.

ઝુલ.

છો લાલબાલ પ્રતીપાલ ગન તારણહારા જીરે.
છો ચાલ ઢાલ માહાકાલ ગન મારણહારા જીરે.
છો જાલ ભાલ તતકાલ વીદારણ હારા જીરે. મીલાન.
કરે નવે ખંડ આરતી, જોગીને જતી; દેવીયો સતી
વદે ઉદગારો= રસ રાતા કરો સુખ સાહાતા દયા ઉર ધારો (૨)

કરે નારદ સારદ ભજન, તમારૂં વંદન, પ્રેમથી પુંજન
સ્તુતિ ઉચ્ચારો= દયો ભકિત કરીને જુકિત પાર ઉતારો.
તમ નામ પર વારી જાઉં, ગુણો નીત્ય ગાઉં, ન સંસય લાઉં
રંક ઉગારો= દુર કરો વીઘન મમ સઘન જે હોય હજારો.

ઝુલ.

છો અજર અમર આખરના સુધ લેનારા જીરે.
છો સ્વર અક્ષર મંતરના સાક્ષ કહેનારા જીરે.
છો અંતર અંદર સચરાચર રહેનારા જીરે. મીલાન.
છો આપ ગુણી ગુણવંત, બુદ્ધી બલવંત, સંતોના સંત
સમાજ સુધારો= રસ રાતા કરો સુખ સાહાતા દયા ઉર ધારો (૩)

મમ ગુરૂ કથે મણીરામ, પુરો મમ હામ, પ્રેમનું જામ.
દીયો રસ પ્યારો= રજ ચરણમાં રાખો સરણ સંકટો ટારો.

કહે અંબાલાલ હરીદાસ, રાખી વીસવાસ, ને બારે માસ
ગુણુ ગાનારો= મોરાર હરજીએ ધટમા ધર્યો એક તારો.

ઝુલ.

છો આપ બીર માહાબીર ધીર ધરનારા જીરે.
છો આપ અમીર ગંભીર નીર તરનારા જીરે.
છો આપ સ્થીર સરીર નીપીર હરનારા જીરે. મીલાન
"ભગવાન" ને મન શુભ ખ્યાલ, સુવર્ણનો થાલ, શ્રી ગનપતીલાલ
ભરી દયો ન્યારો= રસરાતા કરો સુખ સાહાતા દયા ઉર ધારો.

હનુમાનજીની સ્તુતી ખ્યાલ.

રંગત પરભાતી જુની દુ. જ.

તમો છો વીરોના વીર, બજરંગ મહાબીર, વજ્ર શરીર.
અખંડ દેહ સારો= દાસને ખાસ વીસવાસ શદા છે તમારો. ટેક.

છો રૂદ્ર દેહ બળી આપ, હરો ત્રીતાપ, સકલ સંતાપ
રંકને તારો= માહા જલ સાગર સંસારથી પાર ઉતારો
ડાબો તમ ચરણો તળે, વ્યાધી મમ ટળે, સબળ આ પળે
ફળે પ્રભુંટારો= દયો દરસન થઇ મન પરસંન પાપ નિવારો.

ઝુલ.

શ્રી રામ દુત અંજની પુત હનુમાન જતી ગુણુવંતા જીરે.
મહા દેવ દેવ વાયુ સુત હનુંમાન જતી બળવંતા જીરે.
માહા રૂદ્ર દેહી અબધુત દુખ હનુમાન જતી હરનંતા જીરે. મા.
દુખ દારીદ્ર કરો દુર, ચરણોથી ચુર, ભક્તિથી પુર.
મતી સુધારો= દાસને ખાસ વીસવાસ સદા છે તમારો (૧)

મમ તનમાં પ્રગટી આગ, હોલીમા ફાગ, રંગને રાગ
લાગે અકારો= તન બદનમાં હોલી લાગી રહી અંગારો
તમ કરૂણા જ્યારે થાય, સંકટો જાય, પુરતી સાહાય
દીયો સધીયારો=દીન જાણી આણી દયા ધરો કર મારો.

ઝુલ.

સઉ સગા થયા છે દુર જાણી દુખીયારો જીરે.
થઇ પડયો છું આજે પામર હું નોધારો જીરે.
બસ હવે તો મારા કરી દીયો છુટકારો જીરે. મીલાન.
તમે દેવોના છો દેવ, તમારી સેવ, ના જાણે ભેવ
તે જાણ સુખીયારો=દાસને ખાસ વીસવાસ સદા છે તમારો (૨)

શ્રી રામના કીધા કાજ, તમે મહારાજ, સંતોની લાજ.
રાખો સંભારો=છો નીડર આપ પરતાપ સૃષ્ટિમાં ન્યારો
કુલ ભક્તો સેવા કરે, ધ્યાન નીત ધરે, નહી વીસરે
ભજે નરનારો= જીભ્યા પર માહાબીર માહાબીરના ઉચ્ચારો

ઝુલ.

પાંડવોના માહાબીર કાજ તમે સુધાર્યા જીરે.
લંકામાંથી સુવર્ણ લઇ... ... પધાર્યા જીરે.
તમો ઇંદ્ર લોકમાં ઝાલી અસુરને માર્યા જીરે. મીલાન.

કરવા ભક્તોની વાહાર, થતા તઇયાર, સુણી ટંકાર
જરા પડકારો= દાસને ખાસ વીસવાસ સદા છે તમારો (૩)

કહેતા નહીં આવે પાર, આપનો સાર, સાર વીસતાર
નો શુભ પ્રસારો=ગુણો માહાસાગરના ગણતા ન આવે આરો.
માટે મમ સંકટો હરો, દયા મન ધરો, ને સાંતી કરો
ગ્રહોને વારો=મન તન મંદીરમાં બેઠો લઇ એક તારો.

ઝુલ.

મણીરામ હરી પર દયા કરો બલીદાતા જીરે.
મોરાર હરજીના પ્રાણ જીવણ માહા ગ્નાતા જીરે.
અંબાલાલ કાલીદાસ ગુણો નીત ગાતા. જીરે. મીલાન.

"બગવાન" ને દમો દરસન, અંજની તન, શીવ નંદન.
વીઘન વિદારો=દાસને ખાસ વીસવાસ સદાછે તમારો (૩)

દોસ્તાર તથા દોસ્દાર: વીશે ખ્યાલ.

રંગત ઉપરની દુન્યામાં દોસ્ત બે છે. દુ. જ. ખી. ૩

કહું દોસ્તારોનો ખ્યાલ, સુણો સતહાલ: હાલ અહેવાલ
શ્રોતા ચીત્ત ધારો=કરજુગમાં રહ્યા છે દગલબાજ, દોસદારો. ટેક:

દુનીયામાં એક દોસદાર, બીજો દોસતાર, તેનો કહું સાર,
સકલ વરતારો=મતલબથી દોસ્તો, બનવા ચાહે હજારો.
દોસદારોનું કહું બ્યાન, ધરો મન ધ્યાન, ગુણી ગુણવાન
સુબોધ હમારો=સમજી સતસારને, કરો પછી દોસતારો.

ઝુલ.

દોસદાર ઘણા તે કામ ન, કોઈદી આવે, જીરે.
દોસદાર નો અર્થ સુલી ઉપર ચડાવે, જીરે.
દોસદાર દ્વાર તે નર્ક તણુ દેખડાવે. જીરે. મીલાન:

દોસદાર એ છે ગમાર=મુર્ખનો યાર, પુરો સરદાર,
તેને ધીકકારો=કરજુગમાં રહ્યાછે, દગલબાજ દોસદારો. (૧)

દોસતાર બીજો હોય એક, ન છોડે ટેક, નેક વીવેક,
ને શુભ ચાહનારો=લીયે દુ:ખમાં ભાગ, અથાગ ન વિસરે બીચારો
તેના લક્ષણ ગુણ રીત, ચાહે નીત હીત. ન તોડે પ્રીત,
લેખે આભારો=સમયપર સહાયતા કરે અની ઉપકારો.

ઝુલ.

વળી આપે નીજ ગરદન, તે સમયપર આવી જીરે.
આફતમાંથી લીયે, નીજ મીંતરને બચાવી, જીરે.
નીસ્વાર્થે હીતપુર, પ્રેમનુ દીયે જણાવી. જીરે. મીલાન:

ધન ધન એવા દોસ્તાર, ટાળે દુ:ખ હજાર, :ઉતારે પાર,
સમુદ્ર ખારો=કરજુગમાં રહ્યા છે, દગલબાજ દોસદારો (૨)

મુર્ખ મીત્ર નીજ જાત, પુરી ઓખાત, દેખાડી ઘાત,
ના કરે વીચારો=શાણાઓ ચેતો, સમજો સકલ નરનારો,
ઉલટી સુલટી દઇ થાપ, જપે :કુજાપ, લેખે નહી પાપ.
રાખે સીસ ભારો=એવા મીત્રોને દુર :કરો ત્રીસ્કારો.

ઝુલ.

મતલબના ગરજી એવાને તમે જાણો. જીરે
એવા નીરલજ સહ નમાલા ખરને પીછાણો, જીરે.
મતી ભ્રષ્ટ દુષ્ટથી નહી મધુરસ માણો જીરે. મીલાન:

કુટીલ કામી ખલ ખરા, તેઓથી જરા, દરો સૌ ત્વરા,
તજો સંગ નઠારો=કરજુગમાં રહ્યા છે દગલબાજ દોસદારો. (૩)

હવે દોસતારોની વાત કહું, પ્રખ્યાત ગુણી સજાત,
ભલુ ઇચ્છનારો=જે મીત્ર હોય તેને નહી તમે વિસારો.
કહે હરીદાસ મણીરામ, મીત્રોના કામ, રાખી મન હામ,
કરો સંગ સારો=કદી ભુલચુક થાય તો, પાછો તેને સુધારો.

ઝુલ.

મોરાર હરજી છંદ ગાયે મીત્રોના આજે, જીરે.
અંબાલાલ સત નસીયત દે છે, એક અવાજે, જીરે.
છંદ સુણી ખુશ થઈ ગઈ છે સકલ સમાજે. જીરે. મીલાન:

મીત્રોનો ખ્યાલ 'ભગવાન,' લખી સત બયાન, ગાવ છે ગાન,
ગ્નાન વરતારો=કરજુગમાં રહ્યા છે દગલબાજ દોસદારો. (૪)

શ્રી કૃષ્ણ પ્રભુની શુરિલી મોરલી.

રાગત છોટી ખ્યાલ. ક. જ. ખી. (૪)

વીણ વાગી વન વગડામાં વાલમ્ભરની
માધવની મોહનની મોરારની મનોહરની. ટેક.

ગોકુળ ગામમાં, ગાજી ગુની ગીરધરની.
પ્રભુની પ્રેમની પ્રીતની, પરમેશ્વરની.
હૃદયમાં રમી રહી ધુન, રૂક્ષમણી વરની;
નેહની નારાયણની, નાથની નરહરની,
જમનાના જળમાં દીસે જ્યોત જગધરની, મીલાન:
માધવની મોહનની મોરારની મનોહરની. (૧)

રંગો રંગમાં રમી રહી રાગણી, શ્રી સુખકરની.
રંગની રાગની રસની, રમા પતી હરની.
સંકટ મોચન મોરલી છે, શ્યામ સુંદરની,
શ્રદ્ધાની સાંખની સારની, સુ અક્ષરની,
લેહ લાગી ગોકુલના લોકને, લક્ષ્મી વરની, મીલાન:
માધવની મોહનની, મોરારની મનોહરની. (૨

શુદ્ધ હરી સૃષ્ટી કરતાએ શીવ શંકરની,
દેવોની દેવોની દાસોની, ડીગમ્બરની,
સંતોએ સમાધી તજી, સ્વાસો ને સ્વરની.
ઇચ્છાની અગમની, અમૃતની ઇશ્વરની.
હાંક વાગી હદ બેહદની, હરી હલધરની, મીલાન:
માધવની મોહનની, મોરારની મનોહરની, (૩)

કરી કવીતાઇ મણીરામે, કાન કુંવરની
કેશવની કૃષ્ણની કળાની, કળા ધરની,
હરીદાસે હાથમાં માળા ગ્રહી હરી હરની
હરી હરની હરીની હામની, હર અવસરની
" ભગવાને " ભાવથી, ભકતી કરી ભુધરની મીલાન:
માધવની મોહનની, મોરારની મનોહરની (૪)

આશક માશુકની જોડી.

રંગત છોટી આશકી. દુ. જ. ખી. (૫)

પ્રેમીના પ્રેમની પ્રીત, નીભાવી જાજે
પ્યારાને પ્રીયે પાગલ નહીં બનાંવી જાજે. ટેક.

પ્યારમાં પ્રેમીને નહીં તરસાવી જાજે
સમશેર ગળાપર ન તું, ફેરાવી જાજે
કરી દગો ન તું, આ દીલને ફસાવી જાજે
નેકીને બદલે નહીં બદી જણાવી જાજે
નીતીના રીતી પુર પ્રીતી ફેલાવી જાજે મીલાન:
પ્યારાને પ્રીયે પાગલ નહી બનાવી જાજે. (૧)

મન ગમતી મજા, નીત આવી ઉડાવી જાજે
નખરાથી અદા વાંકી, તું બતાવી જાજે

ગમ સદા તારો દીલમાં, ન રખાવી જાજે
નાદાની કરી હાંસી નહીં, કરાવી જાજે
તારોથી હૃદય મમ, નહીં વીધાવી જાજે મીલાન.
પ્યારાને:પ્રીયે પાગલ નહીં બનાવી જાજે. (૨)

મરતાને પ્રેમથી જરૂર બચાવી જાજે
મળવાને પ્રેમીને, પ્રીયે તું આવી જાજે
કરગરી કહું મન, મારૂં મનાવી જાજે
મહેરબાની કરી નહી. આ દીલ દુઃખાવી જાજે
વટ રાખો ઘેર, પ્રીયતમને બોલાવી જાજે મીલાન.
પ્યારાને પ્રીયે પાગલ, નહીં બનાવી જાજે (૩)

મણીરામ હરીને, શીશ નમાવી જાજે
અંબાલાલ હરજીવનને, હસાવી જાજે
મોરાર પરસોતમને, સમજાવી જાજે
કાલીદાસને રંગમા, રંગ રમાવી જાજે
પરબ્રહ્મથી પ્રેમ "ભગવાન," ધરાવી જાજે મીલાન.
પ્યારાને પ્રીયે પાગલ, નહી બનાવી જાજે (૪)

અલ્પ જીવનનો મોહ ત્યાગ. નીંદ્રાથી જાગ.

રંગત હોરી. ક. જ. ખી. (૬)

શું મોહી પડયો પ્રાણી તું, નાર ચંચલમાં
પટ નીકળી જાસે આ પ્રાણ, પવન એક પલમાં. ટેક.
તનમાંથી જવાળા, અગ્નિ ઉડસે, વાદલમાં
તે વખ્તે પડસે, 'મન તારૂં, આ વમલમાં
શું જોબન પર કરે જોર, સોર બહુ બલમાં
સડ સડો પેસી જાસે, આ તન કોમલમાં
કર ભક્તિ રામની, રામ વસે નીરમલમાં મીલાન
પટ નીકળી જાસે, આ પ્રાણ પવન, ઘડી પલમાં (૧)

શું શક્તિ સદા રેસે, આ દેહ સ્થલમાં
કોઈદી હાથે રાંધીસ કે, જસે હોટલમાં
બસ ચારદી પડયો હસે હાથ ફુલ ફલમાં
પછી આંખોમાંથી, અશ્રુ ટપકસે થલમાં

થઈ જાસે તનની, રાખ ચંદન શ્રી ફુલમાં મીલાન.
પટ નીકળી જાસે આ પ્રાણ પવન પલ પલમાં (૨)

પીટળાસે જમડા આવી, ભરાસે દલમાં
તે સમયે ભુલસે ભાન, પડસે કલ કલમાં
દાંતની ખીલી બંધ થસે, સમજતે અમલમાં
નહીં રહે ધ્યાનને ભાન, પછી અંત જલમાં
લઇ જાસે જમ છેતરી, જીવ છલ બલમાં મીલાન.
પટ નીકળી જાસે આ પ્રાણ, પવન ઘડી પલમાં (૩)

મણીરામે કીધો હુશીયાર, પ્રથમ દંગલમાં
ત્યારે ગાવા સીખ્યો છે, છંદ પીંગલમાં
છે ફેર ઘણો સોનામાં અને પીતલમાં
કહે હરી નથી હલકો હલકામાં ભલમાં
"ભગવાન" કહે નહીં, ફર આડી જંગલમાં મીલાન.
પટ પડી જાસે તન, પીંજર આ ઘડી પલમાં. (૪)

કરણી, તેવી ભરણી, સુમરણી પાર ઉતરણી.

રંગત, છોટી ક. જ. ખી. (૭)

જેહેવી કરણી તેં કરી, ભરી જાસે તું
એ ખાલી હાથ લઇ, પાછો ફરી જાસે તું ટેક.

તું સમજ્યો હતો કે તું, પુરો જ્ઞાની છે
પણ જ્ઞાની નથી તું, બીલકુલ અજ્ઞાની છે
મન હજુ ન ચેત્યો, કે આ જગ ફાની છે
બસ ચેત ચેત નહીંતો, અંતે હાની છે
કર નેક કામ નેકીની, આબાદાની છે
નહીં સમજે તો પછી, તારી નાદાની છે
શું લેશે સાથે શું જગમાં, ધરી જાસે તું
એ ખાલી હાથ લઇ, પાછો ફરી જાસે તું (૧)

તે કરી નહિં કોઇ દી, ભક્તિ અંતરથી
તન મન સુદ્ધ રાખી, જપ માલા લઈ કરથી

પછી દશમો દ્વાર જોઇલે એક નજરથી
સુરતાથી સબદથી રસનાથી મુલ પરથી
રટ રટના મુખપર નર હર ગુરૂ મંતરથી
સાનથી ભાનથી જ્ઞાનથી ગુરૂના વરથી
આંકડાના થુલો ખરસે તેમ ખરી જાસે તું મીલાન.
એ ખાલી હાથ લઈ પાછો ફરી જાસે તું (૨)

ના ખરચ્યું ના ખાધું દીધી ન રંકને પાઇ
કંઇ કોને છેતરી લીધી રંકોની હાઇ
સાયરીની સઉને દેખાડતો ચતુરાઇ
કે તો તો કોઇને બાવા કોઇને ભાઇ
ધંન ધુતકી ખાતો મેવા મીઠાઇ મલાઈ
ધુળ પડી જેમાં મતલબની રાખી સગાઇ
તે ધન સઘળું લોકોનું કરી જાસે તું મીલાન.
એ ખાલી હાથ લઇ પાછો ફરી જાસે તું (૩)

મણીરામ હરીના નામની બલીહારી છે
અંબાલાલ હરી પુરોહીત હીતકારી છે
મોરાર હરજીની કથની આ ન્યારી છે
પરસોતમ કાલીદાસે લલકારી છે
સરખાવ લાગણી કેની હલકી ભારી છે
આજ્ઞાનની કુસ્તી આજે તારી મારી છે
"ભગવાન" ભજીલે હરી તરી જાસે તું મીલાન.
એ ખાલી હાથ લઇ પાછો ફરી જાસે તું (૪)

❋ સમાધી લક્ષ આત્મજ્ઞાન બો . ❋
રંગત છોટી બ. જ. ખી. (૮)

જીવ ઝારી બની સુક્ષમન સુરતી હય દોરી
લે જ્ઞાન ઘડા સર ચલી ભરન જલ ગોરી ટેક.

વો કર્મ કુવે પે જલ ભરન કો ગોરી જાવે
નીચુસે ઝારી ફેંક દોલ ભર લાવે
વો મસ્ત બીન અનહદમે રાગની ગાવે
એ ભેદ સમાધી બીરલા યોગી પાવે

વો પાની ભરને દીલમે ડરે નહીં છોરી મીલાન.
લે જ્ઞાન ઘડા સર ચલી ભરન જલ ગોરી (૧)

સજ ધજકે ગ્વાલન ચલી જલ ભરન ઘરસે
પહુંચી વો ગગન શીખર કો પ્રેમ ભીતરસે
જીસ બ્રહ્મ રંધ્રસે શુદ્ધા બુંદ એક બરસે
ભર જાય કુવા વો બુંદ બુંદ પાઝરસે
જલ ભરનેકી ના રહી ગોરીકો ચોરી મીલાન.
લે જ્ઞાન ઘડા સર ચલી ભરન જલ ગોરી (૨)

વો બાવન ગોપી કુવે કે ઉપર આવે
સીંચે જલ હરગીજ બાગ હરા દીખલાવે
અજ્ઞાની બીન જાને, પાખંડ ફયલાવે
ના માને કીસકી. જુઠી બાતે બનાવે
સત જ્ઞાન બાદમે, ચલે નહિં મુંજોરી
લે જ્ઞાન ઘડા સર, ચલી ભરન જલ ગોરી. (૩)

ખેલે પાંચ પચીસ, ગ્વાલોમે નંદ દુલારા
વો બાવન ગોપીકા હય. પ્રીયતમ પ્યારા
કહે મણીરામ એક બાર, મીલે પનીહારા
હરી **અંબાલાલ** રસ પીવે; અમૃત ધારા
"**ભગવાન**" કહે નહી કરે, ગોરી બલજોરી મીલાન.
લે જ્ઞાન ઘડા સર ચલી, ભરન જલ ગોરી. (૪)

આત્મ જ્ઞાન હોલી. પાંચ પચીસની ટોલી.
રંગત છોટી બ. જ. ખી. (૯)

હય કૃષ્ણ આત્મા, ઇસકો ગુની જગાવો
કરો પ્રાણાયામ હોલીમે આગ લગાવો. ટેક.

હીરદેમે હોલી રચી હય, સુંદર ખાસી
સંગમે હય ગોપી; ગ્વાલ બ્રીજકે બાસી
બીચ ખડે કૃષ્ણ મોરાર, વો રાધા દાસી
બલરામ વો ભઇયા, અભીભદ્ર રહે પાસી,
કોઇ રૂષીમુનીં ઓર, જોગીજન સંન્યાસી
ભોગી કે ભોગ બીલાસ, જોગ અભ્યાસી

ચેતન મે ચીત ધર દીલકા ભરમ ભગાવો મીલાન:
કરો પ્રાણાયામ હોલીમે આગ લગાવો (૧)

યે હયા દ્વારકા હરીને આપ બસાઇ
વહા કરતે હય બીસરામ, વો યાદવરાઇ
હયે ગગન મંડલ, ગોકુલ ખીલી રોશનાઇ
હોલી દુરમતકી, કયસી અજબ રચાઇ
ઓર પાંચ પચીસ, ગ્વાલોને ધુમ મચાઇ
બાવન ગોપીને, પ્રેમસે લીલા ગાઇ
મચ ગઇ ધુમ હોલીમે, તનકો જલાવો મીલાન.
કરો પ્રાણાયામ, હોલીમે આગ લગવો. (૨)

કાનાને ખડાહો, અનહદ બીન બજાઇ
સુન કરકે ગ્વાલના, ગોપી આપ લજાઇ
ગ્વાલોને હોલી: સુંદર રૂપ સજાઇ
સખીયોકો રંગમે. ગ્વાલોને ભીંજવાઇ
દુન સુનકે આગે, નાચે હોલીકે તાંઇ
રંગ રાગણી ગાવે, તાલ ખ્યાલ ગતમાંઇ
કહે ગોપી ગ્વાલના, હરીકો આજ ડગાવો મીલાન.
કરો પ્રાણાયામ, હોલીમે આગ લગાવો. (૩)

મણીરામ હરી મોરાર, ખેલ રહે હોલી
એ નીરગુન હોલી, ડારદે બીચ ટટોલી
અંબાલાલ પુરષોતમ કી, હોલી અનમોલી
યે વો હોલી હય, સમજ ના પાવે ટોલી
હય બાનાલાલ કી કથની. જ્ઞાનકી ગોલી
ધર કાલીદાસને. સુખમન કાંટે તોલી
"ભગવાન" કહે હય પ્યારા મેરા સગાવો મીલાન.
કરો પ્રાણાયામ, હોલીમે આગ લગાવો (૪)

હુમને ઉસકે ગુન ગાતે હય. દાસ કહાતે હુય.

રંગત છોટી. ખ્યાલ. બ. જ. ગુનાતે હય. ખી. (૧૦)

જીસ દીનસે બને હમ દાસ, વો નાગર નટકે
ઇસ દીનસે આશક બને, ચલે હય હટકે

તું સમજ દીલ્લા વો, માલીક હય ઘટ ઘટકે
હય પીલે પટકે, ખાસી વો જુમના ટટકે
મન મંદરમે હમજાય. ઉનોસે હટકે
વો લગે દીખાને, પ્રેમસે ચટકે મટકે
આ મીલે શ્યામ વો, હમસે ગલે લપટકે મીલાન.
ઉસ દીનસે અશક, બને ચલે હય દટકે. (૧)

• હમ સત્ય ઈશ્કમે, પ્રેમસે હરદમ ભટકે
ઔર પડે પ્રેમમે, લાખો ખાયે ઝટકે
બંસીકી ધુન જીગરમે, જાના ખટકે
સુન કરકે કદમ ધરે, હમ બંસી બટકે
ના જરા દરસ કરને કો, કોઈ જા અટકે
ઉસ દીનસે આશક, બને ચલે હય દટકે (૨)

જબ મનીપુરસે આગે, જાનેકો સટકે
આત્મા અલખ, લખ પાયા નામહિં રટકે
સંગ ગ્વાલ પાંચ પચીસ, રહે ઝમ ઘટકે
ઔર બાવન ગોપી ગાવે રાગ સોરટકે
વો માહા સુંનમે, રહેતે હય નટ ચટકે મીલાન.
ઉસ દીનસે આશક બને, ચલે હય દટકે. (૩)

મણીરામ હરી છંદ, ગાતે જ્ઞાનકે બટકે
બન ગયે દાસ હમ, ખાસ વો મોર મુકટકે
અંબાલાલ આશક હય, ખીજવે અન વટકે
મોરાર હરજીને પીયા. પ્રેમ રસ પટકે
"**ભગવાન**" જ્ઞાનકી ખાન, છાનલે ચટકે મીલાન:
ઉસ દીનસે આશક બને, ચલે હયે દટકે (૪)

ચડતી પાછળ પડતી પાછી ચડતી ખ્યાલ.

રંગત. મારીજાન. ઝડફી. ક. જ. ખી. (૧૧)

આજ ચડતીને પડતી કાલે, કહું ચીસ્તારી અહેવાલે,
અરે ભાઇ= સાંભળો શ્રોતા મન હુલ્લાસ
જેવી ઓટ અને ભરતી, તેમ આજે ચડની પડની,
સરખા નહીં બારે માસ ટેક.

ચડતીમાં ન રાજી થઇયે, મન ધીરજ ધરીને રહીયે
અરે ભાઇ = ફરે સૌ મનમાં તેનો કયાસ
ચડતીમાં નહીં ફુલાઇયે. નહીં ગર્વમાં અકડાઇયે
દ્રઢ રાખો મન વીસવાસ

પડતીના દીવસને ભુલો, ન જાવો ચડતીમાં ફુલી,
અરે ભાઇ = ન કરસો કોઇની સાથ કડવાસ
નહીં નીભે ચડતી સદા. આવી પડશે પડતી કદા
રાખો હૃદયમાં, નીત નરમાસ.

ચાલ. અરે. જ્ઞાનીની.

સુણો જ્ઞાની = ચડતીમાં તો. મદાય ચડતું ભાસે
સુણો જ્ઞાની= ચડતીમાં આવે. કરવા સગા બરદાસે મીલાન.
અરે ભાઇ = માધ્યા, ચડતીના ભોગ વીલાસ
જેવી ઓટ અને ભરતી, તેમ આવે ચડતી પડતી,
સરખા નહીં, બારે માસ. (૧)

હવે પડતીની કહું કાહાણી, તમે સાંભલો સાચી વાણી
અરે ભાઇ = છે પડતીનો પડતો પ્રકાશ
સુખ ચડતીનું વીદારી, દુઃખ દેખાડે તે ભારી
ઉપજાવે ઝાઝા ત્રાસ.

ચોતરફથી હાણી કરાવે. ધોળે દીવસે રખડાવે
અરે ભાઇ = કરાવે અપકીરતી ચોપાસ
વાહાલાઓ તે વેરી થાય, પડતીમાં તે નાદાસી જાય
પ્રસરાવે બહુ ભુરાસ.

ચાલ અરે જ્ઞાનીની.

સુણો જ્ઞાની = ઉતરાવે પડતી તો નીજ માન મીજાસે
સુણો જ્ઞાની = અટકાવે પડતી મળતી સૌ પેદાસે મીલાન.
અરે ભાઇ = શેક બી, બને પડતીમાં દાસ
જેવી ઓટ અને ભરતી, તેમ આવે ચડતી પડતી,
સરખા નહીં બારે માસ. (૨)

ચડતીમાં ગર્વ નહીં કરીયે, શાંતીને નહીં વીસરીયે
અરે ભાઇ = ન કરીયે કોઇની સાથે ભુંડાસ
ચડતીનો છે ચડતો તોર, નથી રહેવાનો ચકોર

તમે જુવો કરીને તપાસ.
ચડત માં માન નહીં ધરીયે. સર્વનું ભલું આદરીયે
અરે ભાઇ = રખીયે સઉની સાથ મીઠાસ
ચડતીમાં કરીયે પરમાર્થ, રહીયે બનીને નીસ્વાર્થ
પ્રભુ ભજીયે શ્વાસો શ્વાસ.

ચાલ. અરે. જ્ઞાનીની.

સુણો જ્ઞાની = ચડતીમાં, ઈશ્વર અનુકુળ દેખાસે
સુણો જ્ઞાની = મનના ધારેલા કામ સીધ સહુ થાસે મીજાન
અરે ભાઇ = થાવું પડશે કોઇદી નીરાશ
જેવી ઓટ અને ભરતી, તેમ આવે ચડતી પડતી.
સરખા નહીં બારે માસ. (૩)

પડતીમાં ધીરજ ધારી. રહેવું આ [illegible] મારી
અરે ભાઇ = પડતીનો પડતો હોય રકાશ
પડતીમાં ન ડરીયે મન, કરીયે પ્રભુનું ભજન
કરે પુરણ શ્રી પ્રભુ આશ.

કહે મણીરામ હરી પ્યારા, છે હલકા શબ્દો તમારા
અરે ભાઇ = જોયું અંબાલાલે જ્ઞાન જીજ્ઞાસ
કથે હરજીભાઇ મોરાર, મારા ખ્યાલનો ચમકાર
કોહીનુરના જેવો ભાસ.

ચાલ. અરે. જ્ઞાનીની.

સુણો જ્ઞાની = ચડતી પડતીનો આતો છંદ વખણાસે
સુણો જ્ઞાની = ભરી મીજલસમાં " ભગવાન " દાસ પુર ગાસે મીજાન
અરે ભાઇ = સહાય છે જેને શ્રી અવીનાશ
જેવી ઓટ અને ભરતી, તેમ આવે ચડતી પડતી,
સરખા નહી બારે માસ. (૪)

જીવ. અને. કાયા. બેઉનો સંવાદ.

રંગત. મારીજાન. ઝડફી. ક. જ. ખ્યાલ. બી. (૧૨)

સુણો જીવ કાયાનો ઝગડો, અજ્ઞાનમાં ના કોઇ તગડો
અરે ભાઈ= સાર જીવ કાયાનો કહું ખાસ

આયુષ જ્યારે ખુટી જાય, ત્યારે જીવ અળગો થાય
પડે જડ કાયા સત ભાસ. ટેક.

કહે જીવ સાંભલ તું કાયા. મને લાગી તુજથી માયા
મમ પ્રીયે = જેથી હું રહું છું. તારી પાસ
પ્રેમ તારાપર છે મારો, જેથી સંગ કરૂં તારો
તું ભોગવે રંગ વીલાસ.

તારી જાલમાં જે જે ફસાયા, ચોરાસી તે અથડાયા
મમ પ્રીયે = તેનો તું કરીલે પુરણ ક્યાસ
ખાલી કરે શું લવારો, તારો કાયદો છે કારો.
જેથી કરૂ છું તુજને નીરાશ.

ચાલ. અરે. જ્ઞાનીની.

સુણ કાયા = સત્યતાની નહિં કરી, તેં કોઈદી કમાણી
સુણ કાયા = વિષય વાસના ભોગવી ભવ ભટકાણી
સુણ કાયા = મોહો માયામાં, મીથ્યા શું મલકાણી મીજ્ઞાન.
જેથી તુજને તરછોડી, જાવું છું અંતે છોડી
સુણ કાયા = તોડોને સઘળી તારી આશ.
જ્યારે આયુશ ખુટી જાય, ત્યારે જીવ અળગો થાય
પડે જડ કાયા, સત ભાસ. (૧)

કહે કાયા સુણો જીવ વાહાલા, તમે કરો ન આલા કાલા
પ્રીય પ્રાણ = મને તો, તમારો છે વીસવાસ
ચાહે મારો યા જીવાડો, ચાહે તારો યા ડુબાડો
પણ હું છું તમારી દાસ.

તમે પ્યારા છો પ્રતિપાલા. કહું કરી હું કાલાવાલા
પ્રીય પ્રાણ = નીભાવો તમે સદા અડવાસ
કાજ સુધારો બગાડો ચાહે રંગમાં રમાડો
તમે અખંડ છો અવીનાશ.

ચાલ. અરે. જ્ઞાનીની.

જીવ પ્યારા = તમે આદ બ્રહ્મ છો પુરણ પુરૂષ પુરાણી
જીવ પ્યારા = તમે અંતર જામી સ્વામી છો નીરવાણી

જીવ પ્યારા= છોડાવો બંધન, ભવના દયા દીલ આણી મીલાન.
છઊં નાથ તમારી દાસી, હું પ્રેમ ભાવની પ્યાસી
પ્રીય પ્રાણ= નથી મમ ઘટમાં જ્ઞાન પ્રકાશ
જ્યારે અયુષ ખુટી જાય, ત્યારે જીવ અળગો થાય
પડે જડ કાયા સત ભાસ. (૨)

જીવ કહે એ કાયા નારી, તું ઘણી છે મુજને પ્યારી
મમ પ્રીયે= નામનો તો છે આખર નાશ
નહિં રહે કોઇ અમર, સઉને મરણનો છે ડર
એવો જમનો છે બહુ ત્રાસ

તું વાત આ સાંભલ મારી, હું કહું શીખામણ સારી
મમ પ્રીયે= તજીદે હું પદને મીજાસ
ભજન પ્રભુનું તું કર, શુદ્ધ કરીને અંતર
સમરીલે શ્વાસો સ્વાસ..

ચાલ. અરે જ્ઞાનીની.

સુણ કાયા= કામધેનું કુલ કાજની તું કલ્યાણી
સુણ કાયા= માયાની છાયા પ્રસીધ્ધ તુજને જાણી
સુણ કાયા= તુજ આશરે, સર્વે લેહેર કરે છે પ્રાણી મીલાન.

છે તારી પ્રબળ બલીહારી, સાંભળ તું કાયા નારી
મમ પ્રીયે= જેથી તું રાખીલે નરમાશ
જ્યારે આયુષ ખુટી જાય, ત્યારે જીવ અળગો થાય
પડે જડ કાયા શત ભાસ. (૩)

કહે કાયા જીવ અલબેલા, પ્રીતમ મમ છેલ છબેલા
પ્રીય પ્રાણ= સદા તમે રહો છો મન હુલ્લાસ
તમે ચિંતવો જે જે કામ, તે તે કરૂં હું તમામ
તમ આશરે બારે માસ.

મણીરામ કહે સુણ ઘેલા છંદ મારા છે બહુ સેહેલા
ભારીજાન= કીધો હરીદાસે; પુર્ણ અભ્યાસ
કહે અંબાલાલ મોરાર, છંદ સભામાં ઘલકાર
પરસોતમ કાલીદાસ.

ચાલ. અંગે. જ્ઞાનીની.

પ્રીય પ્યારા= બહુ કઠન છે તરવી લખ ચોરાસી ખાણી
જીવ પ્યારા= સતગુરૂ ગ્રહી કર લેસે અંતે તાણી
સુણ પ્યારા= છંદ ભાણુલાલ હરજી ગાયે નીત છાણી મીલાન.

સુણ શાયર મનના મેલા, આતમને ઓળખો પહેલા
મારી જાન=કહે "ભગવાન" હરીનો દાસ
જ્યારે આયુષ ખુટી જાય, ત્યારે જીવ અળગો થાય
પડે જડ કાયા સત ભાસ. (૪)

શુભ કર્તા હર્તા માહા પ્રભુ સમર્થ છે.

રંગત મારીજાન ક. જ. ખી. (૧૩)

હું જુલમ કરૂં તો ગુન્હેગાર કહેવાવું
મારીજાન = લેવા એ લેખા ધરમને દ્વાર
મારણ તારણ પાર ઉતારણ સૌનો સરજન હાર ટેક.

તમે સાને સહો છો દુખના દાહાડા પ્યારા
મારી જાન=બન્યા છો બાવા બે દરકાર
પાક દીલ નહીં કીધા વગર કદી મળવાના દીદાર
દીદારની મતલબ હોય તો અરપો તન મન
મારીજાન=કરો નહીં વીલમ તેમાં લગાર
સુધારસે બાજી તે તમારી ઈચ્છા પુરશે યાર

ચાલ જુની.

ભોગવો સુખને દુખ કરમમાં જેવું
નીંદ્યાના પાપનું કરો ન ઝાઝુ દેવું
કર્તા હર્તાનું નામ જીભ્યાપર લેવું મીલાન.

મારીજાન=ગુમ સુણ કુદરતની માર
મારણ તારણ પાર ઉતારણ સૌનો સરજન હાર (૧)

જેની જેવી ઇંચ્છા તેવા ફળ પામે.
મારીજાન= પરમ પદ લેવા મનતું ધાર.
ઘડી એકની ફુરસદ લઇ રશના પર નામ ઉચ્ચાર.
શું થાસે ઘડી પલમાં તે જાણે માલીક.
મારીજાન= ચીત્ત ચેતન આતમ ને નીહાર.
બે દીના મહેમાન અંતમાં ક્ષણ ભંગુર સંસાર.

ચાલ જુની.

માટે લેજો આ મનમાં વાત વીચારી.
નહીં તો જંગલની મુસાફરી છે ભારી.
સીંહ વાઘ રીંછ ચીત્રાઓ નખસે મારી મીજાન.
મારી જાન= કરસે આતમનું તેઓ આહાર,
મારણ તારણ પાર ઉતારણ સૌનો સરજનહાર. (૨)

મદ લોભ મોહને ક્રોધ કામ એ પાંચો
મારી જાન= એ છે આમનના પાંચ દોસદાર
કરી કપટ છલ છે તરસે કવખ્તે મારશે દાર
વળી કરશે તંગ બેઢંગ જંગ નીત કુસ્તી
મારી જાન= જેની છે તીક્ષણ અતી તલવાર
ઉડાવી દેસે ધડથી શીસ થઇ મનપર અસ્વાર

ચાલ જુની.

એચીતાની ચીન્તાની ચીત્તાને ધારી
થાસે આતન કોમળની ભુલથી ખ્વારી
નહીં રહે પછી મન ઉગરવાની બારી
મારી જાન= અપ કીરતી કરાવશે ત્રીસ્કાર
મારણ તારણ પાર ઉતારણ સૌનો બેલી દાદાર

જેથી કરો સત સંગ ગંગ નીરમળ નાહાવો
મારી જાન= કહે મણીરામ હરી સત સાર
સંસારના વહેવાર સંભાળી પછી કરો એકતાર
કહે અંબાલાલ પરસોતમ ભજ નારાયણ
મારીજાન= કહે કાલીદાસ હરજી મોરાર
ભાણાલાલ ગીરધર કહે ભજનથી બેડો થાસેપાર

ચાલ જુની.

આ ખ્યાલ બનાવ્યો ત્હારા ખ્યાલની ઉપર
કર્યા ટુકડા ચાર ચોકના સભાની અંદર
"**ભગવાન**" ની સામે ચાલે ન જંતર મંતર   મીલાન.

મારીજાનઃ રચે "**ભગવાન**" શુભ છંદ હજાર
મારણ તારણ પાર ઉતારણ સૌના શ્રી કીરતાર   (૪)

હીંદ ભારતમાં જળપ્રલય કોપ કુદરતી થયો
રંગત. મારીજાન. ખ્યાલ. (૧૪)

શ્રી ધરણી ધરનું ધાર્યું સદા થાયે છે.
મારીજાનઃ પ્રભુ છે સૌના સુધારામાં
થઇ કુદરતની કેહેર જુવો આ હીંદના બારામાં   ટેક.

થયો પલ્ય કોપ એકાએક જોયા જેવો
મારીજાન= મેઘ વરસ્યો મુસળ ધારામાં
થઇ ગઇ છલાછલ નદીયો રેલપુર આવી ધસારામાં
કંઇ નરનારો બાલકોને ગૈઓ ઢોરો
મારીજાન= તણાયા જળના દ્વારામાં
લાખો જીવની હાણી થઇ ગઇ એક પલકારામાં
વળી પડી ગયા કંઇ ઘરોને ઝુપડા હજારો
મારીજાનઃ પવન પાણીના પ્રસારામાં
કોઇ કોઇ ઝાડે ચડયા પડયા જન દુખના કયારામાં

ચાલ જુની.

નથી જોતા દેશના લોકો હજુએ જાગી
સ્વારથની નીંદ્રા નીંધ્યામાં રહયા લાગી.
ધ્યો દ્વેસ કલેસ હમેસને માટે ત્યાગી.

મી લા ન.

મારીજાન= પ્રપંચ કુડ ભર્યા હમારામાં
થઇ કુદરતની કહેર શહેર ગુજરાતના બારામાં   (૧)

ભરૂચમાં રેલ નદીયોમાં પુર આવ્યું છે
મારીજાન = નરબદાજીના કીનારામાં

ખાલી કરી સૌ ગયા ઘરો નીજ કુટુંમ્બ પ્યારામાં
વળી વડોદરામાં કહેર થયો છે ભારી
મારીજાન = જળ દેવના પ્રહારામાં
નાશ થયા અન્ન ધનને. મનુષ્યો ગેબી ધૂજારામાં
વળી અમદાવાદની સાબરમતી નદીમાં
મારીજાન = ધસ્યું જળ પુર છલકારામાં
બેસુમાર વરસાદ પડયો, ચોળડીયા નદારામાં

ચાલ. જુની.

આ કીયા જન્મના પાપો નડયા અત્યારે
આ પ્રચંડ વૃષ્ટી ઇંદ્રે કીધી જ્યારે
જેનાથી ખુવારી થઇ, દેશમાં ભારે મીલાન.

મારીજાન = ડુબ્યા જન હત્યાચારામાં
થઇ કુદરતની મહેર ઉતર, ગુજરાતના બારામાં (૨)

વળી બીજા ગામડાનો, હીસાબ શું કહેવો
મારીજાન = આવ્યું દુ:ખ: નબળા સીતારામાં
દૈવ યોગે દુ:ખ થયું પ્રામ, કુદરતના મારામાં
વળી ભાવનગરને કાઠીયાવાડમાં સમજો
મારીજાન = કહેર વરત્યો છે કુધારામાં
પ્રલય કોપ આ થયો, લોભ સ્વાર્થના પનારામાં
કુદષ્ટી ઈર્ષા નીંદયા, કપટ છલ ઝાઝા
મારીજાન = પાપ પ્રગટયું, પુર નજારામાં
ભુલ્યા ધરમ ખટ કર્મ, શરમ ના રહી પુજારામાં

ચાલ. જુની.

કયારે થાસે આ દેશીજનો સભાગી
મહા ગુના તણી માફી, સો લેશે માંગી
મન તન મંદીરમાં, કયારે થાસે વેરાગી મીલાન.

મારીજાન = ધ્યાન નથી, સરજન હારામાં
થઇ કુદરતની કહેર શહેર, ગુજરાતના બારામાં (૩)

વળી કામ ક્રોધ મદ લોભ, મોહ પાંચે જે
મારીજાન = થયા પ્રવેશ, તન સારામાં

મણીરામ હરીદાસ, છંદ ગાયે એક તારામાં
બ્રાહ્મણો વૈષ્ણવો ક્ષત્રીઓને શુદ્રો
મારીજાન = પોઢયા લોભના પથારામાં
અચીંતા જીવ લઇ જાશે, જમ મોહ મટકારામાં
ચેતો ચેતો સુજનોં, વેળાસર જાગો
મારીજાન — બ્યો પ્રલય કોપ કારામાં
યમદુતો મારસે ઝાલી, જોડસે ખટારામાં

ચાલ. જુની.

મોરાર હરજી કહે, જેથી ચેની ચાલો
કહે **અંબાલાલ.** પર નીંદયા કરવી ટાલો
શ્રી જગકર્તાની માળા, કરમાં ઝાલો મીલાન.

મારીજાન — કહે "**ભગવાન**" ઇસારામાં
આઇ કુદરતની કહેર જુવો. ગુજરાતના બારામાં (૪)

ઉલટી. વાણીભેદી. પુછક. ખ્યાલ. નીરગુણી.
રંગત. મારીજાન. ખ્યાલ. (૧૫)

એક સહેજ ભેદ સત વેદમાં વાંચી જુવો
મારીજાન= સુણો શ્રોતાજન માહારી વાત
રાતે ડોબા ચારે સોડ ત્રાણીને સુવે પરભાત ટેક.

એક બેલ ખેલ કરતો મેં અદ્‌ભૂત જોયો
મારીજાન= જ્ઞાનીયો કરો તમે મન કયાસ
ચાર સીંગડા ચાર પુછડા તેની કરો તપાસ
વળી ચાર આંખને બે માથા છે જેના
મારીજાન= ચરણ છે ચોવીસ તેના ખાસ
ફરે ફરે નીત કરે મજુરી કદી ન ખાયે ઘાસ

ચાલ. જુની.

એ બેલ રેલ તન મેલમાં મેલ મીલાવે
કોઇ જ્ઞાની સમજે સાર ભેદ સમજાવે મીલાન

મારીજાન= નામ જેનું જગમાં પ્રખ્યાત
રાતે ડોબા ચારે સોડ ત્રાણીને સુવે પરભાત (૧)

વળી બીજા ચોકમાં અચરજ એવું જોયું
મારીજાન= સ્વાન એક બાજીરાવ પાટીલ
કરબીન ઘડબીન શીરબીન મુખબીન બોલે જેનું દીલ
વળી ડોલે નહીં ડગ મગે કોઇ કાલે તે
મારીજાન= જાતનો જોયો જબરો ભીલ
અંગે પીલો મુખે કાલો કુટીએ મારી સીલ

ચાલ જુની.

જો પુરા ગુરૂના ચેલા તમે કહેવાવો
તો જવાબ આપ્યા વગર ખ્યાલ નહીં ગાવો મીલાન.

મારીજાન= જેના ચોસઠ ગજ લાંબા હાત
રાતે ડોબા ચારે સોડ તાણીને સુવે પરભાત (૨)

વળી ત્રીજા ચોકમાં ભેદ સહેજ છે સહેલો
મારીજાન= અશ્વ એક ચક્ષુ વીનાનો યાર
ચાર ચરણને બદલે એના દીઠા ચરણ બે બાર
વળી નાક કાન ને મુખ છે તેનું ધોળું
મારીજાન= અંગ લીલું છે જેનું સાર
મુછ પુછ ને ચરણ તણો રંગ લાલ દીઠો નીરધાર

ચાલ જુની.

એ ઘોડો નથી દી રાત ધ્યાનમાં લાવો
અમુલ્ય મુલ સત ભેદ ખોલી બતલાવો મીલાન.

મારીજાન – જેના બાવન, ગજ લાંબા દાંત
રાતે ડોબા ચારે; સોડ તાણીને સુવે પરભાત (૩)

વળી ચોથા ચોકમાં, ખર એક જબરો જોયો
મારીજાન – મોવાળા લાંબા બઉંતેર ગજ
લબડે ચરણમાં બાલ; ચાલથી ઉડે આભમાં રજ
મુછ પુછ જેના લાંબા, તેત્રીસ ગજના છે
મારીજાન – નાક નવગજ લાંબુ છે સમજ
દાંત કાન હાથીના જેવા, હું જોઇ પામ્યો અચરજ

ચાલ. જુની.

આ ચાર ચોકનો સાર, ભેદ કહો જ્ઞાની
તો જાણુ તમારામાં છે, ગુરૂ ગમ પાની મીલાન.

મારીજાન – હાત છપ્પન ગજ, દીસે રળીયાત
રાતે ડોબા ચારે, સોડ તાણીને સુવે પરભાત (૪)

આ ચાર ચોકના, ચાર ભેદ છે ન્યારા
મારીજાન – હાલ ખ્યાલમાં લખી ગાવો
એક વરસની મુદ્દત દઉં, બસ જવાબ લઇ આવો
નહીં મળે ભેદતો, આવી પુછજો હમને
મારી જાન - ચેલા મણીરામના થઇ જાવો
અંબાલાલ હરીદાસ કહે. નહિ કરો જુઠો દાવો

ચાલ. જુની.

કહે મોરાર હરજી, ભેદ ચારછે સાચા
જે જવાબ દેતે જનની, અમૃત વાચા મીલાન.

મારીજાન = ગાએ " **ભગવાન** " છંદ આખીરાત
રાતે ડોબા ચારે, સોડ તાણીને સુવે પરભાત (૫)

ભેદી ખ્યાલ પુછક. ઉલટી વાણી.

રંગત. મારીજાન. ક. સ. ખી. (૧૬)

એક અચરજ દીઠું, જોવા જેવું .સમજો
મારીજાન – ભેંસ વેષમાં હતી રળીયાત
વાઘ ચરાવે ગાય જોય, લઇ જંગલમાં પરભાત ટેર.

વળી બીજી બકરી વકરી ઝકડી જાયે
મારીજાન – નાંખી સીંહના, ગળામાં ફાંસ
કાગ કરે રંગ રાગ, ફાગ ખેલે ખુબ બારે માસ
સસલાથી વનનો રાય સીંહ ધભરાયો
મારીજાન – ઉંદર મિદડીનો કરી ગયો ગ્રાસ
વાંદરાએ વનફળોને બદલે, ભુલમાં ખાધુ ઘાસ

ચાલ. જુની.

આ પહેલા ચોકની, ઉલટી સુલટી વાણી
સત સારને સમજી જવાબ દેજો જાણી મીલાન.

મારીજાન – સીંહનું પુછડું. શીયાળને હાથ
વાઘ ચરાવે ગાય જાય, લઇ જંગલમાં પરભાત (૧)

વળી બીજું અચરજ દીઠું મહાતમ ભરીયું
મારીજાન — સીંહના લબડે પગમાં કાન
નાક હતું લાંબુ નવગજ, તેના પર દેજો ધ્યાન
વળી પુછડું બાવન ગજનું સોહે ઉત્તમ
મારીજાન — જોઇ ચીત્રાનું ઘટયું માન
જળમાં રેનારી મગરી ગટ ગળી કરી ગઈ પાન

ચાલ. જુની.

આ બીજા ચોકનો સાર સકલ દરસાવો
નહિંતો ગાવા નહિ, આવો જાવો લજાવો   મીલાન.
મારીજાન — છે બહુ તીક્ષણ, મગરીના દાંત
વાઘ ચરાવે ગાય જાય, લઇ જંગલમાં પરભાત   (૨)

વળી ત્રીજા ચોકમાં, ભેદ એક અદભુત જોયો
મારીજાન — દીઠી એક, કુતરી સુતરી સાર
ઝડપ ઝાલી મગરીને, ચીરી ચીત્રાને કાઢયો બ્હાર
કુતરીની પાછળ દોડયા, દશવીસ કુતરા
મારીજાન = થઇ ગયો જબરો સોર પુકાર
ભાગી ગયા ચીત્રાને વાઘ, સીંહ જંગલના સરદાર

ચાલ. જુની.

આ ત્રીજા ચોકનો સાર, બહુ અઘરો છે
સત જ્ઞાન તણો, તારો મારો છે ઝગડો છે.   મીલાન.
મારીજાન — મારી કુતરાએ મુષ્ટી લાત
વાઘ ચરાવે ગાય જાય લઇ, જંગલમાં પરભાત.   (૩)

આ ચોથા ચોકનો ભેદ, સઉથી સહેલો છે
મારીજાન — દીઠો એક, ધોબી ઘાટ પર હાટ
કરવા ગયા વેપાર વનના, રાજાઓ મારી ઝુલ્ફાટ
મેળવ્યો નફો ચોગણો, ગયા સઉ ફાવી
મારીજાન — તજી વ્યાધા, બાધા ઉચ્ચાટ
આટ થાટ કાકુની કાટ, તીનપાટ દાટવા ટાટ   મરાઠી

ચાલ. જુની.

હા નાહીં તમાસા ખેળ, સોગટે બાજી મરાઠી.
અંઇ જીતી ન શકયા, હારી વેંધા પાજી કચ્છી
મુજીજાન — વીનો અંઈ સુમજા, કરઇ નીરાંત કચ્છી
વાઘ ચરાવે ગાય જાય, લઇ જંગલમાં પરભાત્ત. (૪)

આ ચાર ચોકના ચાર ભેદ છે સહેલા
મારીજાન — કરો જવાબ લખી તઇયાર
આવો લડાવો જ્ઞાન, ધ્યાનથી બાંધો સત હથીયાર
મણીરામ ચંદ્ર હરીદાસના ઉલટા છંદો
મુજીજાન — નત્તા જાણુંહી ચર્યાં ગઇયાર કચ્છી
અંબાલાલ હરજી મોરાર, ચયે કાલીદાસ લલકાર.

ચાલ. જુની.

પરસોતમ કહે નીત, ગુરૂચરણમાં રેસો
ત્યારે જવાબ સ્વાલોના, સાયર દેસો મીલાન.
મારીજાન — રચે "ભગવાન" છંદ ત્રીસો રાત
વાઘ ચરાવે ગાય જાય લઈ, જંગલમાં પરભાત (૫)

નીરગુણી. નાયકા. ચાર. સાહેલી. ભેદી. સવાલ. પુછક.

રંગત. મારીજાન. ક. સ. ઉલટી વાણી ખી. (૧૭)

એક ચાર સાહેલી જલ ભરવા ગઇ કુવે
મારીજાન — ઝાલી એક એકનો ચારે હાથ
પરભાતને નીરાંત લઇ, સોગાત ગઇ રળીયાત. ટેક.

પરભાતે કહ્યું પોતાનું દુઃખ સખીયોથી
મારીજાન — નથી પીયું લેતો મારી દાદ
બળી જળી હું ખાક થાઉં છું, કેને કરૂં ફરીયાદ
મમ ચીતડું ચળી જાયે છે, સ્વામી મારો
મારીજાન — તે સઘળું હસે તમોને યાદ
છોગાળો મમ છેલ છળી, છલબલમાં કરે ઉનમાદ
સું કહેવું સખી સમજુ, સ્યાણાને મ્હારે
મારીજાન — નાનકડો નાચે નાના નાદ
કહું કરમની કહાણી કેને કરે કંથ કદાચીત સાદ

આવ્યા મમ દુ:ખના, દાહાડા દોયલા બેહેનો
મારીજાન — સ્વામી માંરો છે ગુની ઉસ્તાદ
નીસદીન ફાગણ માસ, હમારા ઘરમાં વાદવીવાદ

ચાલ. જુની.

છે કંથ સખી પરદુ:ખ ભંજન બહુ ડાહ્યો.
જેના સતનો ડંકોને શીકકો......છાયો.
શુરવીરોમાં શુરવીર, શુરો કહેવાયો મીલાન.
મારીજાન — કરે નહીં હસીને, કોઇદી વાત
પરભાતને નીરાંત લઇ, સોગાત ગઇ રળીઆત (૧)

બોલી બીજી નીરાંત, વાત મમ દુ:ખની
મારીજાન — કહુંતો કહેતા ન આવે પાર
ખાંગે પીયે નીત મોજ કરે, પીયુ કરે ન મમ દરકાર
થઇ ગાંડો ઘેલો ફરે, કરે નહીં ધંધો
મારીજાન — બળ્યો, બુરો આ મમ સંસાર
હું ગોરી કોરીને કોરી રસ, ઢોરી જાય ભરથાર
નહીં બોરી રંગમાં કદી કુબોરી પીયુએ
મારીજાન— પરમ પ્રેમનો ન પરખ્યો પ્યાર
ધીક ધીક આ જીવતર પર જન્મી અફળ ગયો અવતાર
એવા સું વીધાએ લેખો લખ્યા છે મ્હારા
મારીજાન= વહ્યો પુર પ્રેમ સાગરનો બ્હાર
પરાધીન રંગની રેલ છેલ દમીયેલ ભુલ્યા આચાર

ચાલ જુની.

શું કહેવું સખી પીયું પ્રાણ ગયા છે દુલી
કાયાની માયા છાયામાં રહયા છે ઝુલી
જોઈ દાયા ડહાપણ ડાહાવા ગયા છે ભુલી મીલાન.
મારીજાન= મંતી મુંજાણી મન ધભરાત
પરભાતને નીરાત લઇ સોગાત ગઇ રળીયાત ૨

વળી ત્રીજી કહે સોગાત સાંભળો બેહેનો
મારીજાન= કંથ મારો છે ઘણો વીધવાન
નથી બોલતા કદી હસીને કરૂં છું હું બહું સાન
આવો બેસો બે ઘડી પડી લડી લઇએ

મારીજાન= માંગે છે પ્રીતમ પ્રાણ નીતમાન
કદી કદી કહું હસતા હસતા લો પ્રેમ તણું આપાન
તો આંખોના એડોળાઓ ધુરકાવે
મારીજાન= બતાવે દાંત કચડીને જવાન
મરી જાવો મા બાપ પ્રીતમને નથી જરાયે ભાન
પંડીતનો પુત્ર પંડીતાઇ કરે છે
મારીજાન= ફરે છે દેસો દેસ દરમ્યાન
દીયે જકતને બોધ નથી દેતા મારા પર ધ્યાન

ચાલ જુની.

મ્હારી તો એમને ફીકર ન થાયે બીલકુલ
આ જીવનમાં નહી જીવન છે ધુળની ધુલ
કરમાઇ ગયું સત પત નેકીનું ફુલ ફુલ મીલાન.

મારીજાન= બની ગાંડી ઘેલી ગુજરાત
પરભાતને નીરાત ગઇ સોગાત લઇ રળીયાત (૩)

ચોથી રળીયાત કહે વાત સુણો તમે મ્હારી
મારીજાન= ધણી મારો છે ઘણો આણી
લાવી દીયે છે દુધ તરત જે હું માગું પાણી
શું વખાણું કરૂં હું એહનો મમ સ્વામીના
મારીજાન= કરાવે મુજને સેલાણી
કદી જે હું આંખો કહાડું તો વદે વીમળવાણી
મમ શાદ કદી શુણે તો સ્વામી ધ્રુજે
મારીજાન= નથી મ્હારા જેવી સ્યાણી
મંત્ર આપુ તમને તેમ કરજે જઇને ઠકરાણી
રળીયાતે મંત્ર આપ્યો એ ત્રણે સખીયોને
મારીજાન= કહો શું મંત્ર કહયો છાની
સુખી પછી થઇ ત્રણે સર્વદા કર્મ ગતી જાણી

ચાલ જુની.

આ ચાર નાર છે કોણ સાર સમજાવો
ચારે ના પતીના નામ ઠામ બતલાવો
દુવા પર નોખી ચાર નાર લઈ આવો મીલાન.

મારીજાન= લખો છંદ લેખણુ લઇને હાત
પરભાતને નીરાત ગઇ સોગાત લઈ રળીયાત (૪)

આ ગપ સપની નથી વાત ધ્યાનમાં લેજો
મારીજાન= ફેરવજો પોથા બારે માસ
લખી છંદ પર છંદ આપજો જંવાબ કરી મન કયાસ
તો કવીયોમાં લેખાસો, આપબી નામી
મારીજાન = કહે મણીરામ ચંદ્ર હરીદાસ
બાર માસની મુદત આપુ છું, નહીં થાતા ઉદાસ
કહે **અંબાલાલ** મોરાર હરજી પરસોતમ
મારીજાન = પ્રાણુજીવન છે, મન હુલ્લાસ
ચીત્ત ચંગ ઉપર સોહે તુરરો, નીસાન અખંડ સુખરાસ
કહે ભાણુલાલ કરસન ગીરધરને લલ્લુ
મારીજાન = નારાયણ કહે ભજો અવીનાસ
કાલીદાસ ગોપાલ ધનજી ગાયે છે જ્ઞાન પરકાશ

ચાલ. જુની.

શબ્દોના બાણ." **ભગવાન** " સભામાં મારી
જશ જીતી ગયો, બસ લે મન વાત વીચારી
" **ભગવાન** " થી સતસંગ કરતા જાસો હારી મીલાન.
મારીજાન = કઠણુ છે સમજ આજની રાત
પરભાત થઇ નીરાંત લઇ, સોગાત ગઈ રળીયાત (૫)

બ્રીટીશ સરકારની સત્ય વિજય.

રંગત લંગડી ઝડફી. ખ્યાલ. (૧૬)

ધન્ય ધન્ય બ્રીટીશ રાજ, કોહીનુર જેવો તાજ, સોહે સત્યનાનો સાજ
સંસ્કારી તમે = ચાર ખુટમાં = મેળવ્યો યશ કીરતી શુભ ભારી તમે ટેક.
તમે તપ ધારી વેપારી પ્રબળ તપની છે બલીહારી, ગુણો નીતીને પ્રચારી
સરનામ કીધું – નવે ખંડમાં – ધરાવી સત્તાએ ઉત્તમ કામ કીધું

કાઢયા રસ્તા તોડી પહાડ, કાપી નાખ્યા ઝાડ તાડ, નીર્ભય કીધી હતી રાડ
હગામ કીધું= જંગલ અંદર= વસાવ્યા શહેરો સુખ આરામ કીધું

શેર.

સંકટ હર્યા આ દેશના, લાવીને ગાડી રેલજી
મુલકે મુલક હરગામમાં, થઇ સુખની રેલંમ છેલજી
પુર્વે હમારા દેશીયોને, હતું અતી મુશકેલજી
તમ આવતા સંકટ ગયું, કરે સૌ કોઇ હવે સહેલજી

છોટી.

શુભ વહાણો સ્ટીમરો લાવ્યા આપ બનાવી
તરી આવ્યા સાગર ખારો દૈવ ને ભાવી
શુભ કૃળો તમે આપ્યા છે સત બીજ વાવી
વેડીને દુખ કર્યું સુખં સાંતી ફેલાવી દોહોરો
બીજા કાઢયા તેલી ગ્રાફ વાયર લેસ તણા ઉપચાર
દેશ પરદેશે ખબર મળે, જેથી સાંજ સવાર, મીત્રાન
હતો હીંદમાં પુર્વે તાપ, હર્યો આપે એ સંતાપ, સબળ સકિત વાળા આપ
તપ ધારી તમે= ચાર ખુટમાં= મેળવ્યો યશ શુભ કીરતી ભારી તમે (૧)
હતો પુર્વે બહું દર, કર્યો અકકલથી નીડર, સુખી થયા નારી નર
ગાતો મંગળ ગાય= આનંદ ઓત્સવ= ઘરોઘર હીંદી પ્રજામાં નુતન થાય
બીજી કાહાડી વીજલીક ટ્રામ, શ્રમ વેડીને મુદામ, પબલીક રોડ પર તમામ,
ચાલે સર સર= કામદારો સૌ= બેસીને જાયે સકલ નોકરી ઉપર

શેર.

કહાડયા બીજા વીમાનો એ અધર ઉડે આકાસમાં
હીકમત અને હુંન્નર કરે તે જન ફરે હુંલ્લાસમાં
માખણ હતું તે લઇ ગયા જોગી જનો નીજ પાસમાં
હુંન્નર વીનાના આળસું શું મોજ માણે છાસમાં

છોટી.

બીજી મોટર કારો ને ગાડીયો કાહાડી
તેમા બેસીને ફરે પ્રજા જન દાહાડી
બંધાવ્યા દરીયા મહેલો બગીચા વાડી
પુરાણા ઝુપડા વાડી પાર ઉજાડી

દોહોરો.

એતો કર્મની ગતી પ્રબલ, કળીન કોઇથી જાય.
કરણી પ્રમાણે સુખદુઃખ, સામે આવીને સરજાય. મીલાન.

દઈવ જાગે ત્યારે મળે, ગતી પ્રભુની ના કળે, લેખ લખ્યા નહિં ટળે
કળા ન્યારી તમે = ચાર ખુટમાં = મેળવી શુભ કીરતી યશ ભારી તમે (૨)
ધન્ય વીકટોરીયા મહારાણી, હતા ખ્રીસ્તિને ગ્યાણી, દેવીં સૃષ્ટીમાં સરજાણી
સતવંતી ખાસ = હતા દયાળુ = માયાળુ માતા હિંદ ભારતના પ્રકાશ
નોતી રીતી પ્રીતી જાણી, દયા હિંદ ઉપર આણી, હર્યાં સંકટ છાણી જાણી
કરીને તપાસ = હિંદનુ દલીદ્ર = ભગાડયુ પ્રગટ કર્યું સત્ય શુભ ભાસ.

શેર.

એમ સુખ કર્યું સૌ દેસમાં, હુન્નર કળાઓ આદરી
નીજ દેશોમાં યંત્રો, બનાવા દીધા પછી પ્રગટ કરી
મસીનો માલને કામના, લાગ્યા નીજ મન ઉલટ ધરી.
પાલન પ્રજાનું કરવા, મન ધરી, લાગણી આ ખરેખરી

છોટી.

બનાવ્યા સબળ ન્યારા ન્યારા હથીયારો
બરછી ભાલા બંદુક, તોપ તલવારો
વળી ભાત ભાતની, ઘડીયાલો ઓજારો
જુવે ઘડી ઘડી, ઘડીયાલમાં નરનેનારો

દોહોરો.

હુન્નર કળા પુરેપુરી, હવે ન કરશે કોય
કલીજુગ નહિં પણ, કરજુગ આ, ખરેખરો મન હોય, મીલાન.

ગ્યાણી ધ્યાની ગુણવાન, શુરાપુરા બળીયા જવાન, હીમ્મતવાન વીર સુજાન
અવતારી તમે = ચાર ખુટમાં = મેળવી શુભ કીરતી યશ ભારી તમે (૩)
તમે ડાહ્યા તો કહેવાયા, મહાન વીદ્યવાન લેખાયા, નામી નેકથી પરખાયા
શકિત કુદરતી = આપને બક્ષી = પ્રભુએ જેમાં ફેર કંઇ નથી રતી
અમે ગાંડા ઘેલા રહ્યા, ધર્મ કર્મ હીણા થયા, ભુલ્યા પરમાર્થને દયા
મયા મહેર મતી = જેથી અમો પર = પડે કુદરતી માર હરવાર અતી.

શેર.

અમે આળસુ અવીચારથી, સંકટ હજારો સહી રહ્યા
અમે પુન્ય ધર્મ આચારને, વીચાર શુભ ભુલી ગયા
અમે દેશમાં દ્વૅષ કલેશ, હમેશ ટેંસ કરતા થયા
નીરદય થયા. નીરલજ થયાં; નીંદયા કરી દુઃખ બહુ સહ્યા.

છોટી.

અમો ઘરમાં સંપ નહીં કુસંપ ફેલાયો છે
એ પ્રકાસ પુરણ પડતીનો છાયો છે
રહો ચડતી સદા જેનો સતનો પાયો છે
સત વાદીની વ્હારે શ્રી પ્રભું......ધાયો છે

દોહોરો.

સત્ય ધર્મનો ભેદ જાણે, તે જનનો બેડો પાર
સમ દ્રષ્ટીએ જુવે સર્વદા, તેનો સફળ અવતાર માહાર
બીજા રાજને માહારાજ, તે પર હુકમી આપ આજ
થયા બુડતા તાર્યા જાહાજ, લીધા ઉગારી તમે
ચાર ખુટમાં = વગાડયો ડંકા સત્યનો ભારી તમે (૪)
એવા હુનર ક્રોડ, જેમાં નહીં ખાપણુ ખોડ, ચાલે વીજલી વેગે દોડ
અપાર ગતી = પારન પામે = મ્હાન વીધવાનો ન પામ્યા સાર રતી
કહે ગુરૂ માગીરામ ,જેનું નવ ખંડમાં નામ, હામ કામમાં તમામ
લાગણી અતી = બુદ્ધી બળમાં=પ્રવીણ સરકારની છે શુભ સત્ય મતી

શેર

હરીદાસ અંબાલાલ કહે તપો બલનો આ પ્રતાપ છે
તપ કરે તનને તપાવે પામે પુન તે ... ... આપ છે
રહેણી કહેણીમાં પુરા જાણેન એ પુન ... ... પાપ છે
જપ જાપ અજપા જે કરે જુગો જુગમાં તેની છાપ છે

છોટી.

હરજી મોરાર કહે જે જન તપ ધારી છે
તેના નામની આ જગમાં બલી હારી છે
કહે બીખાજી રૂસતમ રંગત ન્યારી છે
સમજે જે જન જેને ભકિત પ્યારી છે

દોહોરો.

સત્ય પ્રભુ સત બુદ્ધી દીયો થાવો જય જય કાર
અમર નામને રાજ અખંડ રહો એના કુળ મોઝાર મીલાન.

બ્રીટીશ રાજના સમાન નથી રાજ કોઇ નીધાન, ગુણ ગાયે સત **"ભગવાન"**
સુખ કારી તમે=ચાર ખુટમાં=મેળવ્યો શુભજશ કીર્તી ભારી તમે (૫)

• ઇટોલા મધે એકસ પ્રેસ ગુડઝ સાથે અથડી પડી.
રંગત લંગડી ઝડફી ક. જ. ખ્યાલ (૧૯)

આવી દૈનો વરતારો, મીથ્યા થાયે નહીં યારો, કરો પ્રચારો હજારો
મન ઉમંગ ધરી=લેખને આધીન=થઇ યમદુતો જાયે પ્રાણુ હરી. ટેક.
સમજે શ્રોતા જનો હાલ, એક્ષ પ્રેસ ફાસ્ટ્રેન પરકાશ, બેઠો બનીને વીકાલ
અતી માહા બલવાન=કોલાબેથી=ઉપડી રાતે સવા આઠે કહું બ્યાન
બાલક બચ્ચા નારીનર, સાડી ત્રણુસો પેસેંન્જર, આસરે હતા ખરેખર
તેમાં સત નીધાન=ઇટોલાપરે=કાલ વીસાલ ધરી ૩૫ બેઠો માહાન.

શેર.

સને ઓગણીસ્સો આઠ તારીખ પચીસ માહ જુનની હતી
ગુરૂવારની રાતે થઇ એક્ષ પ્રેસની માઠી...........ગતી
બનવા કાળ તે હરગીજ બને નહીં ફેર તેમાં કોઇ...કરે
કાલ નાખી ફાળ જાળ વીસાળમાં ભુલવે...........મતી

મીલાન.

એક ગુડઝ સેંન્ટીંગ કરતી એકથી બીજી લાઇનપર ફરતી રાતે ચાર વાગે કુદરતી
તેની દશા ફરી—લેખને આધીન—થઇ યમદુતો જાયે પ્રાણુ...હરી (૧)
કાલ ચોઘડીયે તે ઘડી, એક્ષ પ્રેસ એકદમ આવી ચડી ટક્કર મારી અથડી પડી.
સત કહું દીલદાર—આગ ભયંકર—સળગી ઓચીંતા ચમકી ઉઠીયા નરનાર.
ટુટી સૌ કોઇની આસ. જોઈ એકા એક તરાસ, કાલે કીધો કેવો નાસ.
એક પલમાં ચાર—શ્વાસ તેહના—ડબા એક જુદા વેંગનમાં હતા હજાર.

શેર.

લેખ વીધીએ જે લખ્યા તે કોઇ કાળે ફરે નહીં.
કીરતાર કામો જે કરે કર તેનો કોઇ ધરે નહીં.
નીંદ્રાની નાખી જાળ કાળે ઘેરી લીધા નીરદોષીને.
જાલીમ જુલમી આવતો જમ વાર્યો કદી તે વરે નહીં.

મીલાન.

સઉને સાલમાં લપટાવી, જાળ જુલમની બીછાવી, બળતી હોલીમાં હોમાવી
હઠ પુરી કરી–જાલીમ જુલમી–થઇ જમ દુતો જાયે પ્રાણ હરી (૨)
આગ ભયંકર તે જોઇ, ચીસો પાડે રોઇ રોઇ, માથું કુટે સૌ કોઇ
જોઇ જોઇ તોફાન–અગ્ની દેવે–કરીને કોપ ભોગ લીધા ધરી ધ્યાન.
જીવ તે જીવન જનને બાલ્યા, પછા એકેને નવાલ્યા. ટજો લેખ નહીં ટાલ્યા.
લખ્યા નીરમાન–જમશું કરશે–કર્તા હર્તા સૌ નો છે શ્રી ભગવાન.

શેર.

વીજલી વેગે તારમાં, સઉને સવારે ખબર પડી
રેલ્વે અધીકારીઓ જઇ, પહોચ્યા ત જગે તે ઘડી
જોઇ ઢંગલા લાસના, ધ્રુજે તન થરથર ત્યાં જોનારનાં
હાયરે ઘડી મોતની એ આવીને કયાંથી નડી

મીલાન.

રેલ્વે તણા અમલદાર, કરે ગમનો પોકાર, જોઇ લાસો તણીહાર
વાગી ગમનીછરી – દૈવયોગથી – યમદુતો આવીને જાયે પ્રાણ હરી, (૩)
લાઇન તરત કલીયર કરી, હતી તે પણ વસ્તી ભરી, એવી બીના બની ખરી
જાણે પરમેશ્વર = બળતી અગનમાં = બળી મુવા જીવતા જીવો મોત વગર
જીવતા જીવો ગયા બળી, માટી સાથે માટી મળી, ગમ ગયો નહીં ટળી
હજી સુધી ચતર = મણીરામ કહે = પડે નહીં અંતકાલની કોઇને ખબર.

શેર.

જમ આ ત્હારા ગમ તણો, શું શું લખું અહેવાલજી
દમ છે ત્હારે હાથ એવો. માહા બલી તું............કાલજી
હરીદાસ કહે આ જીવતા જીવને, સુખ દુખ સઉ સાંભરે
કહે કાલીદાસ હરજી ભજલે, મનતું...દીન દયાલજી. મીલાન.

કહે મોરાર અંબાલાલ, એક્ષપ્રેસનો આ ખ્યાલ. ગાયે "ભગવાન" રસાલ
છંદ બરાબરી = લેખને આધીન = થઇ યમદુતો જાયે પ્રાણ હરી (૪)

પરનીંદા તથા જાુઠું બોલવા સમાન, પાપ નથી.

રંગત. લંગડી. ઝટકી. ક. જ. ખ્યાલ (૨૦)

ભકિત કર નર મન ભાવે, તે કામ અંતે આવે, મેહીની કોઇ લલચાવે
તોય કર નહીં ભુલ =ભુલની ભમરી = ખાઇ ભુલ ભુલામણીમાં કાંઇ ન ધુલ

ટેક.

સમજી સત્ય નશીયત આજ, કરીલે નેકીના કાજ, નીંદા કરવાથી નારાજ
થાસે કીરતાર – નીંદાખોરનો વખત પાછલ શું આવે તેનો કર વીચાર
કંઇ એક રાજાઓના રાજ, ગયા ઉતર્યા તનથી સાજ, ખોઇ બેઠા કુલની લાજ
થઇ ગયા ખુવાર – અંતે ગરીબી – હાલ જોઇ પસતાયે મનથી હરવાર.

સમય નથજો જોઇ. પછી મુરખાઓ પસતો અતી
હાય હરી મેં શું કર્યું, શું થાસે અંતે મમ..........ગતી
ભોગવતો હું સુખ પુર્વનું, શું કીરતી જગ અંદર થતી
ખમાયે દુઃખ કેમ મુજથી, નીંદા કરી અતી ખોઇ મતી, મી.

બન્યા રંક હતા જે રાવો, તેમ કરશે તું પસતાવો, કલી કરશે ઉલટો દાવો
દેખાડી હુલ = ભુલની ભમરી= ખાઇ ભૂલ ભૂલામણીમાં ફાંક ન ધુલ, (૧)

—૧—

કળીકાળને નીહાલો, જેની અતી વિકટ જાલો, તોડો સમોવર્તી ચાલો
સત નામની વેલ=નાંખતા વીખી=નહીં વીખરાસે કોઇથી તે સત ગુથેલ
માટે થઇને ભોળો ભાળો, નીંદા નકર કોઇની ઠાલો, દેન ગુની જનને ગાલો
તજ ખોટા ફેલ = જ્ઞાન લેશીખી = ગૂણીયોથી ફરના થઇ ફાટેલ ફુલેલ

શેર.

શુ કરણીનું બીજ વાવીનર, લે કામ અંતે આવશે
દુર ગન્ધ સા ઘટમાંથી જાસે, શુભ ફળો જો ચાવશે
કુ કરણીથી કષ્ટો અંનતો, વેઠસે કુડ........વાવસે.
તો તેના ફળ ખાતા જરૂર, આ દેહ તનને તાવસે મીલાન.

જો શુભ કરણીને ચાહાસે, તો દુખી કદી નહીં થાસે, તાપે તડકે નહીં કરમાસે(૨
સત નેકીનું ફુલ = ભુલની ભમરી= ખાઇ ભૂલ ભૂલામણીમાં ફાંક ન ધુલ.

—૨—

હોય જ્ઞાન ઘટમાંય, તે નેકી કરવા ચાહાય, કુકર્મોથી પસતાય
મન વ્યાકુળ થઇ – ડરે પ્રભુથી – પાપથી જમથી મોતથી ચેતીલઇ
જ્ઞાન શીખી ન ફુલાય, ગુણો શ્રી હરીના ગાય, ગાય ગવરાવે હરખાય
શુભ નશીયત દઇ- કહેતા ગુનીજન–તેઓની શુભ કીર્તિ અમર થઇ ગઇ

શેર.

શુભ જ્ઞાનમાં સતગુણ છે તે ગુણને સમજી સારલે
સારનો વીચાર કર, થામી તે યમનો વારલે
વાર્યો વરે નહીં વારતે, કર જ્ઞાન નીજ કટારલે
તાર બાંધ શુ નામનો, પહેરી ગુરૂનો હારલે, મીલાન.

હાર હૃદયમાં હરવાર, ગુંથી કલીયોનો એકતાર, ગુરૂચરણોનીમોઝાર,
કરભકિત કબુલ – ભુલની ભમરી – ખાઈ ભુલ ભુલામણીમાં ફાંક ન ધુલ,

—૩—

મણીરામ થી સતસાર, લઇ હરી ભાઇ મોરાર, થયા જ્ઞાની ગુણ ગાનાર.
કવી ભણી ગણી=કરી સમંપાદન=શુ કીર્તી કવી જનમાં લખી શુ લાવણી.
ગાએ હરજી અંબાલાલ, ચંદર નારાયણ ખ્યાલ, આપે જવાબો તેં સ્વાલ.
જે ગાયાવણી=કાલીદાસ કહે= તેના લઈ જવાબ લેતું શુ બીન ચણી.

શેર.

સમજી લે આ સત ખ્યાલ, પ્રથમ સમશા કહું છું સાનમાં
હરી જનથી અંતર રાખ નહીં, મન મોટાઇના માનમાં
છે ફેર ઘણો ગોરધન કહે: ત્હારા ને મ્હારા જ્ઞાનમાં
સત સાર મન સોધન તું કર, મીથ્યા ન ફર ગુમાનમાં, મીલાન.

રચેછંદ "ભગવાનદાસ" તારા છંદ ઉપર છંદ ખાસ, સુણી નથાતો નીરાસ
કર હીસાબ વસુલ=ભુલની ભમરી=ખાઇ ભુલ ભુલામણીમાં ફાંક ન ધુલ,(૪)

—૪—

નીરગુણી નાયકા સીરગુણી થઇ. ભેદી. છંદ.

રંગત લંગડી ઝડકી ખ્યાલ (૨૧) ક. સ.

એક કઅણુ ગારી નારી, જોઈ પ્રીય પ્યારી સારી, મોહબાણ મારી ધારી
ગઇ મમ મનહરી= આભથી ઉતરી– એકાએક જાણે કોઇ ઇંદ્રની પરી,
હતા મોવારા સુવારા. સોનેરી રૂંપારા સારા, વીંટી નાગો કારા કારા
બેઠા ધર કરી=સુધ બુધ વીસરી=નાગણો કાળીઓ જોઇ કાલોને મરી
વળ વારોવાર દેનાર, બે બાજું હાર હાર, સેંથાની ધાર ધાર
સાથી નીસરી=વાદળા વીખરી=જાય તેમ ચંદ્ર જોઇ ગાલો ગયો સરી

શેર.

સુર્યથી અતી તેજ તેના કપાળનું તેજેશ્વરી
જોઈ એરો તેજનો થઅ્યો ચંદ્રમાં સકયો નહીં ફરી

ભવો કામથા પર તીરએ, આંખોના સુતા કયા વરી
વગર તે આંખે મારતી, દેખાડી આંખો મદ ભરી. મીલ્લાન.
આંખો એ સમ હરણી ફરણી, પ્રેમ પુર પાથરણી, ધરણી, તારણુ તરણી
વશીકરણી.
જ્યાં હતી ખરી= આભથી ઉતરી=એકાએક જાણે કોઈ ઇંદ્રની પરી (૧)
મુકાવે કાન માન, ગુણીયોના જ્ઞાન ધ્યાન, ભુલાવે નાક ભાન સાન
પડે નજર જરી–ગાલની બરાબરી–કરી નહીં શક્યા ગુલાબો પડયા ખરી
ગુલાબોના હાલહવાલ, થયા જોઇ ગુલાલગાલ, હતા હોથો લાલ લાલ
કોયલ સમસ્વરી= ગાયે ગુણુ કરી= ગાન તો તજે ભાન કંઇ તપેશ્વરી.

શેર.

એ હાથની ગોલાઇની શું, ઢાળ સાંચામાં ઢરી
અતી પોંચાઓ નાજુક; પરીના જોઇ થઈ મમ ખાતરી
શું હાથ મેંદીએ રંગ્યા, પડયો રંગ સુરંગનો રંગ ઝરી.
નખની સફાઇ જોઇ અતી, રહ્યા હીરાઓ મનમાં બરી. મીલ્લાન.
તારીફ વાંસા તણી ઘણી, ભીત બીલોરી ચણી વણી, જોયો મેં તે ભણી મણી
દ્રષ્ટી જયાં કરી– આભથી ઉતરી– એકા એક જાણે કોઇ ઇંદ્રની પરી (૨)

છાતી ગોલ બે નાની નાની, ચડતી જુવાની રંભાની, જાણે ચંદ્રમાની કાની
નામે ચંદરી– સુખની સાગરી– તનની સરખાઈ સરો જેવી પાંસરી
પેટમાં નરમાઈસમાઇ, રૂંથી સવાઇ સોહોવાઇ, મખમલ, સમ સફાઈ લાસાઇ
શું ફરીવરી– ડુંટીથી પસરી– રહી કસ્તુરી લાવે મગજમાં તરી

શેર.

લચકાય વાયે કમ્મર પરીની, ચીતા જેવી પાતરી
રત્નોના સ્થંભ જાંગો બે, ઝલકે ઝલા ઝલ ઝરમરી
પગો પદ્મણીના પદમ, જોઇ નાગો ભુલ્યા મણીધરી
નખ, સખની શોભા, શું કહું, દીપે દીવ્ય સમ દશ આંગરી. મી.

શું શણુગાર સકુમાર; સજી અલંકાર અપાર; જરીતાર નક્સીદાર
કનક રત્ને ભરી= આભથી ઉતરી– એકાએક જાણે કોઇ ઇંદ્રની પરી (૩)
દાગીના શું નાંના નાના, મોટા સોભાંના સોનાના, શું હીરાના પન્નાના
ફરતી ઘુઘરી= સોલે સુંદરી= સજીને સાજ, ઉભી મ્હોની સુંદરી
ફરી જોતા વાર વાર, લાગી ન વાર લગાર, વાગી કટાર આરપાર
ધાર પ્રેમની છરી–ભુલની ભમરીઃ આવી મમ પ્રથમ નીરખી પછી ધ્યાન ધરી.

શું નીરગુણી ગુણી નાયકા, એક સ્વર્ગ નીખરણી નરી
હતી સૌ સતીમાં સતી અતી, પતીકુલને તારીને તરી
હરીદાસ કહે મમ સતગુરૂ, મણીરામની શુભ સાયરી
કહે **અંબાલાલ**, શું શબ્દોની કવીકર......ગણતરી. મીલાન.
કહે **ભગવાન** ગુણવાન, રાખી ધ્યાન જ્ઞાનઃ વખાન, ઓહંમ સોહંમ જાન પ્રાન
કરી કવેશ્વરી– આભથી ઉતરીઃ એકાએક જાણે કોઇ ઇંદ્રની પરી, (૪)

કળીયુગની પ્રબળ કળામાં મહાન પંડીતો ભુલ્યા.

રંગત લંગડી ચાલ ઝડપી ક. જ. ખ્યાલ. (૨૨)

લખતા શું લખું હું હાલ, કલીકાલ કલીકાલ, તણો કરો જનો ખ્યાલ
ધ્યાન ધરો નરો=કઠણ છે કળજુંગ=માટે હર ભજન સૌ કોઈ કરો નરો ટેક.
માતપીતાનું આદરમાન, પુત્ર રાખેન સેતાન, માર માંરે થઇ મસ્તાન
ભુલી ભાન સ્યાન ધ્યાન–નારીને પ્યારી–કરે થઇ ફરે સુજન જન સ્વાન સમાન
ગુપ્ત પાપો કેવા થાય. ગણત્રી કર્તા ન ગણાય, લખતા પુરૂં ન લખાય
તેનું ખ્યાન વીધવાનઃ બાપથી દીકરીઃ માંગે વર વહુ તજી જાય જવાન જમાન

શેર.

નારીઓએ રીત તજી, નીજ કુળ તણી કળયુગમાં
નામ બોળ્યું કુળનું, અતી વીદ્યા ભણી, કળયુગમાં
દાન પુન્યને બદલે કરે, અનીતિ ઘણી કળયુગમાં મીલાન
સતીયો પણ જાયેછે તજી, નીજઘર ધણી કળયુમમાં

પદભ્રષ્ટો પંડીત થયા, કથા વાંચતા ઢેડા રહ્યા, ધર્મીજનો હતા ગયા
સાંભરો નરો–કઠણ છે કળજુગ–માટે હરભજન સઉ કોઇ કરો નરો ૧
ધારી ધર્મીયોએ હામો, બાંધ્યા ધર્મો તણા ધામો, કર્યા હરજનોના કામો
હરવાર અપાર–તે પુરૂષોની– રહી નહી તેજી કરો વીચાર લગાર
કાયરો થયા બહાદુર. શુરાઓનું ગયું શુર, રહ્યા સ્વધર્મોથી દુર
નરનાર ગમાર– ટેક તજીને– ધર્મની જુવો થયા સરદાર ચમાર

શેર.

આભથી પાણી પડે, ગુણી કેમ કરી કળયુગમાં
પાપને લીધે રહી ભુમી. થરથરી........કળયુગમાં
સત હતું સ્વદેશમાં તે, ગયું સરી કળયુગમાં

નીશેષ વેશ્યાઓ થઇ. સતી સુંદરી કળયુગમાં. મી.

દહીં દુધ ન કોઇ ખાય, નીત્ય દારૂ પીવા જાય, માંસ ખાયને ફુલાય
એવા મરો નરોઃ કઠણ છે કળજુગઃ માટે હરભજન સઉ કોઇ કરો નરો. (૨)

ગુરૂ જ્ઞાની લોભી થયા, લાલચુ ચેલા તેના રહ્યા, મ્હોમાયામાં અંધ થઇ ગયા
જોગી જતી સતી=જપ તપ ભુલી=થયા સંસારી, ફરી ગઇ મતી ગતી
માતા કહે પુત્રી પ્યારી, જાયે તે પરવારી વારી, કરે જગમાં વ્યભીચારી
નીત છતી અતી= તાનામાના= કરે મા દીકરી વેઠે ત્રીપત્તી પતી

શેર.

નીચ વરણોની જુવે. ચડતી રહી કળયુગમાં
ઉંચતણું તો સત ગયું. ને પડતી થઇ કળયુગમાં
અજ્ઞાની જ્ઞાની થઇ ગયા. નીચ બોધ લઇ કળયુગમાં
મોહો માયામાં મતી, ભંગ થઇ ગઇ ...... કળયુગમાં
લીયે ભાઇયોનો જીવ ભાઇ, ભાઈ બેનોમાં પ્રીત સવાઇ, વધી ગઇ આ
કળયુગમાંઈ
થયા ખરો નરો= કઠણ છે કળયુગ= માટે હરભજન હરકોઈ કરો નરો (૩)

સાધુ સંતો તણી સેવા= કરે શું મુંઢ મુર્ખ જેવા, ઉલટા મંડે ગાળો દેવા
મશ્કરી કરી= હત્યા હજારો= કરે કેમ જાય ભવસાગર ઉતરી તરી
કળયુગે પથારી કરી સુતા, તેમાં સઉ બથ ભરી, ન કળીયે નીંદ્રા હર
સતવરી વરી= મણીરામ કહે= ભજો હર જીવની આવી આખરી ખરી.

શેર.

કહે હરી ધરમ, પાતાળમાં, પેસી ગયું; કળયુગમાં
પાપનું કીરણ પ્રકાસીતઃ થઇ રહ્યું કળયુગમાં
સત હતું થોડું ઘણું, તે, ગયું વહ્યું કળયુગમાં
કાલીદાસ કહે નેકી કરો; માંનો કહ્યું કળયુગમાં. મીલાન.
મોરાર હરજી અંબાલાલ ગાયે કળયુગ તણો, ખ્યાલ, ભગવાન આપે
જવાબ સ્વાલ.
ના દરો નરો= કઠણ છે કળયુગ= માટે હર ભજન હરકોઇ કરો નરો

(૪)

માયાની જાળ પ્રભુનું ભજન ભુલાવનારી છે.

રંગત. સીકસત્તા. ક. જ. ખીયાલ. (૨૩)

માયામાં મીથ્યા, જે કોઇ મોહાસે, તે નરની અંતે ફજેતી થાસે
ન જમ જીતાશે ને માર ખાસે, ન હયાંનો થાશે ન ત્યાં જવાશે ટેક.
મ્હારી માયા એમ કહી જે ચ્હાશે, ને લાખો રૂપીયા જગમાં કમાસે
તો પણ તે નરની ન માયા થાશે, જે રસ્તે આવ્યા તે વાટે જાશે
તેમાંથી પરમાર્થમાં અપાશે; તે ધર્મને ચોપડે લખાશે
મુવા પછી ઝડતી સઉ લેવાશે, કરણીનું ફળ અંતે ભોગવાશે
પાપનો પુરો ઘડો ભરાશે. તો જમના હાથેથી કેમ છુટાશે
ન જમ જીતાશે ને માર ખાશે, ન હયાંનો થાશે ન ત્યાં જવાશે (૧)
જે વખતે અંતની ધમણ ધીકાશે, તે વખતે બીલકુલ નહી બોલાશે
ધમણ ધીકેલી ન ઓલવાશે, આ તન બદનમાં અગ્ની ફેલાશે
તે જ્વાળા અગ્નીની ના ખમાશે, જીવ યાકુળ વ્યાકુળ થઇ મુંજાશે
તે વખતે સગા હશે ન પાસે, ત્યારે મુર્ખ આ મન પસ્તાશે
માયાની નીદ્રામાં જો ઊંઘાશે, તો માર યમનો નહી જીલાશે
ન જમ જીતા ને માર ખાશે; ન હયાંનો થાશે ન ત્યાં જવાશે (૨)
કુડાઓથી ના ઉંચે ચડાશે. અગર ચડશે તો નીચે પડાશે
પડશે તે વેળા આ તન છુંદાશે. રૂધીરની ધારા વ્હેતી દેખાશે
બનીને વ્યાકુળ બહુ પીડાશે, ભાલાઓ તેના તનમાં ભોંકાશે
ભોંકાશે પગમાં કાંટા ટોચાશે. ત્યારે કદમ આગલ નહી ચલાશે
હીસાબ કર્મોનો ત્યાં લેવાસે. જવાબ ત્યારે નહીં દેવાશે
ન જમ જીતાશે ને માર ખાશે, ન હયાંનો થાશે ન ત્યાં જવાશે (૩)
મણીરામ કહે પલમાં તરાશે, જે જનો ગુણો પ્રભુનાં ગાશે
તો ઘટના પટમા દ્રવ્ય કરાશે, સ્વર્ગપુરીમાં કીરતી છવાશે
લાખો છંદ લખ્યા હરીદાસે, જે કોઇ ગાશે તે નર ગવાશે
અંબાલાલ કહે અમર કહેવાશે, મોરાર હરજીને રૂસ્તમ ચહાશે
અગમ જ્ઞાન છે "ભગવાન" પાસે, મળશે તમોને કોઇદી ખુલાશે
ન જમ જીતાશે ને માર ખાશે; ન હયાંનો થાશે ન ત્યાં જવાશે (૪)

સાત યા ચાર દીના આપણે મેમાન છઇયે. ગર્વતજીદો.
રંગત સીકસ્તા જ. દુ. ખ્યાલ. (૨૪)

ઘણોજ પ્રસન થયો છું આજે શું શબ્દો શું સુપના સાંભળીને
તન મન ધન અરપન કરૂં તમો પર; હમેસા પ્યારા મળી મળીને ટેક.

તજીદો પાખંડ પ્રપંચો સઘળા, કમાયા કહો શું રળી રળીને
આકાયા કંચન વરણી દીશે છે, ભસમ થશે અંતે તે બળીને
કર્યા કુકર્મો અનંત પાપો, ભોળા લોકોને છળી છળીને
સડી સડીને રોબાસો આખર, ને પ્રાણ ખોસો આટળ વળીને
વાણી મધુરી મીઠી સાંભળી, ગયું આ દીલ મ્હારૂં પીગળીને
તન મન ધન અર્પણ કરૂં તમોપર, હમેશા પ્યારા મળી મળીને (૧)

પાંચ તત્વોનૂં છે પુતળું આ, જાસે પ્રાણ વલ્લભની નીકળીને
પ્રભું ચરણમાં રાખીલો સુર્તા, રોકીલો આંખોની પુતળીને
ગુલાબના ફુલના ફુલ જેવું, છે તન તમારૂં તે લો કળીને
પાણીના પર પોટા સમલો જાણી. જાસે આ કાયા અંતે ઢળીને
તજીદો મીથ્યા ઘમંડ પ્રાણી, લ્યો જ્ઞાન શીક્ષણ મળી હળીને
તન મન ધન અર્પણ કરૂં તમોપર. હમેશા પ્યારા મળી મળીને (૨)

કાંમ ક્રોધ મદ લોભ મોહમાં. થયા છો લીન શું ફળી ફળીને
અંતે તે સાથી નથી થનારા, શું લાભ લઇ જાસો ઉછળીને
વીવાદમાં ખોસો ગાંઠનું નીજ. માટે પ્રભુ પદમાં રહો ભળીને
ચરણ શરણમાં સદા રહીને. કરો સ્તુતી નીત લળીલળીને
પરમ કૃપાળુ શ્રી દીન દયાળુ. ભજ્યાથી સંકટ જાસે ટળીને
તન મન ધન અર્પણ કરૂં તમોપર; હમેશા પ્યારા મળી મળીને (૩)

મ્હેમાન છો બસ ઘડી પલકના. જાસે આ તન કોમળ પરજળીને
મણીરામ **અંબાલાલ** હરી કહે. કાળ કોળીયો જાસે ગળીને
મોરાર હરજીની સીખ સમજો. જાસો ચોરાસીમાં રળ વળીને
બે હાથ જોડીને માફી માગો. “**ભગવાન**” પાસે વાંકા વળીને
“**ભગવાન**” ને વસ કરવા કઠણ છે. લો કાન પોતાના આંમળીને
તન મન ધન અર્પણ કરૂં તમોપર, હમેશા પ્યારા મળી મળીને (૪)

પ્રભુના સરણ ચરણમાં સુરતા રાખવા વીષે.
રંગત સીકસતા જવાબ. દુ. ખ્યાલ. (૨૫)

આધાર અમને પ્રભુ તમારો, છે સત્ય જેથી બચાવી લેજો.
ખીદમતમાં સેવામાં દાસને બસ, જરૂર જલદી બોલાવી લેજો. ટેક.

યારી તમારી છે ભકતો જનથી. તો ભકતો ના મન મનાવી લેજો
લક્ષમાં લેજો ધ્યાનમાં લેજો. દયાની દ્રષ્ટી દરસાવી લેજો
નોકર તમારો છે દુખીયારો, સગુણો ગુણો ગવરાવી લેજો
બળ બુદ્ધી દેજો બક્ષાવી દેજો, વીધ્યા વીરતાની ભણાવી લેજો
નામ સ્મરણમાં મમ મનને સુરતા; રહે કામ તે બજાવી લેજો.
ખીદ મતમાં સેવામાં દાસને બસ; જરૂર પ્યારા બોલાવી લેજો (૧)

વધારી ફારતી ભક્ત માળમાં, નામનો મણકો ગણાવી લેજો
નાથ તમારા ચર્ણકમલમાં, મમ શીશ અર્પણ કરાવી લેજો
હૃદયમાં રમણીક રસીલી મુર્તિ, રઘુકુલ ભુષણ ધરાવી લેજો
ભવસાગરમાંથી પાર પેલે, આ નાવ મ્હારી તરાવી લેજો
ગર્ભવાસનાઓથી છુટવા, જાપ અજપાના જપાવી લેજો
ખીદમતમાં સેવામાં દાસને બસ, જરૂર વેહેલા બોલાવી લેજો (૨)

વાહાલાની વીનંતી સાંભળીને, આ પ્રાણવલ્લભ રક્ષાવી લેજો
ન દુઃખ પામું રતી માત્ર પણ, અગમ મતી શુભ સુચાવી લેજો
ઇચ્છા હમારી પુરણ કરીને, ધ્વજા ધર્મની......ચડાવી લેજો
સકાજ કરતા કદી ભુલુંતો, સહાય થઇ સત નીભાવી લેજો
વમળમાં ચકકરમાં જો પડુંતો, ફસુંતો કર ગ્રહી બચાવી લેજો
ખીદમતમાં સેવામાં દાસને શ્રી પ્રભુ સમય પર બોલાવી લેજો (૩)

રટે મણીરામ રામચંદર, હરીના હરદુઃખ હટાવી લેજો
હૃદયથી દાબી અંબાલાલને, મુકિતનો મારગ બતાવી લેજો
જકતમાં જશ રહે મોરાર હરજી: સત્યનો સીકકો જમાવી લેજો
પુરોહીત પુરા બનીને પ્રેમી, ભગવાન થી પ્રીત લગાવી લેજો
તમારા હૈયાનો હાર દીલથી, ભગવાનને હરી બનાવી લેજો
ખીદમતમાં સેવામાં દાસને હર સરણ ચરણમાં બોલાવી લેજો. (૪)

જ્ઞાની. કોણ ગુરૂ ગમ જાણે તે જ્ઞાની: શબ્દોના તીક્ષણ બાણ.

રંગત. સીકસતા. જ. ક. ખ્યાલ. (૨૬)

મારૂં જ્ઞાન શબ્દો બાણ તીક્ષણ; એ ખુબી મ્હારા સ્વભાવની છે
પસંદ છંદ કુલ સભાસદોને: હમારી આ ઉતમ લાવની છે.

જો એક ગાસો જ્ઞાનની ગીતા. તો જવાઓ તેના ચચ્ચાર લેશો
કરાવશો બદનામી ફજીતા, અપકીરતીનો ભારી ભાર લેશો
જો ભુલ કરશો તો ભટકી મરશો, ફરી તે પહેલા વીચાર લેશો
સંસાર સાગરથી પાર તરશો: શબ્દમાં સુરતાનો તાર લેશો
સત્યને જુઠું બનાવશો તો, બાજી બાજીગરના દાવની છે
પસંદ છંદ કુલ સભાસદોને: હમારી આ ઉતમ લાવની છે. (૧)

સુબોધ દીયે સુજન જનો જે, તો તેનો માની આભાર લેશો
ધર્મ સનાતનનો મર્મ જાણી શ્રધ્ધાથી કરી ઉપકાર લેશો
સત્યને રસ્તે ચાલી નીહાલી, અલખ લખો ઓહંમકાર લેશો
આધ્યથી લેશો ઉદયથી લેશો; હૃદયથી લેશો સુસાર લેશો
અખંડ અદ્વૈત વીશ્વ કરતાની આ પ્રચંડ જગમાં છાવની છે.
પસંદ છંદ કુલ સભાસદોને, હમારી આ ઉતમ લાવની છે

ક્ષમાને સાંન્તી સદૈ રાખો, સુગમ શુભમ શુભ કૃતાર લેસો
અગમથી લેસો નીગમથી લેસો ગુરૂ ગમથી ગુણ લગાર લેસો
પ્રકરમાં પૃથ્વીની પીંડ માહીં કરી પ્રાણાયામ પાર લેસો
નાભથી લેસો નેત્રથી લેસો નક્કી નેમથી અપાર લેસો
મુરત મનોહર મુકુંદ માધવની છબ પ્રતક્ષ મન ભાવની છે
પસંદ છંદ કુલ સભા સદોને, હમારી આ ઉતમ લાવની છે (૩)

મણીરામ હરીદાસ ચંદ્રની સ્તુતી સદા મંગળાકાર લેસો
અંબાલાલ મોરાર હરજીના દ્વંદ ફંદ હર હજાર લેસો
પરસોતમ ગોરધન કાલીદાસ: કહે કરી સત ઉદગાર લેસો
ફતેહના ડંકા આ લંકા દેહમાં. વગાડી નોબત સત્તાર લેસો
"**ભગવાને**" બાજી રચી અટપટી. ન તેમાં બાજી બચાવની છે
પસંદ છંદ કુલ સભા સદોને, હમારી આ ઉતમ લાવની છે (૪)

આ જકતમાં સર્વે ક્ષણ ભંગુર છે ને નથી.

રંગત સીકસ્તા. દુ. જ. ખ્યાલ (૨૭)

અરે ઓ માનવ આ જગમાં. આવ્યા, લઇ ઉતમ અવતાર છે નથી તે
આ સૃષ્ટી સર જેલી શ્રી હરીની. અંતે પ્રલ્યકાર છે નથી તે ટેક.

અનેક સંતોને ભકતો ધર્મી, પૃથ્વીપર એક વાર છે નથી તે
આ દુનીયા ફાનીનું ઠામ છે એક; સફળ આ સંસાર છે નથી તે
અમર ન કોઈ રહ્યા ન રેશે; કરીલો વીચાર છે નથી તે

આવ્યા જે પ્રાણી જવાના નીસ્ચે; સુખ દુખ ઘડી વાર છે નથી તે
અતીસે શું મોહોયા માયા જોઇને, આ જીંદગી દીચાર છે નથી તે
આ સૃષ્ટી સરજેલી શ્રી હરીની અંતે પ્રલયકાર છે નથી તે (૧)

અખંડ અવીનાસીને ભજો. માથે પાપનો ભાર છે નથી તે
આધાર મળશે હરીનો સાચો, તો સંકટ ...હજાર છે નથી તે
અધર્મી ધર્મી ગયા વયા સૌ, રહયા જે ઉપકાર છે નથી તે
આવી માયા જાલમાં ફસાયા; શ્રીમંતો સરદાર છે નથી તે
અકકલના ઓછા અધુંરા અડીયલ અભણ ઉમેદવાર છે નથી તે
આ સૃષ્ટી સરજેલી શ્રી પ્રભુની, અંતે પ્રલયકાર છે નથી તે

અમલમાં સત્તા ચલાવનારા, આખર અમલદાર છે નથી તે
આગલ પાછલનો વીચાર કરતા, અંતે અધીકાર છે નથી તે
અનીતીને વસ થયા ગયા જે, રહયા એ દરકાર છે નથી તે
આ ફાની દુનીયામાં રાવો રંકો, સરજેલા સૌ યાર છે નથી તે
અસલના બળવાન સુરાઓની, ચમકતી તલવાર છે નથી તે
આ સૃષ્ટી સરજેલી શ્રી હરીના, અંતે પ્રલયકાર છે નથી તે (૩)

અમુલ્યો છંદો મણીરામના, પ્રસીધ હારો હાર છે નથી તે
આવા સીકસ્તા હરીદાસના, સભામાં ગાનાર છે નથી તે
અંબાલાલ કાલીદાસ જેવા, ગાનારા હુસીયાર છે નથી તે
આપે જવાબો મોરાર હરજી, પ્રબંધથી રચનાર છે નથી તે
ઓમ ભજીલે "**ભગવાન**" એકજ, બીજા ઘડીવાર છે નથી તે
આ સૃષ્ટી સરજેલી શ્રીહરીની, અંતે પ્રલયકાર છે નથી તે (૪)

માહાન, પાક, નબી, પેગમ્બર, જરથોસ્ત સાહેબ.

રંગત. ખડી. ક. જ. ખ્યાલ. (૨૮)

કુલ નબીઓનો નબી છે એક. માહાન તે પેગમ્બર જરથોસ્ત
આતસ પરસ્તીનો છે આગેવાન, તે પેગમ્બર જરથોસ્ત ટેક.
જરથોસ્તીઓના દીનનો છે, સરતાજ તે પેગમ્બર જરથોસ્ત

ધર્મ અને દીનના સુધારે કાજ, તે પેગમ્બર જરથોસ્ત
સુખી સર્વદા રાખે સહુની લાજ, તે પેગમ્બર જરથોસ્ત
ડુબતું તારે દરીયામાંથી જહાજ, તે પેગમ્બર જરથોસ્ત
મોટા નાના સહુપર રહે મહેરબાન, તે પેગમ્બર જરથોસ્ત
આતસ પરસ્તીનો છે આગેવાન, તે પેગમ્બર જરથોસ્ત (૧)

પરેસાંનને પલમાં કરીદે ન્યાલ, તે પેગમ્બર જરથોસ્ત
સરે જંગ મયદામાં છે સતની, ઢાલ તે પેગમ્બર જરથોસ્ત
જરથોસ્તીઓ યાદ કરો, હરસાલ, તે પેગમ્બર જરથોસ્ત
થવાદીયે નહિં કદી મૃત્યુ અકાલ, તે પેગમ્બર જરથોસ્ત
આવતી આફત ટાલે સદા બુધમાન, તે પેગમ્બર જરથોસ્ત
આતસ પરસ્તીનો છે, આગેવાન, તે પેગમ્બર જરથોસ્ત (૨)

નેક બંદા દીનદારોની પુરે. આશ તે પેગમ્બર જરથોસ્ત
રાતને દહાડો વસે સહુની પાસ, તે પેગમ્બર જરથોસ્ત
દાદ નીજ દીનની નીત લે છે, ખાસ તે પેગમ્બર જરથોસ્ત
જો ચાહે તો પલમાં કરે પરકાશ, તે પેગમ્બર જરથોસ્ત
પંડીતો ભકતોથી માહાન વીધવાન, તે પેગમ્બર જરથોસ્ત
આતસ પરસ્તીનો છે, આગેવાન, તે પેગમ્બર **જ**રથોસ્ત (૩)

મણીરામ હરીદાશ કહે કરે પાર, તે પેગમ્બર જરથોસ્ત
અંબાલાલ કહે નીત્યનામ ઉચ્ચાર, તે પેગમ્બર જરથોસ્ત
કાલીદાસને જ્ઞાન દીયે સત...સાર, તે પેગમ્બર જરથોસ્ત
અરદેશર ધનજીને દીયે ... દીદાર તે પેગમ્બર જરથોસ્ત
"**ભગવાનદાશ**" ના મનની પુરે, અરમાન તે પેગમ્બર જરથોસ્ત
આતસ પરસ્તીનો છે આગેવાન, તે પેગમ્બર જરથોસ્ત (૪)

જરથોસ્તીઓના, પાક ધર્મ, દીનની તારીફ.

રંગત. ખડી. ક. જ. ખ્યાલ. (૨૯)

પાક ધર્મ દીનની જેના, કમ્મર પર સદરો કસ્તી છે
દીન ધર્મ આતસ હુ, મ, ત, હુખ્ત, હુવરસ્ત પરસ્તી છે ટેક.
જરથોસ્તી તે નેક જે જાણે, નેમ ધર્મમા રહે ગુલતાન
જરથોસ્તી તે નેક જે યઝદાં, દાદારના નીત કરે વખાન
જરથોસ્તી તે નેક જે માને, ગાથા અવસ્થાના ફરમાંન
જરથોસ્તી તે નેક કરે, સત રીતી નીતીનું ગુણગાન.

જરથોસ્તી તે નેક જેની; યઝદાંથી પ્રેમની મસ્તી છે
દીન; ધર્મ, આતસ, હુ; મ; ત; હુખ્ત; હુવરસ્ત; પરસ્તી છે. (૧)

જરથોસ્તી તે નેક જે ચાલે, મઝહબના ફરમાનો પર
જરથોસ્તી તે નેક જે ટાલે; નીજ દીનના દુખો સતવર
જરથોસ્તી તે નેક જે રાખે; સાહેબ સાથે મન ભીતર
જરથોસ્તી તે નેક ટેક એક; દીલમાં જુવે જગનો દાવર
જરથોસ્તી તે નેક; જેના ગૃહમાં; અખુટ જરદસ્તી છે
દીન, ધર્મ, આતસ, હુ, મ; ત, હુખ્ત; હુવરસ્ત; પરસ્તી છે (૨)

જરથોસ્તી તે નેક કે તે, દરીયા સાગરને માને છે
જરથોસ્તી તે નેક કે તે; સત અગ્નીને વખાણે છે
જરથોસ્તી તે નેક કે તે; સુરજનો મહીમા ..જાણે છે.
જરથોસ્તી તે નેક કે તે, ગઉ માતાનું હીત આણે છે.
તપસ્યાની તપોબલની, જેના તન મનની મુરત હસ્તી છે
દીન, ધર્મ; આતસ, હુ; મ; ત; હુખ્ત; હુવરસ્ત; પરસ્તી છે (૩)

મણીરામ કહે નેક નરો; નીત સત નામનો જાપ કરે
અંબાલાલ હરીદાસ કહે; વળી દુર જુઠો .... શંતાપ કરે
પુન્ય કરે પરમાર્થ કરે. પર દુ:ખો હરે નહીં પાપ કરે
મોરાર હરજી કહે; ભલું શઉનું; આ જગનો બાપ કરે
ભગવાનદાસ કહે; સઉની દીનની ચડતી રહો; કુલ વસ્તી છે
દીન; ધર્મ, આતસ; હું; મ; ત; હુખ્ત; હુવરસ્ત પરસ્તી છે. (૪)

બહુમન અમશાસપંદનું નામ લીધાથી આફતો દુર થાય છે.

રંગત. ખડી. ક. જ. શુબોધ. ખ્યાલ. (૩૦)

સદગ્રહસ્થો નામી બહમનની, બંદગી સાંજ સવાર કરો
આ તન કાયા નાવ આપણી, ભવસાગરથી પાર કરો ટેક.

બહમનનું પણ પાક નામ છે; જેને વ્હાલા છે દાદાર
બદલો ભકિતનો આપશે તે, નીજ બંદાને સતવર સાર
બહમનનું બલ આ જગમાં પણ, શચરાચર રહે છે નીરધાર
બહેસ્તમાં પણ જેના નામનો ડંકો વાગે છે હરવાર
પાક નામની પાક જબાં પર, યાદગીરી નરનાર કરો
આ તન કાયા નાવ આપણી, ભવસાગરથી પાર કરો. (૧)

બ્હ્મન દેશે બલ બુદ્ધી ધન; દુખ દળીદર કાપીને
રક્ષા કરશે હર સંકટમાં, નેક સુબુદ્ધી ...... આપીને
તરી ગયા કંઈ નરો આ જગમાં, તારી દીધા માહા પાપીને
તરી જશો આ દુ:ખનો દરીયો, સત્યનો મારગ માપીને
ઘડી ઘડીને પલ પલ શમરો, એક ચીતે ઉચ્ચાર કરો મી.
આ તન કાયા નાવ આપણી, ભવસાગરથી પાર કરો (૨)

પ્રેમ ભાવ શ્રદ્ધાની સુમરની. કરશે તે ગુનવાન થશે
સત્ય ધર્મ નેકને ન ભુલે, તે જન સત ધનવાન થશે
ધર્મીઓમાં નામ ગણાશે, કીરતી જગમાં માહાન થશે
જ્ઞાની થશે વીજ્ઞાની થશે, વીદ્યવાન થશે, કલ્યાણ થશે
ઘડીપલનો નથી ભરોશો, અંતર તંતરનો તાર કરો
આ તન કાયા નાવ આપણી, ભવસાગરથી પાર કરો (૩)

મણીરામ હરી રામચંદ્ર કહે, ભકિત વીના ઉધ્ધાર નથી
આવી ઉતમ મનુષ્યા દેહી. મળતી વારવાર નથી
અંબાલાલ જમશેદજી કહે, અંતે માયા પરીવાર નથી
ભીખાજી રૂસતમજી કહે, સત પ્રેમવીણ મુકિત દ્વાર નથી
"ભગવાનદાસ" કહે, ઘટના પટમાં બ્હ્મનના દીદાર કરો
આ તન કાયા નાવ આપણી, ભવસાગરથી પાર કરો. (૪)

ઉલટી. વાણી. સમજે ગ્યાણી. ભેદી. પુછક.

રંગત. ખડી. હીંદુસ્તાની. ખ્યાલ. (૩૧)

એક સવાલ પુછું મંય આપકો સુનજાના ચાતર દાના
અંધા, લુંલા લંગડા બહેરા, થુંથેને ઝગડા......દાના ટેક.
અંધા કહે ચોરી કરનેકો, ચોર એક ઘરમે આયા
લુંલા કહે પકડા હયે મયને. ઉસકો બાંધ બુધકે લાયા
લંગડા કહે મય દવડા પીછે. મારકે ઢીલા બનાયા
બહેરા કહે મય સુન રહાથા, જબ વો પાખંડી ચીલ્લાયા
થુંથેને એક ઠોંસા મારા, હાલ એ સારા બતલાના
અંધા, લુંલા લંગડા બેહેરા, થુંથેને ઝગડા દાના (૧)

નંગા કહે મેરા ઘર લુંટા, સાહુકારને કીયા સીતમ.
નંગા કયા નીચોવે પાસ, નહી જીનકે હય ધનમાલ સનમ
સાવકો પકડા નંગેને ઓર. દીયા બહોંતસા ઉસકો દમ

હુઇ દોનોકી મારામારી, કહો કવેશ્વર જાને..... હમે
સાવ ઓર વો નંગા કોન હયે, જવાબદો ફીર જીંદગાના
અંધા લુંલા લંગડા બહેરા, થુંથેને ઝગડા કાના (૨)

ચુવ્વા બીલ્લી કુત્તા કુત્તી, બંદર બંદરી નાચ કરે
મુરઘા મુરઘી રોવે પટક સીર, ઉસકા નહીં કોઇ ધ્યાન ધરે
કીડી મકોડી ગાલી દેવે, ફીરભી કીસ્સે નહીં ડરે
ઉંટ હાથી દો લડે લડાઇ, ઝગડેમે કહો કોન પડે
ન્યાવ કરને વાલા ઉસકાથા, એક અંખ્ખીસે .... કાના મી.
અંધા લુંલા લંગડા બેહેરા, થુંથેને ઝગડા ઠાના (૩)

ધોબી ધોતા પથ્થરા રોતા, બગલા દેખતા તમાસા
ગુગા ગાતા લંગડા નાચતા, થુંથા તાલ દેતા ખાસા
મણીરામ કહે બકરી બેચતી થી, કસાઇયોંકા......... માંસા
અંબાલાલ હરીદાસ હરજીને, ગુરૂ ગમ સારા પરકાસા
" ભગવાનદાસ "ને અપને ઘટમે, જ્ઞાન ગુરૂ ઘરકા છાના મી.
અંધા લુંલા લંગડા બેહેરા, થુંથેને ઝગડા...... ઠાના (૪)

અમારા હીંદ ભારતના ધર્મી બાંધવો પ્રત્યે નર્મ વીનંતી
આપણી ગૌમાતા પ્રત્યે લાગણી ધરો આર્યો નરો
સેવા કરો, સાગર તરો, સત્ય ધર્મમાં પગલા ભરો

રંગત. ખડી. ગૌ સેવાનો દુ. જ. ખી. (૩૨)

હીંદમાતાના ધર્મી પુત્રો, ત્વરાથી છોડાવો ગઉમાતા
ગઉ બ્રાહ્મણોના પ્રતિપાલ, વીર નરો રક્ષાવો ગઉમાતા ટેક.

વેદ વિખ્યાતા વીશ્વની દાતા, પરોપકારી ગઉમાતા
પય અમૃત પાવન જકતનું જીવન, છે નીર્વીકારી ગૌમાતા
શાંન્તી કરંન સંકટ હરંન છે, અતી આભારી ગૌમાતા
કળમાં બળમાં અનંત દળમાં, લીયે ઉગારી ગૌમાતા

શેર.

ભારત ભુમીનું સૌંર્ય, સાચું અતુંળ જુવો ગાય છે

બળ બુદ્ધી પ્રાક્રમ નુંરનું, સમુંળ જુવો ગાય છે
માત્રુંથી વિશેસ જેનું, પય વિમુંળ જુવો ગાય છે
કામ ધેનું સુપાત્ર દેવી, વિપુંળ જુવો ગાય છે. મીલાન.
અરજી ઉર ધરો, કાંટાની વાડોમાં, ના સપડાવો.........ગૌમાતા
ગો બ્રાહ્મણો ના પ્રતિપાલ, વીરનરો રક્ષાવો ...ગૌમાતા (૧)

રંક બીચારી છે દુખીયારી, નીંર આધારી ગૌમાતા
નીર દોષીતનું હીત વીત્ત જાણી, લ્યો સંભારી, ગૌમાતા
કલ્યાણ કારી છે દુખહારી, શુભ અવતારી, ...ગૌમાતા
છે ઉપકારી આજ્ઞાકારી, અધીક...... બીચારી, ગૌમાતા

શેર.

અનાથ તે દુર્બળ પશું અમુંળ જુવો ગાય છે
વિશ્વમાં પુંજાયતે.........કબુંલ જુવો ગાય છે
દેવો મુનીવર ઈંદ્રને......અનુકુળ જુવો ગાય છે
અક્ષય પાત્ર આદનું......મંજુળ જુવો ગાય છે
જડ બુદ્ધી મન ઘેલાઓના, કરથી ના હણાવો ગૌમાતા
ગૌ બ્રાહ્મણોના પ્રતિપાલ, વીરનરો રક્ષાવો ગઉ માતા (૨)

દુખ વિલાપ કુજાપ થાપ, દીયે સંહારી ગઉ માતા
ત્રી વિધ તાપ કુમાપ ખાપને, દીયે સુધારી ગઉ માતા
કપટ લપટ યમદુત ઝપટથી, દીયે ઉધ્ધારી ગઉમાતા
અવન ગવન ને જરણ મરણ, સઉ દીયે નીવારી ગઉમાતા

શેર.

કરનાર પાલન વીશ્વમાં, નીંરસુંળ, જુવો ગાય છે
સુખેસમાં નીયમેષમાં, નીરભુંળ, જુવો ગાય છે
દેનાર ઇચ્છા ફળ સદા, નીર હુંળ, જુવો ગાય છે
સંતુષ્ટ રૂષ્ટ પુષ્ટતા, દે, પ્રફુંળ, જુવો ગાય છે
દુખ ટાળક ગઉ પાળક વીર, વધાવો, બચાવો ગઉમાતા મી.
ગઉ બ્રાહ્મણોના પ્રતિપાલ; વીર નરો રક્ષાવો ગઉમાતા (૩)

કથા કીરતનમાં ભાવ ભજનમાં, દીયે શુભ યારી ગઉમાતા
ગોગ ભોગમાં શોગ રોગ, સઉ દીયે વીંદારી ગઉમાતા
તારણ તરણી વૈતરણી, એ, મોક્ષની બારી ગઉમાતા
મણીરામ, હરી હરજીની છે. ઇષ્ટ સહકારી ગઉમાતા

શેર.

મસ્તકે સત્ય લોક છે, સતમુંળ જુવો ગાય છે
સાગર ઉદર છે ગંગ, દુખ; નીરમુંળ જુવો ગાય છે
પીષ્ટે, બ્રહ્મ, રખ્ય વિષ્ણું, ઉત્તમ. કુળ જુવો ગાય છે
પુચ્છમાં છે, મોક્ષ શુદ્ધ, અંગુળ જુવો ગાય છે, ભીલાન.
" **ભગવાનદાસ** " કહે સજીવ. રહી, શુભ સુખ સરજાવો ગઉમાતા
ગૌ બ્રાહ્મણોના પ્રતિપાલ, વીરનરો, રક્ષાવો ગઉમાતા (૪)

કચ્છી ભાષાનો કચ્છી ખ્યાલ, શુબોધ હાસ્ય રસ.

રંગત. ખડી. સવાલ. ક. તથા. દુ. પર. ખી. (૩૩)

હરી ભજને જો નાલો ભુલીવ્યા, શેઠ વદા ચોવાજેનતાં
કરીયેંતાં વેપાર લખેં જો, ઘોડા ગદીયું દોડાયેંનતાં ટેક.

ધ્રમેં મેં તાં ઢીલા ચોવાણા. વદપણ કુંડા વતાયેંનતાં
દેઢીયોં કે કે દીયેંનતાં. બે અગીયાનું..........દેરાયેંનતાં
બુટ સટૉકીંગ પંન્ડ પેરેંતાં, ગરીબેં કે પેરાયેંનતાં
કોલર નેકટાઇ વીજી ગલેમે, લખપતી નાલો ધરાયેંનતાં
સાંજી સવારો વઇ ગાદીમે, મોજું ન્યારો ઉડાયેંનતાં મી.
કરીયેંતાં વેપાર લખેંજો, ઘોડા ગદીયુ દોડાયેંનતા (૧)

ખેનતા શીરો પુરી દીઆંદી, ગરીબેંકે ખારાયેનતાં
કસબી કોરજા સના ધોતીયા. પેરેને કુટરા દીસાજેંનતા
ડગલા બુટણ તઇ પેરેને, અખીયું તે ટોપ્યું ઝુકાયેનતાં
જનરલ મરચંટ શેઠ ચોવાજે. મનશે એડો ભાયેંનતાં મી.
પાંજે પુત્રજો વીયાં આય, પરીએં નીયાપો ચઇ હુલાયેંનતાં
કરીયેંનતાં વેપાર લખેંજો, ઘોડા ગદીયું દોડાયેંનતાં (૨)

વાલકેશ્વર તે બંગલો ગીડો આય, માંડવો ઉને બંધાયેંનતાં
વરઘોડો કઢી ધામધુમસે, શેઠ પુતરકે પેણાયેંનતાં
વીયાંઇ થીયુંતા ફોડે પતીજા, પડગ્રમ વાજાવજાયેંનતાં
ગાનતાંન લાય લખપતી ન્યારો, નાયકણીયું કે કુઠાયેંનતાં
નાયકણીયેંજો મું ન્યારીને, લખેંજી મુડી.....લુંટાયેંનતાં મી.
કરીયેંતાં વેપાર લખેંજો, ઘોડા ગદીયું.....દોડાયેંનતાં (૩)

અધ લખેંજો પાણી થઇ વ્યો, શેઠ પોઇ પસતાજેનતાં
મણીરામ હરીભા કે દીશીને, મું છુ પાઇ લજાજેંનતાં

અંબાલાલ હરજી મોરારજી કે, ન્યારીને છુપાજેનતાં
કલગીવારા કુડા સભામે, વઇને ખ્યાલ લડાયેંનના
" **ભગવાનદાસ** " ચયે મુ સામે કો કચ્છી ખ્યાલ વઇ ગાયેંનતા. મી.
કરીયેંતા વેપાર લગેંજો, ઘોડા ગદીયું ....દોડાયેંનતા (૪)

નીરગુણી નાયકા, સીરગુણ સ્વરૂપમાં પ્રસરી.

રંગત. લંગડી. ભેદી. પુછક. ખ્યાલ. (૩૪) સવાલ.
બાવી સતી ગુણવંતી હતી, રૂપવંતી. રતી. અતી નાજુક નાર
એક વીધવા સંગ = જમે નીત રમે ભમે સજી શુભ સણગાર ટેક.

વીસરે નહીં પલભરબી એક મેકને જતી જેનો ભરથાર
ઓગણીશ ઉપર= જેના પુતર છે, ત્રણ ત્રણ સાતને ચાર
અઢાર હાથ નવ ચરણ શીશ નવ જીભ જેની નવ તાકતદાર
સત્તર સાથે= ગુણ તન પાંચ ચાર ખુંટ નવ અગીયાર
સોલ પર એ નારી છે ફીદા જાણે જેને કુલ જગસંસાર
એક વીધવા સંગ= જમે નીત રમે ભમે સજી શુભ સણગાર (૧)

પંદર બગની બ્રાત ચારતન જેનો બાવીને છે આધાર
ચઉદ લોકના= નાથને રીઝાવે જેમા નહીં........ ફેરફાર
તેરસ ચૌદસ અને દીવાળી મળે માન જેને સત સાર
બાર પુત્રની= માત સતવંતી સતી ગુણી હતી... અપાર
અગીયારસ અપવાસો કરે નહીં ભુખે મરે બાવી નીરધાર
એક વીધવા સંગ= જમે નીત રમે ભમે સજી શુભ સણગાર (૨)

દશ અવતાર તો પાર ન પામે, અતી ઉત્તમ જેનો વેપાર
નવ ખંડ પૃથ્વી= કરે રોજગાર પડે પાસા પોબાર
આઠ મોર ચીત ચોર શોર બકોર કરે જયાં ત્યાં હરવાર
સાત આઠને= ચાર તન જેવા જેના સ્નેહી બુધ તાર
છખ જોડ, દખ પડે લડે દડ બડે તોય ઉતરે ઝટ પાર મી.
એક વીધવા સંગ= જમે નીત રમે ભમે; સજી શુભ સણગાર (૩)

પાંચ બાએ નીત લાંચ કહે મણીરામ હરી સાંભળ, ગાનાર
ચાર ચેલાઓ= જેના અંબાલાલ કહે, છે, બહું હુસીયાર
તન મહીનાની મુદત દઉ છું, બોલો ભેદી સઘળો વીસ્તાર
બેઉ કર જોડી= નહીં તો ક્ષમા માંગો કહે હરજી મોરાર મી.
એકપર એકવીસ મીસરા, કહે "ભગવાન" ખ્યાલ ભેદી લલકાર
એક વીધવા સંગ= જમે નીત રમે ભમે સજી શુભ સણગાર (૪)

બાવીસ. સનંદ. સીધી. સાર. કળીયુગનો પ્રબળ પસારો. રંગત. લંગડી. ક. જ. ખ્યાલ. (૩૫)

એક કળીયુગ પ્રગટ થતા. ભુલ્યા ભલભલા આચાર વીચાર
બેહદ બાજી= બીછાવી કલીએ કીધા લાચાર ખુવાર ટેક.

ત્રણ જુગની થઇ ગુપ્ત કળાઓ રહ્યો હવે નહીં સાર લગાર
ચાર ભુજવાળા= ગણેસ વીષ્ણુ હર ગયા ગીરનાર મોઝાર
પાંચ પાંડવો ગળ્યા હીમાલય જોઇ કળીની ધીરધાર ઉધાર
છપ્પન કોટી= જાદવો મધુ રસમાં થયા ઠાર બેકાર
સાત વારમા રહ્યા ન રહેશે માહા બલીયા નરનાર દાતાર, મી.
બેહદ બાજી= બીછાવી કલીએ કીધા લાચાર ખુવાર (૧)

આઠ પોહોર આળસમા પ્રપંચમાં વયા ગયા નીરધાર દીદાર
નવધા ભકિત= હરીજન ભુલી ગયા એકતાર પ્રસાર
દશ ઇંદ્રી વસ કરનારા હરીજનો નથી હુસીયાર આચાર
અગીયાર સના= કરીને પ્રદોસ ભુલ્યા ઉચ્ચાર ઉચ્ચાર મી.
બાર વટીઆઓ લઇને ધ્યારીયા નીકલે કરવા સીકાર હજાર
બેહદ બાજી= બીછાવી કલીએ કીધા લાચાર ખુવાર, (૨

તે રધ્યમાં રમી રહ્યો છે જે જગનો મુખત્યાર મુરાર
ચૌદ વીધ્યાનો= કળા ચોસઠનો ગયો ચમકાર ચીતાર
પંદર તીથી આ જુગમાં હવે થાવા લાગી ફેરફાર અપાર
સોલ વરસના = પુત્રો કરવા લાગા સંસાર વેવાર, મી.
સત રસ્તો ધર્મનો ધ્રટયો થાયે છે અતી બદકાર પ્રચાર
બેહદ બાજી= બીછાવી કલીએ કીધા લાચાર ખુવાર, (૩)

અઢાર વરણુમાં સંપ રહ્યો નહી વનસપતી ઘટી ભાર અઢાર
ઓગણીસસોને છમાં છંદ લખ્યો સહજ વીસ્તાર. ગાનાર

વીસવાસ રાખી મણીરામ હરીદાસ ગયા હરદ્વાર તે પાર
એકવીસ વાસે– અંબાલાલ હરજી ગાયે મોરાર લલકાર મી.
બાવીસ સનંદ "ભગવાને" રચી, અતકરમાં ગ્રહી તલવાર કટાર
બેહદ બાજી– બીછાવી કલીએ કીધા લાચાર ખુવાર (૪)

હમારા ગુરૂ મણીરામજીવણ રામ શરણ થયા.
અંતકાલ સારવરણન, રંગત. લંગડી. ખી. (૩૬)

થયો ગમ જ્ઞાનીઓમાં ભારી ઉડીગયો હોંશ નરનારીનો
લીધો રસ્તો = ગુરૂ મણીરામે વૈકુંઠ.........બારીનો ટેક.

સમજો ધ્યાન દઇ ગુણીજનો સઉ કહું કવી મણીલાલનો સાર
નેકી કરીને = રામને શરણુ થયા નહી લાગી વાર
બનવાનું તે બને ટલે નહીં લેખ કરમના કોઇથી યાર
ધાર્યું ધણીનુ = થાયે સૌ જાયે વ્યર્થ આમનના વીચાર
ઉમંગ અતી મન વીષે હતી સું કહું તેનો તમને વીસ્તાર
કાલને તાબે= થયાના પુરી હામ થઇ મનની લગાર

શેર

ધાર્યું ફોકત સૌ ગયું રહી મનની મનમાં હામજી
સેહેર સુરતમાં ગયા લગ્ન પ્રસંગે મુદ્દામજી
વઇસાખ વદી તેરસને દીવસે જઈ લીધો આરામજી
નવદી કીધુ હરીનું ભજન હતા વ્હાલા જેને રામજી

છોટી

ઇસવી સન ઓગણીસ્સો ૭ હતો મે " માસે
તારીખ ત્રીસમી બુધવાર હતો દી ખાસે
જેઠ સુદી સાતમ સાંજના થયા બંદ સ્વાસે
તે વખ્તે સ્નેહીઓ મીત્રો હતા નીજ પાસે

દોહોરો

સાંજે પાંચ વાગ્યાના સુમારે તજયા ગુરૂએ પ્રાણુ
સેહેરો સેહેર માં થઇ ગઈ અંત કાલની જાણુ મીલાન
સમજી વાત કંઈ ગુણી જનોએ ગમ કીધો આહો..જારીનો
લીધો રસ્તો= ગુરૂ મણીરામે વૈકુંઠ ....બારીનો (૧)

હરીજનો જ્ઞાનીઓ ગુણીજન કરવા લાગ્યા સઉ કોઇ ગમ
હાયહાયરે= હરી કેમ થઇ ગઇ ત્હારી પ્રીતી ....કમ
જે ગુણો નીત ગાયે તમારા તે પર શુ ગુજારો છો જુલ્મ
અહો !પ્રભુ જી= કરાવો દ્રષ્ય તમારૂં રૂપ ....અનુપમ
તમ ચરણોના પ્રતાપથી રહી ગયો જેનો સત ભેદ ભરમ
કૃપા કરીને= તારજો મોક્ષ આપજો રાખી રહમ

શેર

આવી રીતે એક દીલથી કંઇ મીત્રો ગમ કરતા રહયા
અંત કાલની વેળા સુજન જન દમ પર દમ ભરતા રહયા
કંઇ એક ચેલાં પ્રેમર્થી શ્રી રામ સુમરતા.........રહયા
કંઇ એક નુંગરાઓ કરી નિંદા સદા.........ભરતા રહ્યા

છોટી.

કોઇ કાળે મોત કોઇને ન છોડશે ભાઈ
જ્યાં અંતકાલ નીરમાણુ લખ્યો સુખદાઈ
શુભ લગ્ન પ્રસંગે, ગયા :સુરતની માંઇ
મેળવી શું કીરતી પામ્યા જીત .... સવાઇ

દોહોરો.

કરી સકળ શ્રોતાઓના મન રંજન ગયા હરદ્વાર
રામચન્દર હતો પુત્ર, જેના પર કીધો મીત્રોએ તાર. મા.
ગુણ જ્ઞાન ભંડાર ભર્યા, લેખણના જેની બલીહારીનો
લીધો રસ્તો =ગુરૂ મણીરામે વઇકુંઠ .... બારીનો (૨)

અત્રેથી જવાબ તારનો તુરત, સંદેશો ગયો સુરત મોઝાર
સતી ગતી શુભ= કીધી મીત્રોએ દાધો અગ્ની સંસ્કાર
ધન્ય ભાગ્ય જેના કે, દુઃખ નહીં વેઠયું શરીરે એક રતીભાર
રામ રામ કહી= તજ્યો દેહ, સફળ થયો મનખા અવતાર
પુર્વે દ્વાપર યુગમાં, કરણ ભક્તનું સ્થુલ લઇ કૃષ્ણ મુરાર
કુંવારી ભુમી= આજબી પ્રખ્યાત છે અસ્વની કુમાર.

શેર.

એક વાસની તણુખી જેટલી, કુંવારી ધરતી ત્યાં હતી
ત્યાં કૃષ્ણ પ્રભુએ કરણની, કીધી હતી શુભ સદગતી

એવીજ રીતે મીત્રોએ, મણીરામની કીરતી અતી
પ્રસરાવી સુરત શહેરમાં, પ્રસીધ્ધ કીરતી થઇ છતી.

છોટી.

જ્ઞાનીઓના ગુણ નીત ગુણી નરો ગાયે છે
જ્ઞાનીઓના ગુણ હરકોઇ લેવા ચાહાયે : છે
જ્ઞાની પુરૂષોની વાહવાહ ....થાયે છે.
જ્ઞાનીની જગમાં જય જય વરતાયે છે.

દોહોરો.

શુબોધ છન્દો છપાવવા એક ભાગ કર્યો તઇયાર
નજરોથી તે અદ્રષ્ય થયો, ખબર પડી ન લગાર મીલાન.
અલોપ થયો ભંડાર જ્ઞાન ધન, નામાંકીત વેપારીનો
લીધો રસ્તો= ગુરૂ મણીરામે વહકુંઠ ...... બારીનો (૩)

મરવાનું છે સઉને પણ, જે જગમાં કીરતી કરી ગયા
અમ્મર રહયા છે– નામનીસાનો, તે ભવજલ તરી ગયા
જેણે નામ અમ્મર નહી કીધું, તે જીવતે જીવત મરી ગયા
પરનીંદાઓ– કરી કરી પાપમાં પગલા ભરી ...... ગયા
અંતે ન આવ્યું કામ રતી ધન, જ્યાંનું ત્યાં સઉ ધરી ગયા
હરીદાસ કહે કઇ નુગરાઓ પાછા ...... ફરી ગયા.

શેર.

માટે સુજનો સાફ કરી મન ભજો હરી પ્રતીપાલને
નહીતો પસ્તાસો પછી, જોઇ કાલની માહાજાલને
કઇ એક શુરવીરો નરો, જીત્યા ન કાલ વીશાલને
કેમ કાલ જોવા પામશો; થાશો તાબે તમે તે કાલને

છોટી.

માટે સઉ ભાઇયો, કાલની આસ ન રાખો
કરો ભજન પ્રભુનું, સત્ય વચન શુભ ભાખો
કહે અંબાલાલ ફળ; શુભ કરણીના ચાખો
કહે હરજી પરાઇ નીંદામા નહી ...... ઝાખોં.

દોહેરો.

કાલીદાસ મોરાર પરસોતમ, જપે હરીનું નામ
મણીરામ નામનો મણી દીપ્યો; કુલ ગામો ગામ. મીલાન.
" ભગવાનદાશ " છે પ્રેમી ગુરૂના નામનો ગુણ આગારીનો
લીધો રસ્તો– ગુરુ મણીરામે વઇકુંઠ .... બારીનો (૪)

રૂસતમ તથા સોરાબ પહેલવાનની લડાઇ.
રંગત લંગડી. ખ્યાલ. (૩૭) બાપ બેટા.

જે જે જનમ્યા તે તે પર ફરે છે, માહાન કાલ તણું ચકકર
યુદ્ધ બરાબર– થયું રૂસતમ; સોરાબ બેઉનું દીલબર. ટેક
રાજા ફકીર પહેલવાન ગમે તે હોય, મહાબલીયો બહાદુર
પલમાં નીડર– કજા નહીં, કોઇને કદી છોડે...... આખર.
ઉમંગ ધારી યુદ્ધ કરવા ચાલ્યો, સોરાબ નરેસીંહ નામેવર
એશ અશરતધર= તજી નીકલ્યો; સવાર થઈ રખશ ઉપર
આગલ પોતે પાછલ તેની, ચાલે તુંરાનીનું લશ્કર
ઇરાન અંદર– ધસ્યો નુરે મંદ, શેહેરમાં સેરે ...... બબ્બર.

શેર.

તે શેહેરમાં મોટો સુફેદ; કીલ્લો હતો મજબુત અતી
તેમાં હજીર પહેલવાનની, કાયમ સખત ચોકી હતી
તેબી બે પરવા હતો, ફરી કર્મની અંતે ... ગતી
જોઇને સોરાબને, બસ ભંગ થઇ તેની ... મતી. મી.
બુલાવ્યા ગરદીસે બેઉને, કહો તેમાં કરે શું મુકદ્દર
જંગ બરાબર– થઇ રૂસતમ. સોરાબ બેઉની દીલબર. (૧)

નાંખી કમંદ સોરાબે ઝેર કીધો, હજીરને જંગ અંદર
પડયો બીરાદર– ફરીદનો. ગોર્દા જમીન પર જાલીમ જબર
મરદાનો કરી વેશ નીકલી, ગોર્દા ફરીદ સજીને સસતર
જંગ કરવા સર– બીજે. ભાઇનો કીનો લેવા ખાતર
ઝખ્મ કીધો તેણીને સોરાબે, જરા ન દીલમાં ખાધો ડર
નાજુક સુંદર – પડી બેહોશ થઇ. જુવે સઉ કોઇ બસર.

શેર.

વીખરાયા બાલો બાંધેલા, છાનો ભરમ ખુલ્લો થયો
ચહેરો તેનો આફતાબી, ચંદ્ર સમ ચમકી રહ્યો

તે જોઇને વીચાર ઝટ સોરાબનો બદલી ગયો
છોડી બાનુને લગ્ન કરવા, સખુન મોંથી કહ્યો મીશાન.
કોલ દઇ ગઇ કીલ્લો બંદ કર્યો; ચડી સફીલ પર બદલાવી નજર
જંગ બરાબર— થઇ રૂસ્તમ સોરાબ, બેઉની દીલબર. (૨)

સફીલ પર ચડી અવાજ દીધો, ગોર્દાફ્રીદે ખોલી જીગર
અય જવાં મર્દ નર – તું છે. તુંરકસ્તાની પહેલવાં તાતર
ખાસ ઇરામાં હું અવતરી છું. ગોઝદેમ છે મ્હારો પીદર
નેક બખ્તાવર— ની છું બેટી, કયાનીની નેક કદર.
નહીં લજાવું નેક માયની કુખ, જગમાં ગુની ચતર
ચાહે તે કર:=જુદદીનથી થાયે ન શાહાદી છોડ ફીકર.

શેર.

કટુ વચન સાંભલીને, સોરાબે કહ્યું લાવી ગુમાન
ફનાં બશ પલમાં કરી દઉં, ત્હારો કીલ્લો આલીસાન
બે ખબર તું છે, નથી જોયા હજુ મર્દ ......જવાન
તો જોઈ લેજે કાલે મને, અને મ્હારા ગુર્ઝને રાખી ધ્યાન. મી.
એટલું કહી સોરાબ ગયો, લશકરમાં દીલે થઇ માઠી અસર
જંગ બરાબર= થઇ રૂશતમ, સોરાબ બેઉની ... દીલબર (૩)

છુપી રીતે ગોર્દાફ્રીદ, નીકલી ગઇ કીલ્લાથી બાહર
બેઉ જોડી કર— કહે હવે બચાવી, લેજે અય પરવર
જઇ હાલ સહુ કહ્યો, જ્યાં બેઠો હતો કયકાઉસ તાજેવર
કહ્યું રહે નીડર— હવે હું નક્કી લઉં છું તેની ખબર
તરત તેને જાબુલથી બોલાવ્યો. પહેલવાં રૂસતમને ખરેખર
દીલનો દીલાવરે— આવ્યો રૂસતમ બી કસી પોતાની કમ્મર.

શેર.

તે સામને નરીમાનની આવ્યો લઇ શમશીરજી
ગુર્ઝ નેઝો ઢાલ કમદ, કમાન સાથે ... તીરજી
ડેરા તમ્બુઓ તાણી, કીધો મામલો ગંભીરજી
સાથે ગોદરેજ ગેવ, ગસ્તમ બીહતા શુરવીરજી. મી.
તઇયારી સૌ કરી વગાડયા; ખુશ વકતીના વાજીંતર
જંગ બરાબર — થઇ રૂસ્તમ, સોરાબ બેઉની દીલબર. (૪)

દીલેર શેરો ઇરાની એક તરફ; ફોજ તુરાનીનો અફસર
કરી તકોબર— કહે કહાં ગયો, તે રૂસ્તમ જાલે ... જંર
એવા બી દુન્યામાં ડરે છે; મારા ધાકથી જોરાવર
સમજ મુકર્રર— વાત આ નથી; ફરક એક તલ માતર
કહણુ સખુન સોરાબના સમજી; નીકલ્યો બ્હાર રુસતમ શુર નર
લડવા તત્પર — થયો સોરાબની સાથે, સમજ્યા વગર.

શેર.

આવતો રૂસ્તમને જોઇ સોરાબે દીધો આવકાર
કહે મને તારી ઉપર દીલમા રહેમ આવે છે અપાર
માટે હું કરતો નથી હથીયારનો; ત્હારા પર પ્રહાર
ઓળખાવ મ્હને તહેમતનને, તો જોઉં હું તેના દીદાર મી.
ભુલીસ નહી ઉપકાર ત્હારો, ચાહે મ્હારો જીવ જાયે બહેતર
જંગ બરાબર— થઇ રૂસ્તમ; સોરાબ બેઉની દીલબર (૫)

નામ છુપાવીને રૂસ્તમ; કહે વાત જવાં મર્દે સાંભર
હજારો હાજર— મારા જેવા છે; રૂસ્તમના ... નોકર
કામ તને શું છે રૂસ્તમનું; જંગમાં મ્હારી સંગ ઉતર
લડવું છે અગર— તો લડ, અજમાવ જોર અહી વાર ન કર
એટલું કહેતાં સોરાબે, કમ્મરબંદ કસ્યા ન :દીલમાં રહી સબર
મીસાલે પથ્થર— પટકયો, રૂસ્તમને હાથમાં ઉંચકી અધર.

શેર.

નાખી રૂસતમને નીચે સોહોરાબ છાતી પર ચડયો
ખેંચ્યુ ખંજર કે ફરેબ એક રૂસતમે દીલમાં ઘડયો
અંજાન રહી પહેલવાંનની રીતથી તું એક વખત લડયો
જાન લઇએ તેનો ત્રીજી વાર જમીપર જે પડયો

મીલાન.

ઉત્યોં સીના પરથી સોરાબ ચુકી ગયો બાજી તે બાજીગર
જંગ બરાંબર = થઇ રૂસ્તમ સોરાબ બેઉની દીલબર. (૬)

ફરી તહેમતન આવ્યો જંગમાં તોય થયો નહીં તે જાહર
સોરાબે આદર - માન દઈ કહ્યું રહેમ કરતું મુજ પર
જાલે જરના—તોખમનો તું બશ છે રૂસ્તમ અયે સેરેનર

ધાક દીલેધર = ખોદાનો હવે મ્હને અહીં નહીં છેતર
ફરી પીલતને કહ્યું રચી એક નવો ફરેબી ફંદ હુન્નર
જાલે જર પીસર = કહાંતે અને તું કહાં જંગલી તીતર

શેર.

એટલુ કહીં સોરાબને ઉંચકી અધર ઉંચો કર્યો
પટકી ખંજર ભોંકયું ઝટ દીલમાં જરાબી નહીં ડર્યો
મેં બચાવ્યો તો મને માર્યો અરથ કહે શું સર્યો
નહીં દગો થાસે સગો સત કહું સખુન નશીયત ભર્યો મી.

મારો બદલો લેસે જેનાથી ધ્રુજે જમીં આશમાં થરથર
જંગ બરાબર = થઇ રૂસ્તમ સોરાબ બેઉની દીલબર (૮

ત્યારે રૂસ્તમ કહે કોણું છે એવો ધ્રુજાવનારો હક્તે કેશવર
નામ લે અકસર–તો જાણું તેને છે તું આખનો શજર
પીદર રૂઇનતન રૂસ્તમ છે તેહમીના થાય મારી માદર
તેનો તો ખમ સર–કહું છું સોરાબ જવાં મર્દ બે શીકર
સાંભલતાને વાર રૂસ્તમ ગમ કરે માહાતમ પટકી સર
હાય સુપાતર—બેટા થઈ ખતા મ્હારી તે કર દર ગુજર

શેર.

લાવ્યોછે તુજમાય કનેથી બેટા મારી શું નીસાંન
તેમને બતલાવ બાજુ ખોલી તારી અય જવાંન
તનમાં નથી તાકત કહે સોરાબ લાવીને ઇમાન
જોઇલે આબાજુ મ્હારી ખોલી કરી તેપર ધીયાન મી.

હવે ન ગમ કર પીદર રહયો નહીં રેશે કોઇ જગમાં અમ્મર
યુધ બરાબર= થયું રૂસતમ સોરાબ બેઉનું........દીલબર(૮

જા કયકાઉસ કને કહે ગોદરેઝને રૂસતમ થઇ.........કાયર
મોતનો અવસર= છે આતું લાવનોશ દારૂં ઝટ કર
નોશ દારૂં નહીં દીધો હતો કયકાઉસ બે રહેમી બેકદર
ઉંચકી ખાંધપર– આવ્યો રૂસતમ જાંબુલ તન વસતર વગર
મણીરામ હરી કહે હાલ શું લખું હું રૂસ્તમનો શાહર
બે દીના મુસાફર– આવે થઈ અહીં પાછી કરે ત્યાંની સફર

શેર.

અંબાલાલ કહે કોઇ કાલે તે નહી છોડસે કોઇને કજા
માટે કાલીદાસ કહે છે જુઠી મોહો માયા.........મજા
મોરાર **હરજી** કહે પ્રબલ છે કરણીની ન્યારી સજા,
પુરી થતા મુદત આજીવ જાયે તેની મળતા રજા મીલાન.
"ભગવાનદાસ" કહે દાદગર દાવર, નામ જબાંથી નહી વીસર
યુધ બરાબર- થયુ રૂસતમ સોરાબ બેઉનું દીલબર (૯)

અંતે નેકી પાર ઉતારે છે, ક. જ. રંગત, લંગડી, ખી. (૩૬)

નેક નામ કરો નરો દુનીયામાં કાયા આખર ખરી જસે
નેકીનો બદલો= હરીહર દેશે ભવ...... સાગર તરી જસે, ટેક.

મુંઢ મુરખ ભગવતનુ ભજન કર અંતે મુસાફર મરી જસે
નીંદ્રા ગફલતની- ત્યાગ કોઇ ત્હારો માલજર હરી જશે
લેવાનુ તે લઇલે આગલથી પછી તું નર વીસરી જસે
મહેનત અકારત= જસે ત્હારી જે તુ ચતર કરી જસે

શેર.

ચેતીને તું ચાલજે, રસ્તે અંધારી રાત છે
લુંટસે તસ્કર તને, જાળવજે નહીતો ઘાત છે
માલ ખોસે ગાંઠનો, પસતાસે પછી હરવાર નર
કોઈ નથી સાથી સમજ નર, ચેત સાચી વાત છે, મીલાન.

માટે તજ અભીમાન માન કાયા કંચન ઝર ઝરી જસે
નેકીનો બદલો- હરીહર દેશે ભવ સાગર તરી જસે (૧)

લેનારા લઇ જસે ચોર તું પંથે જાહર.........કરી જસે
બાંધી સીપાઇઓ- રાજાના કચેરી અન્દર ધરી જસે
હાલ પુછશે તને તો તુ ત્યાં જવાબ દેતાં થર થરી જસે
ચુપ ચુપ ઉભો= રહી છુટવા ને બદલે કરગરી જસે

શેર.

પાછો ત્યાંથી ચાલશે, જેવો તુ ત્યાંથી છુટસે
તને જેઈ હાકમના હુકમથી, ચોર પાછા લુટસે
મારી કુટીને તને નાગો કરી, જસે ધન હરી
તારો નસીબનો ટુટસે, બેઉ હાથે માથુ કુટસે, મીલાન.

જબર જસ્ત જોરાવર ચારો, લુટીને કાફર ફરી જસે
નેકીનો બદલો- હરી હર દેશે ભવસાગર તરી જસે (૨)

માટે મુસાફર ચાલજે ચેતી નામ પૃથ્વી પર કરી જસે
નહી તો રડશે- અંતે આ શરીરનું, સાબર બરી જસે
કોઈ કામ નહીં આવે અંતે વહુ બીજો વર વરી જસે
જસે એકલો- અંતે જોઈ કાલને, બહાદર ડરી જસે

શેર.

રહી જશે મનસુબા મનના, મનમાં અને પર આસમાં
તો તે સમે પસતાશે બહુ રેશે તું નર ઉદાસમાં
હવે શું કરૂં ને શું નહી એવા વીચારો રેશે, દસી
નહીં પડે કંઈ સુજ. તે, સમે જોઈ જમ ચોપાસમાં. મીલાન.
કાચાપડી રહેવાની જીવનો ચારો વનચર ચરીજસે મી.
નેકીનો. બદલો= હરીહર દેસે ભવ સાગર તરીજસે

જીવ નહી થાસે કોઈનો સાથી અંત વખત સરસરી જસે
નહી રોકાસે= ન પાછું પગલું પલભર ભરી જસે
મનીરામ હરી કહે નેકીના ફુલની વાસ અમર પ્રસરી જસે
તો ભવ તરસે= તારશે કુલને કવેસર......... તરીજસે

શેર.

મોરાર હરજી કહે પ્રથમ ખ્યાલોનો કરજે ખ્યાલતું
કાલછે વીસાલ પલ એક હર ભજનમાં ગાલતું
શુભોધચંદ ભીખાજી કહે ટંકસાલ અંબાલાલતું
પરસોતમ કાલીદાસથી નીત નમન કરીને ચાલતું
"ભગવાન" થી સ્નેહ તોડીસતો તારી રદ સાયર સાયરી જસે મી.
નેકીનો બદલો- હરીહર દેસે ભવ સાગર તરીજસે (૪)

રંગત નવેલી ભેદી ખ્યાલ ચાલ ત્રીકડી, સવાલ. (૩૯)

મે સ્વપના જોયા ચાર- સાર સમજુને મતછે મેહેલો. ટેક

પહેલા સ્વપનામાં- એક દીઠું અચરજ મુલ, મુલપર બેઠી ચાર બુલબુલ
છે સુક્ષમ જેવું જેનું સ્થુલ, કે મુલનો વેલો ડાળે વળગેલો
મે સ્વપના જોયા ચાર- સાર સમજુને મનછે મેહેલો (૧)

બીજા સ્વપનામાં- દીઠું ડીંગ ભારેહુલ. હુલપર મોતી જરકશી ઝુલ
હબાયા તેમાં કરોડો ગુલ, કે એવી હુલમાં કોણ ફસેલો
મે સ્વપના જોયા ચાર- સાર સમજુને મન છે સેહેલો (૨)

ત્રીજા સ્વપનામાં- દીઠું એક અચરજ ફુલ, કે જેપર રીદાછે દુનીયાકુલ
કીધીછે ભલા ભલાએ ભુલ, કે એવા ફુલપર થયો શુ ઘેલો
મે સ્વપના જોયા ચાર- સાર સમજુને મનછે સેહેલો (૩)

ચોથા સ્વપ્નામાં- કહે મણીરામ એકનાર, સજી પુરા સોલે સણગાર
પામી પોતાનો હરી ભરથાર; નારે " **ભગવાન** " થી કીધો મેળો
મે સ્વપના જોયા ચાર= સાર સમજુને મન છે સેહેલો. (૪)

સવાલ. રંગત. નવેલી. ભેદી. ખ્યાલ. ચાલ ત્રીકડી ખી. (૪૦)

મે સ્વપના જોયા સાત= આંખ મારી ઉઘડી ગઇ એટલામાં, ટેક.
પહેલા સ્વપનામાં— મે અચરજ દીઠું સાર, એક ખરને માથે સીંગ ચાર
સીંગ પર ચચ્ચાર ઘોડેસ્વાર, છે જેમાં રતી ન ફેર લગાર
કે એવો ખર કોઇ નથી દુનીયામાં, મે સ્વપના જોયા સાત .
આંખ મારી ઉઘડી ગઇ એટલામાં (૧)

બીજા સ્વપનામાં— એક દીઠો ચોમુખી બાગ, બાગમાં કોયલ બોલે રાગ
બીજી મેના સંગ ખેલે ફાગ, બાગમાં લાગી ચોતરફ આગ
કે એવો બાગ નથી દુનીયામાં — મે સ્વપના જોયા સાત
આંખ મારી ઉઘડી ગઇ એટલામાં (૨)

ત્રીજા સ્વપનામાં- એક દીઠો બે મુખી વાઘ, ગળામાં લપટયો ભુજંગી નાગ
નાગના શીશ પર બેઠો કાગ, કાગ નાગને બતાવે વાઘ
કે એવો વાઘ નથી દુનીયામાં, મે સ્વપના જોયા સાત
આંખ મારી ઉઘડી ગઇ એટલામાં. (૩)

ચોથા સ્વપનામાં— એક દીઠો અચરજ કુવો, કુવા પર હતો લાલજી ભુવો
હાથમાં ઝાલ્યો પોણીયો સુવો, સુવાની અણીએ ભુવો મુવો
કે એવો કુવો નથી દુનીયામાં, મે સ્વપના જોયા સાત
આંખ મારી ઉઘડી ગઇ એટલામાં. (૪)

પાંચમાં સ્વપનામાં —એક દીઠું અચરજ ઝાડ; ઝાડ પર હતા કરોડો તાડ
તાડમાં દીઠો નવાબી પાહાડ, પાહાડમાં હતી પાતાલી ખાડ,

કે એવું ઝાડ નથી દુનીયામાં. મે સ્વપના જોયા સાત
આંખ મારી ઉઘડી ગઈ એટલામાં. (૫)

છઠ્ઠા સ્વપનામાં— એક દીઠી અચરજ ભેંશ: હતા નવ નવ ગજ લાંબા કેશ
આંખોમાં આંજી હતી ખુબ મેંશ, દેશમાં ફરતી બાળેવેશ
કે એવી ભેંસ નથી દુનીયામાં. મે સ્વપના જોયા સાત
'આંખ મારી ઉઘડી ગઈ એટલામાં. (૬)

સાતમાં સ્વપનામાં– એક દીઠી નીંદ્રાની માંઇ, આવી સુનમુખ ઉભી
એક ગાઇ
હતી નવ નવ ફુટ લાંબા ધાઇ. કે દુધ પીઇ અમર થયો હું ભાઇ
એવી ગાઈ નથી દુનીયામાં. મે સ્વપના જોયા સાત
આંખ મારી ઉઘડી ગઇ એટલામાં. (૭)

આ સાતે સ્વપના— છે સત્ય સમજ વીસતાર. જવાબ સોધો શુભ
મહીના બાર
મુદતમાં છંદ કરો તઈયાર, કહે "**ભગવાન**" જ્ઞાન ભંડાર
નથી ભન્ડાર બીજો દુનીયામાં. મે સ્વપના જોયા સાત
આંખ મારી ઉઘડી ગઇ એટલામાં. (૮)

પ્રભુને વચન દઈ જે કોઇ ફરી જાય છે તે પશુ સમ છે.

રંગત, નવેલી, આત્મજ્ઞાન ખ્યાલ. (૪૧)

સુઇ રહયો શું નર નિંદ્રામા. ધ્યાન ધર વાત અગમની ઓલી
હતો ગર્ભવાસમાં જયારે; કીધી હતી પ્રભુથી તેં શું બોલી ટેક.
તું ગયો શું હમણા ભુલી. ખેલ નીત આત્મજ્ઞાનની હોલી
ભમણામાં ભુલ્યો ભમે, રમે નીત જમે છે પોરણ પોળી
ડર યમદુતોના રાખ, ખાખ તન કરશે ઝટ રગડોળી.

ચાલ, ઝુલની. ગરબીની.

શું કરે છે મારૂં મારૂં; નથી તલ માત્ર પણ તારૂં, નેત્રોમાં છાયું અંધારૂં મી.
મન ચેત ચેતરે ચેત, ખેત વણસાયું લે ઝટ ખોળી
સુઇ શું રહ્યો નર નીંદ્રામાં, ધ્યાન ધર વાત અગમની ઓલી (૧)

પોઢયો શું છત્ર પલંગ પર, ગાદલા મખમલના નીત ઢોળી
સ્વાર્થમાં કાપ્યા ગળા; છેતર્યા રંકને ભાળી ભોળી
ફેરવે ગળા પર છરી; નીરદયો રેંસે અજાની ... ટોળી
સપડાય કદી જો હાથ. ઘાત કરી ખાએ ફોલી ફોલી

ચાલ, ઝુલની, ગરબીની,

કુ રણીના કાટને ટાળો: મન ઘોડાને ઝટ વાળો: કુટેવ તમારી ભાળો, મી.
એ કરશે કાળો કહેર, પ્રેમરસ રસબસ પાંયો ... ઘોળી
સુઇ રહ્યો શું નર નીંદ્રામાં, ધ્યાન ધર વાત પુર્વની ઓલી, (૨)

થઇ ઉંચ: લક્ષ ગુણ ભાંખ, રાખ ભકિતની ખભે નીત ઝોલી
થા મસ્ત શુરો અલમસ્ત; દુષ્ટ બુદ્ધી તું તજીદે ..... કોલી
થા જ્ઞાનીઓનો દાસ. છાસમાંથી માખણ લે તોલી
તજ નીચ નરોનો સંગ, રંગ તેઓ શુભ દેશે રોળી.

ચાલ, ઝુલની, ગરબીની,

ધર ધરણી પર પગભાળી; દે પાપ તાપ પ્રજાળી, મુલ ગ્રહી તજીદે ડાળી, મી.
ડાળીમાં રીઝે નહી કદી, ધણી વનમાળી ખાખ લે ચોળી.
સુઇ રહ્યો શું નર નીંદ્રામાં ધ્યાન ધર વાત અગમની ઓલી (૩)

ગુરુ મણીરામ કહે રામ, ભજ્યાથી કરે ન જમડા ... ઠેઠોલી
અંબાલાલ. હરજી મોરાર; જ્ઞાન સબ્દોની મારે ... ગોલી
ગીરધર લલ્લુ ગોપાલ, કહે નહી પેરતુ ચણીઓ ... ચોલી
કહે કરસનને ભાણાલાલ; ખ્યાલ રંગત આ છે .. અણમોલી.

ચાલ, ઝુલની, ગરબીની.

" **ભગવાન** " ભજીલે ભાવે, ભય જનમ મરણ નહીં આવે,
સત સ્વર્ગાપુર સોહાવે, મીંજ્ઞાન.
" **ભગવાન** " કોયલ સમ રાગ: ફાગ ગાવામાં મધુર વદે બોલી
સુઇ રહ્યો શું નર નીંદ્રામાં; ધ્યાન ધર વાત અગમની ઓલી (૪)

આદેહ, રેલ, ગાડી, સત્ય છે.

હીંદુસ્તાની. રંગત જુની, ધુન, નથી ખી. (૪૨) સવાલ.

મીરાની કંચન કાયા રેલ
તન ગાડી કો ખેચત હવે મન. અંનજન બોજ ધકેલ ટેક.

માસ માસ કાં મીલહે ચેતન, બરસ બરસકા હયે સ્ટેશન
નર શરીર ઉત્તમ ગાડી તન, હીરદા કહીયે મનોહર જંકશન

દોહરો.

ઇસ બુદ્ધી કી લેનપે, રેલ ચલે દીન રાત
આવા ગવન લગ રહી, સવારી એક આવત એક જાત
ગાડીસે હયે ગાડીકા મેલ, ... મીલાન.
તન ગાડીકા ખેંચત હયે મન; અનજન બોજ ધકેલ (૧)

ચાલ.

અહંકારકી ચેતે ચંડી, નહીં ત્રીષના, હોતી થંડી,
પાપ પુન્યકી ફડકે ઝંડી, પરમ જોત રસ એક અખંડી.

દોહા.

નાડ તારકી દેત હયે, ખબર કરે તાલાષ
પરમ જોત એક લાલ ટેન હૃદયમેં પરકાશ
જલેવો બીન બાતી બીન તેલ, ... મીલાન.
તન ગાડીકા ખેંચત હયે મન, અનજન બોજ ધકેલ. (૨)

ચાલ.

જીસ દરજેમે તુમકો જાના, વયશાહી મહેસુલ ચુકાના
હોતી હયે જબ રેલ રવાના, છુંટત અપના ઓર બેગાના

દોહા.

રાત દીના ઓર પલપલ છીન છીન જપ નર સુવાસુ સ્વાસ
જબ તક બાકી સાંસહયે, તબ તક હયે કુચ્છ આસ
આગ પાનીકા સારા ખેલ .... મીલાન.
તન ગાડીકા ખેંચત હયે મન, અંજન બોજ ધકેલ. (૩)

ચાલ.

મન સોદાગર ખેપ લદાવે, સતકા સોદા લાભ કરાવે
એ ઘંટી ઉપદેસ સુનાવે, સંગ ધર્મકી બીલટી જાવે,

દોહા.

"ભગવાન" દાશ યું કહે, છુટને વાલી હયે અબરેલ,
કોઇ ટીકીટ લેવે સુર પુરકા, કોઈ યમપુર ગેલ
કરે કાયામે જીલ કુલેલ, ...મીલાન.
તન ગાડીકો એંચત હયે, મન અંજન બોજ ધકેલ. (૪)

કળયુગમાં ચોર સાવ થઇ ફરવા લાગા.
રંગત જુની ધુન નવી. ચાબકો ખી. (૪૩)

જુવો આ જુગની બલીહારી
સાવને કહે છે ચોર; ચોરો આ બન્યા છે વેપારી. ટેક.

થયા અનીતીમાં પ્રવીણ નામી,
સત્ય ધર્મને ભુલી પ્રીત બાંધી માયા સામી,
પડી પ્રભુ ભજવામાં ખામી,
બ્રાહ્મણ ક્ષત્રી ને વઇષ્ણવોએ કીધી બદનામી
પ્રભુ છે શસ્રુષ્ટીનો સ્વામી
તનની મનની જનની સકળ જાણે અંતર જામી
કર્વી પંડીત આહો આમી....... ભાષાં મરાઠી
મન ઘોડેજી લગામ કે કો નતા રખન થામી કચ્છી
ગણે છે માયાને પ્યારી
સાવને કહે છે ચોર ચોરો આ બન્યા છે વેપારી (૩)

વચન દઈ ભુલ્યા જન ગાજી
વૃથા ખોઇ બેઠા જીંદગી. પંડીતો ને કાજી
ખાયે મેવા તજીને ભાજી
માયાના પુંજારી સાયબી ભોગવતા આજી
રહે મદમાં મનમાં રાજી
ભવ નવ આણે કે પુછશે આ જગનો પીતાજી
મુહ પે કહેતે વાહા વા જી.....હીંદી ભાષા
માગે કરીતો આપલી બડાઇ અઇન વદા પાજી મરાઠી કચ્છી
બુધ મા છા. ચ્યાતો વારી. મુલતાની ભાષા
સાવને કહે છે ચોર, ચોરો આ બન્યા છે વેપારી. (૨)

લઇ બાંધી મુઠી આવ્યા,
પડયા મોહ માયાની જાલમાં, ફરયા નહીં ફાવ્યા

બીજ પાપોના પ્રગટ વાવ્યા,
તેના ફળો ખાધેથી ઉલટા, નીજ તનને તાવ્યા
પાન બીડા મુંખથી ચાવ્યા
પડી ધુલ તે મુખમાં નફાને બદલે ખોટ લાવ્યા
હાથ પુનમાં નહીં લંબાવ્યા,
પડી ધુલ ના ગ્રહયું મુલ, ડાલો એ લટકાવ્યા
ગઈ શું અકકલ ત્હારી મારી,
સાવને કહે છે ચોર, ચોરો આ બન્યા છે વેપારી; (૩)

થયા સાયર કાયર કેવા,
દેવાનું તો જાણે નહીં બેઠા જવાબ લેવા,
કુડા કરજીઓ કરે દેવા
મણીરામ ચંદ્રને હરી જાણે અલક્ષ ભેવા
કહે અંબાલાલ છંદ એવા,
મોરાર હરજી ધનજી ભીખાજી ગાયે રમુજ જેવા
કરી લે સત ગુરૂની સેવા,
જમસેદજી રૂસતમજી બાંપાસા કહે મળશે મેવા
કહે "ભગવાન" છંદ લલકારી
સાવને કહે છે ચોર, ચોરો આ બન્યા છે વેપારી; (૪)

ભેદી પુછક ઉલટી વાણી સવાલ.
રંગત જુની ધુનઃનવી ખી. (૪૪)

જવાબ દીયો તો આનંદ થાય,
બાપ ઝુલે પારણે હીંચોળે દીકરી મંગળ ગાય. ટેક,

લખી છે ઉલટી આ કવીતાય,
પીએ દુધ કરી શુધ પીતા પુત્રીનું મન હરખાય.
તમાસો જુવે સઘળો માય,
બળી ઝળી કળકળી રહે પણ મુખથી નવ બોલાય,
માયથી જોયું નહીં આ જાય,
બાપ ઝુલે પારણે હીંચોળે દીકરી મંગળ ગાય. (૧)

માયના ચાર ભાઇ કહેવાય,
ઉલટા ચલન જોઇ ભાણેજીના મામા ગયા લજવાય:
બેન આ મમથી નહીં જોવાય,

મામા મામી માય મળી સૌ કરવા લાગ્યા ત્રાય
પુત્રીં નીત પય પીતાને પાય,
બાપ ઝુલે પારણે હીંચોળે દીકરી મંગળ ગાય, (૨)

રંગ સુરંગમાં રહયો પ્રસરાય,
જોનારા સહુ જોઇ રહયા પણ વળ્યું ન તેનું કાંય.
ગયા ઉલટા પોતે ખરડાય,
બીજી ગયા રંગમાં તેઓ બી સુરંગમાં સપડાય.
મલ્યો જ્યારે સત ગુરૂનો ન્યાય,
બાપ ઝુલે પારણે હીંચોળે દીકરી મંગળ ગાય, (૩)

માય બી જોઇ રહી સરમાય,
ટળી ગઇ સંક્ર મનની મનમાં તે રહી મુંઝાયઃ
સત છે ન્યાય નથી અન્યાય,
કળી લીધો સત સાર ભેટી દીકરીને ગળે લપટાય.
માસી કરવા લાગી અદેખાય,
બાપ ઝુલે પારણે પારણે હીંચોળે દીકરી મંગળ ગાય, (૪)

મણીરામે કીધી સરસાય
હરીદાશ કહે નાક કાન માસીના ગયા કપાય
બાણ વીણુ પ્રાણુ ગયા વીંધાય
અંબાલાલ હરજી મોરાર. છંદ ગાયે સભાની માંય
રચે "ભગવાન" ગ્નાન ગીતાય
બાપ ઝુલે પારણે, હીંચોળે દીકરી મંગળ ગાય.

સભા ઉઠતી વખતે ગાવાની પ્રણામ.

રંગત તનતા. હી. ખી. ક. જ. (૪૫)

રજા દીયો તો= મારીજાન= રજા દીયો તો=
લઇશ હું આરામ, કહું છું કરી પ્રણામ; ટેક.

ચાલ દોહોરાની.

આજની રાત ગઈ હશી ખુશીમાં, હવે થવા આવી પ્રભાત
જીવતા હસું તો ફરી આવી. મેલવસુ હાથમાં હાથ. મી.
રાખજો માયા= મારીજાન= રાખજો માયા—
મ્હારા પર તમામ, કહું છું કરી પ્રણામ, ... (૧)

ચાલ દોહારાની.

આજે સભામાં વીવીધ. રંગ રાગના ખ્યાલો અમે ગાયા
સુંણી કરી સઉ દંગ થયા, શ્રોતાઓ સકળ હરખાયા, મી.
હઇયે ઇશ્વરનું = મારીજાન – હઇયે – ઇશ્વરનું—
ધારો સતનામ, કહું છુ કરી પ્રણામ .... (૨)

ચાલ. દોહારાની.

હરીજનોને પ્રેમીજનો. કરે આનંદ ઓછવને ગાનતાંન
પુન્ય પરમારથ દયા ધરમ, નેકી પર અરપો પ્રાંન મી.
જાુઠી છે માયા– મારીજાન— જાુઠી છે માયા—
નહીં આવે કામાં કહું છું કરી પ્રણામ .... (૩)
ગુરૂ અસાજા મણીરામ, હરીચંદ્ર હીવા સાયર પુરાં. કચ્છી
અંબાલાલની હદય મધે, પાહીલા ઓહંમ બ્રહમ તુરરાં, મરાઠી.

મીલાન.

પીધું " ભગવાને " મારીજાન –પીધું " ભગવાને "
ભકિત રસજામ = કહું છું કરી પ્રણામ— .... (૪)

———:o:———

સમાપ્ત.

ક. જ. સખી. ગન. સ્તુતી. પ્રારંભ. (૧)

લાલ લટધારીનો ગન, ગુણીયેલ ગુણ ભણેલજી
લાયક છે દાતા વીશ્વનો, રંગીલો છેલ છબેલજી
લઇને મુખથી નામ, કરીયે ટેલ ભક્તિ ખેલજી
લાભ લક્ષ જેથી મળે, સુજશએ શેહેલ રસેલજી
લાજ વાહાલો રાખશે, જે સુમરશે મન પહેલજી
લાખો વીઘન વીદારશે. મેળવશે; મનનો મેલજી
લાલ મણીનો લાલ હરી. મોરાર છંદ કથેલજી
લાલ અંબાલાલ ભજ, લવજીએ ગન પુંજેલજી

ધોસો.

લાલ શંકરના બાલ ગુણીયેલ
લક્ષ દઇ દીયો લાભ શુભ મેલ
લગન તમ ચરણોમાં લાગેલ
લાલ ગણપતી કરો રંગ રેલ
લાંબા "**ભગવાન**" ગુણો કરી પહેલ
લઇન "**ભગવાન**" સકલ શીખેલ.

લલ "**ભગવાનને**" રાખો લાલ, લાલ "**ભગવાને**" રચેલા ખ્યાલજી

ક. જવાબ શખી. બોધ. (૨)

સતયુગમાં સતવાદી હતા, કળયુગમાં તાયર રહી ગયા
ધરમી ગયા પાતાલમાં, અધરમી કાયર રહી ગયા
ગુણ જ્ઞાનની ખાણી ગઇ, અવગુણના ટાયર રહી ગયા
અભીમાનમાં માર્યા ગયા, એવા આ સાયર રહી ગયા
મણીરામ કહે કવી કઇ ગીના, અજ્ઞાની જાયર રહી ગયા
"**હરીકૃશ્ણ**" કહે મન મુર્ખ આ. મલીન માયર રહી ગયા

ધોસો.

ઠગાઇ કરે છે ઠગડોજી
થઇને આશક તગડોજી
કરે છે જુઠો ઝગડોજી
જાણતો નથી તે રગડોજી
રગડામાં જોશે વગડોજી

વગડામાં થાસે બગડોજી
ફરે વાંસે જમ ધગડોજી
ભણીલો ચોગરો છગરોજી

શખી પર શખા કહે "ભગવાન" સમજ શબ્દોના છે તીક્ષ્ણ બાણ

ક. જવાબ. સખી. ભેદી. (૩)

સ્વપનાનો સઘળો હાલ કહું, સાંભળ: પ્રીયા તુ પદમણી
સ્વપનામાં સુંદરી કહી ગઈ, જે રાત્રી રળીઆમણી
હતુ અર્ધ અંગ મચ્છા તણું, હતી અર્ધ અંગે બ્રાહમણી
માયા હતી મચ્છા હતી. શકિત ત્રીકાલ બીહામણી
વાઘ વાહીની હતી, પ્રબળા તે ખપ્પર જોગણી
ત્રીસુલથી સંહારતી; પ્યાસી હતી રકત તણી
મુકટ મણી શીશ શોભતી સાજે સજેલ સોહામણી
વરતાવ્યો જય ત્રી યુગમાં, ચીત્રાગંદે દઇત્ગો હણી
શાસ્ત્રોને વાંચી સાર લે, સમજીને ગા રંગ રાગણી
બીના છે મચ્છ અવતારની, સુણ સાર કર્મ અભાગણી
જે જે સવાલો તેં પુછ્યાં, તે જવાબો લે સઘળા ગણી
"ભગવાન" કહે એથી સરસ. ગાવો સભામાં લાવણી.

ધોસો

હતી મોહો માયા કળા ન્યારી
આદ્ય પુરૂષ તણીં પ્યારી
ભુમીનો ભાર સઉ ઉતારી
લીધા ભકતો જન ઉગારી
હતા વાહાલા જન હીતકારી
તેમની હુંડીઓ સ્વીકારી
જેણે ભકિત હીરદે........ધારી
મેળવી વૈકુંઠની....................બારી

કહે "ભગવાન" ગુરૂ ગમ ભેદ : સખીના મીશરા કીધા કેદજી

ક૦ જવાબ સખી ભેદી (૪)

૨૮ :સદ્ર નર હર ગુની, જો તુ કર્તા હુશીઆર છે
ચ તુરાઇથી દઉં જવાબ, સાંભલ જ્ઞાન ઘટ મોઝાર છે
ના દાંન ગુણ તન પાંચ જે, પંદર તીથીનો સાર છે

ર ટી લે ત્રણ દશ ત્રીસ દી, વળી માસ બીજા બાર છે
બ લે એક બે ને ચાર તે, દી સાત જે......નીરધાર છે
ગ ણી ચાર તન બે એકમાં, લવલીન કુલ સંસાર છે
વા ત પુછવી સહેલ છે, લખવી લેખણ... ..અંગાર છે
ન વ ખંડ દશ દીગપાળ, પંદર તીથી પુરણ વીસતાર છે
દા વ પેચને જાણવા, યુકતી, પ્રબલ......બલદાર છે
સ ત કહે "ભગવાન" ચોરાશીથી હું તે પાર છે

ધોસો.

તુ જવાબ તારા સ્વાલનો લે
રાજી થઇ બાલે બાલનો લે
વાંધો નહિ હવે કાલનો......લે
લાલ રંગતની ચાલનો..... લે

ભગવાને ખોલ્યા ત્હારા સઉ ભેદ; ભેદ ખોલીને કીધો તને કેદજી

ક. જવાબ. સખી બોઝ (૫)

જામ છે શ્રી રામ રસનું, પીઈ જા લઇ હરનામજી
નામ છે નીજ ભકતો જનના, કરવા વાળું કામજી
કામ છે જેહેને પ્રભુથી; તેની ધન ધન હામજી
હામ છે હંગામ તેહેનુ. સુર પુર ગુણ ગ્રામજી
ગ્રામ છે વીશ્રામ જેહેનું, મન રહે...આરામજી
રામ શ્રી હરદય વસે, "ભગવાન" ઠામો ઠામજી
ઠામ છે નીરમળ જેનું, અંતરનુ સાચુ ગામજી
ગામમાં તીરથ સકલ "ભગવાન" ચારો ધામજી

ધોસો.

છે ... ચંચળ ... સબળ ... માયા
છે જેના ... મુલ ... ઉંડા ... પાયા
છે .. જેની ... ઉષ્ણ ... શીતળ છાયા
છે છાયામાં ... સઉ ... સરજાયા
છે પીતા ... પ્રભુજી એ ... જાયા
છે સરજી ... કંચન સમ ... કાયા
છે ગંગા ... જ્ઞાન ... ગુણી ... નહાયા
છે જગમાં ... અમર ... કહેવાયા

"ભગવાન" સતગુરૂનો ચેલો છે,
ભજન ધુનમાં નીત ઘેલો છે જી.

ક. જવાબ સખી કળયુગની કળા વિષે.

થયું કળીનું રાજ, આજ સઉ કોઇ માહ્લાલેજી
આત્માને ન બુજે નરો, નીત્ય પથ્થરને પખાલેજી
વિધ્યા હીણુ નર નાર, થયા માયાને હવાલેજી
છુપાવ્યા વેદો ઉપચાર. ધર્મ પેઠું......પાતાલેજી
છાયુ' પાપનું પુર, ક્રુર દ્રષ્ટીએ.........ભાલેજી
માયાના સ્વાર્થી, અનીતી... જગમાં......ચાલેજી
મુલ ચૈતન્ય તજી, જડ ડાલીને.........ઝાલેજી
મણીરામ હરીદાસ, કહે ગુની કરો ખ્યાલેજી
અંતે ધર્મની જય, પાપને...પ્રભુ'...પ્રજા લેજી
મોરાર હરજી કહે, પડો નહી પાપને પાલેજી
કરો ગ્રહણુ સત સાર, પ્રભુ' સંકટને ટાલેજી
અંબાલાલ ભજ હરી, વાર યમદુતનો વાલેજી
કાલ પ્રબલ વિસાલ, વીકટ છે જેહેની જાલેજી
"ભગવાન" સખી પર સખી, લખી કવીયોને બાલેજી.

ધોસો

અમો આ સત્ય હાલનો છે
ભરોસો દીન દયાલનો છે
ધર્મ નેકીની ચાલનો છે
પ્યારો જે જગ ભુપાલનો છે
ગુણી પ્રેમી જે ખ્યાલનો છે
જ્ઞાન ગુણ વીધ્યા માલનો છે
બાગી "સેવક" હું ...... લાલનો છે
બાલના ખ્યાલ ... તાલનો છે
તલપી એક ત્હારા સ્વાલનો છે
ભુખ્યો પ્રેમના થાલનો છે
કવી તું કઇ એક ...સાલનો છે
તે યમદુતોની ... ફાલનો છે
સમય ભક્તિના કાલનો છે
જવાબી ચાલ હાલનો છે

કહે "ભગવાન" ગુરૂને ધન, કીધું છે કથીરમાંથી કંચનજી.

ક. આ. નો, જ. સખી (૭) ઉરદુ

પુરકતમે હું શામો સીહર, કુરબાં કીયા જાનો જીગર
મંજુર હયે મુજકો ચતર, પડુ ઇસ્મ જલ્લો જલાલહી
હબીબ મેરા સર બસર, નાતે નબી પ્યારા દીગર
અરકોંમે પાયા જલ્વેગર, ગોરૂબરૂ અજબ જમાલહી
વો હયે હમારા દાદગર, ઉલફત ઉસીસે તુંભી કર,
આ માલ બદકારીકુ ડર, નેકી વ કમાલ સમાલહી
હયે બીદ મેરી ઝબાંન પર, ગાતા હું મીઠી તાંન પર
વહેસી બના હું સાંન પર, સલ્લુ અલ્લે હે વ આલહી
મણીરામશે સુનલે જીકર, મીટ જાયગી તેરી ફીકર
"ભગવાન" કહે નઝમો નસર: નુંરે નબી વ કમાલહી

ધોસો.

દીલા દીદાંર ખરીદા હયે
દાદગર દીદમે દીદા હયે
દીમાંગ ધર તેરા સીધા હયે
દેખ રૂબરૂ પુરધીદા હયે
દુઇસે જીગર તપીદા હયે
દુબદુ બના દરીદા હયે
દાલદો અંગ ધડકતા હયે
દેખલે અંગ ખડકતા હયેજી
સુનો હમ બંમ્બઇ વાલે હયે; હમારે ઢંગ નીરાલે હયેજી.

ક. આ. નો. જ. સખી (૮)

બનકે વહેસી યારકા; કયો મારે મારે ઘુમતા
હયે નીહાં તેરે દીલા, કયો નહીં કદમકો ચુમતા
ફીકર દીલકા દુર કર; ગુલસનમે જાતું ઝુમતા
હો તેરા આખીર ભલા, મતબન દુઇસે દુમતા
મણીરામકી આંયાસે, છંદ ભગવાનને લાખે રકમ
બાદી હુવે સારે ફના, ભુલી વો માયા નુંમતા

ધોસા.

ગપોડી બાતે બનાતા હયે
આસકાં બનકે સુનાતા હયે

સનમકો ન તુંસ્સા પાતા હયે
ગુમરમે ધોકા ખાતા હયે
હોંસ પર કબ તું આતા હયે
સબબ ઈસકે સરમાતા હયે
નીહાં વો તેરે રૂબરુ હએ
દેખલે નુર દુબદું હએજી
ચાલ "ભગવાન" નીરાલી હએ, ઉદુકી સુરત કાલી હએજી

ક. જ. સખી (૯)

હયે અનોખા હુસ્ન બાલા, સુરત પ્યારી આપકી
હો ચુકા દીલસે તસ્સદુક. દેખી હયે યારી આપકી
ખુશ હુવા દીલ દેખકે, એ ઇન્તજારી ...... આપકી
અબતો જાના લગ ગલે, દેખી હુશીયારી આપકી
માશુકસે મણીરામકા ઝગડા, ભલા કયો કર બને
"ભગવાનશે આકે મીલો, જીસને સુધારી આપકી

ધોસો.

જાના દીલશે દીલ મીલાને દે
જરા જોબન કો ... હીલાને દે
જામ કોસરકા ... પીલાને દે
જીતે જી જાસે ... જીલાને દે
ઝીદ કરનેમે ભલા નહી હય
ઝીદગી અંમર સદા નહી હય
બનાતા હએ છંદ અંબાલાલ, કે જયસી ઝડતી હએ ટંકસાલજી

ક. જવાબ. સખી. (૧૦)

દીલ દીવાના હો ચુકા, જબસે તેરી દીદારકા
દીદારકે બદલે મીલા, હય, રાસ્તા ઉસ દારકા
દારપે ચડતે હી પાયા, દીદાર ઉસ ગફ્ફારકા
દીલ ઠીકાને આ ગયા, એક દમસે આશક યારકા
ડાલદો અંગ કય કહા, આશકને ધોંસા મારકા
દુબદુ ભગને લગા, દુશ્મન જનાના ગારકા
દેખલે મણીરામકા, બાંકા સુખન હરકોરકા,
દુર હો "ભગવાન" દુઇસે હયાં કામ નહી હય ખારકા,

ધોસો.

કરો કોઇ મુરશદ તુમ કામીલ
કટેગી બદકારી મુશ્કીલ
કાટના મુશ્કીલ હઇ મંઝીલ
કહો તું માન અરે આદીલ
કાફીયા સુનતી હઇ માહફીલ
કહો કુચ્છ સખ્ત ઘેરો આફીલ
કરીમા ખબર મેરી લીજો
કદમ બોસીમે તેરી લીજોજી
અખાડા હય રંગ લાલોકા, બજે ચંગ તુરરૈ વાલોકાજી.

ક. જવાબ. સખી. (૧૧)

રૌશન કીયા બાગે ચમન, ગુંચ્છે ખીલે ગુલાબકે
બુલ બુલ ચહકને લગ ગઇ, બેહોશ ભીતર ખ્વાબકે
કીસ તરહે પાવે ભલા દીદાર, જહને બાબકે
હોંસ તો રખતી નહીં, સોતે પડી દીલ દાબકે
હો ચુકે રૌશન સીતારે, શેપસે માહાતાબકે
હુઇ બેહી હયૈ ચમક કે, લીયે રૂખ નાયાબકે
મુશ્કીલ હય મીલના અબ તુજે, ચાલો ચલન કીસાબકે
જવાબી છંદ "ભગવાનને" ગાયે સખ્ત જુલાબકે.

ધોસા.

ભજનમે સદા મગન હું મય
સુનાતા અલકે રૂકન હું મય
રખ્ખા એક બડા જહન હું મય
ગાતા અલબેલા સુખન હું મય
ખ્યાલ ગાતા હય અંબાલાલ લાલ મોતીસે ઝડી ટંકશાલજી

ક. જવાબ. સખી. (૧૨)

આજ હંગામમે અલી, મેરી મદદ પર હો ગયા
ગૈબી સારે દુશમનો પે, સ્વાર અકસર હો ગયા
સાયાં અપને મહેરબાંકા, જીસકે સરપર હો ગયા
વો એસી દુનીયામે બડકે, નેક અકસર હો ગયા

ક્યા તેરેસે વસ્ફ હય અબતો દીખા કરકે કમાલ
મત કરે હાંસી જહાંમે, મુફ્ત કાયર હો ગયા
આજ અંબાલાલસે છંદ ગાકે તું પસતાયગા
સામને ભગવાનકે આપી સે શશદર હો ગયા.

ધોસો.

દીદે તર કાતીલ બીદા હુ
ખાશ: મુરશીદકા મુરીદા હુ
મસ્તમય શેખ ફરીદા હુ
માની મતલબકા દસીદા હુ
ગાવે "ભગવાન" તુરરેવાલા, ખ્યાલ તેરા અબ કતર ડાલાજી

ક. જવાબ સખી (૧૩)

હસકે બોલો જાનાં હમસે, નહીતો ચોલી ફાડદું
મસકુંગા અબ જોબન તુમારા; સુરતહી શીકલ બીગાડદુ
કુચ્ચ યે મયલેકો તેરે, શીરી સુંખનસે ઝાડદું
સાફ કરદુ દીલ તેરા, ગુમરકી જડ ઉખાડદુ
માનજા મેરી પરી, દીલસે મીલાલે દીલ અભી
"ભગવાનકે" ચુમો કદમ, નહીતો સનમ ઉજાડદુ

ધોસા.

દસ્તસે દસ્ત મીલાઉંગા
સલામી સાથ ઉઠાઉંગા
પકડ કે નીચું લાઉંગા
સવારી કસકે બીડાઉંગા
માર કુસ્તી દીખલાઉંગા
ફતા દંગલમે પાઉંગા
જનાના ઈશ્ક ભુલાવા હયે, ફસા ફંદમે રૂલાવા હયજી.

ક. જવાબ. સખી (૧૪)

ફુરકતે ગમમે સનમકે, કુચ્છભી તો આદાબહો
રોજે માહાશરકો વહાં, હીસાબીસે હીસાબહો
કામ આવેગા નહી, જો પાસ કુચ્છ અસબાબહો
જહાંકે તહાં રહેજાયગા, ઉસ બોજસે આજાબ હો

બંદગી મત ભુલ બંદે. દુર દીસશે ખ્વાબ હો
દાવ તેરા જબ ચલે, સરપેવો આલી જનાબ હો,
અરકમે રોશન હમેશા, આમ માહેતાબ હો
માન કહેના "ભગવાન"કા અયશા કોઇ જવાબ હો

ઘોસા.

આલે નબી હયે વો પયગમ્બર
આખીરશ ઉમ્મતકા અફસર
આનકે ચુમ કદમ અકસર
આલે મુલ ગઇબ હય વો પરવર
અદબ કરતે હયે અલી હઇદર
આન મુષ્કીલકો ટાલે રહેબર,
મેરા ઉસ્તાદ બડા સાયર, બનાયા મુજકો જીને લાયરજી

ક. જવાબ સખી (૧૫)

નાતે નબી આલે પયમ્બર, જલ્વેનુમાં રોશન ખુદા
નુર નુંરાની નુમાયદ, બર કરારમ બર ઝબાં
નાંઝ નખરા બર કયામત, દાસ્તાં ખુદ બાગબાં
નઝમ મીસરા બર ઝબાં, મુશકીલ કુષાયદ મુસ્તફાં.

ઘોસા.

લુત્ફે એ સખુન બર કરારમ
અજ્જાણુન અજાબ ગુન્હેગારમ
રસુલે પાક કીર્દ ગારમ
રોસની નઝર ગો દીદારમ
રીવાયત "ભગવાન" હય શાયર
ગુફતગુ સુનીંદ ખુદકા ડરજી.

જાહેર ખબર આપનારાઓને અગત્યની સુચના.

ઓમ તુરર્રા ના ખ્યાલોનું પુસ્તક ભાગ પહેલાની એક હજાર નકલ હાલ તુરતને માટે છપાવી બહાર પાડી છે તે ખપી જતાં તેની બીજી આવૃતિ પણ બહાર પડશે. ભાગ બીજો પણ ચઇત્ર શુદી પુનમ પછી બહાર પડશે તો તે દરમ્યાન જે કોઇ વેપારીને પોતાના ધંધા રોજગારને માંટે જાહેર ખબર આપવી હોય તેણે ચઇત્ર શુદી પુનમ પહેલા બ્લોકો તથા જાહેર ખબરનું મેટર અમારા ઉપર મોકલી આપવું, જેથી હમો ચાલુ છપાતા બીજા ભાગમાં જાહેર ખબર દાખલ કરી શકીયે.

જાહેર ખબરના ભાવ.

૩ મી આઠ પેઇજી, એક પેઇજના	રૂ. ૧૦.
અડધો પેઇજ........................	રૂા ૬.

ઠેકાણું— રાણા ભગવાનદાસ ઇશ્વરદાસ.
તુરર્રાવાલા
ધી, મધુકર પ્રિન્ટીંગ પ્રેસમાં.
ભુલેશ્વર, પહેલો ભોયવાડો. મુંબઇ ૨.

ઓમ તુરરાં.

આ સુબોધ તુર્રાના ખ્યાલોનું પુસ્તક

ભાગ પહેલો

નીચે લખેલા ઠેકાણાઓથી મળશે

મુંબઈ પાયધુની—ગાંધી ચુનીલાલ ગોપાલજીના દુકાનેથી મળશે.

મુંબઇ—પ્રીન્સેસ ડોક ઘડીયાલવાળા દરવાજા સામે કસ્ટમના છાપરામાં દલાલ નંબર (૮૭) અંબાલાલ વીરજી ને ત્યાંથી મળશે.

મુંબઈ—અબદુલ રહેમાન સ્ટ્રીટ બંગડી બજાર, સુતાર ચાલ સામે, રાણા લખુ નાગરના ઘરમાં પહેલે માળે. **રાણા ભગવાનદાસ કથીરદાસ તુર્રાવાલા** પાસેથી મળશે.

સુરત—કંસારા ભુરાભાઈ લાલચંદ—ઠેકાણું હરીપુરા, તલકીયા હનુમાનના મંદીર સામે.

સુરત—**રાણા સુખલાલ ખુસાલદાસ પાલીશવાલા** ઠેકાણું સહયદપુરાની વાયદા સેરી નવી ચાલીમાં દાઈ શેઠના દવાખાનાની બાજુમાં પહેલે માળે મળશે.

અમદાવાદ—**રાણા હીરાલાલ રણછોડદાસ** ઠેકાણું દાણા પીઠની ગોલવાડમાં.

ધોળકા—**રાણા ચુનીલાલ રણછોડદાસ** ઠેકાણું સોની વાડામાં જીલ્લો અમદાવાદ.